Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૦૬
તા.૧૦-૦૨-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ મહા વદ - ૧૦
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૭:૧૮ સૂર્યાસ્ત : ૦૬:૩૧

તાપમાન

ડીસા	૧૧.૧	વડોદરા	૧૪.૮
અમદાવાદ	૦૯.૮	સુરત	૧૯.૦
ગાંધીનગર	૦૯.૦	નલિયા	૧૧.૪

ચાંદી : ૩૯,૭૦૦ સોનું : ૩૧,૦૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક
રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૭૩ વર્ષ...

શેરબજાર માંદગીના ખાટલે : રોકાણકારોમાં ધ્રુજારો

વિચાર વૈભવ...

કલાનો પ્રદીપ

લગભગ અરધી સદી સુધી શાંતિનિકેતનમાંથી ભારતીય કલાનો પ્રદીપ જ્વલંત રાખીને નંદલાલ બસુએ હજારો તરૂણોને ભારતીય કલા - સંસ્કૃતિની પ્રેરણા આપી હતી અને દેશપરદેશમાં ભારતીય કલાની નવીન ચેતના પ્રગટાવી હતી. ૧૯૧૮ માં વિશ્વભારતીની સ્થાપના થઈ અને બીજે જ વરસે ગુરૂદેવ રવીન્દ્રનાથે નંદબાબુને કલાભવનના આચાર્ય તરીકે સ્થાપ્યા, ત્યારથી તેઓ આજીવન આશ્રમવાસી બની ગયા. તેમને માટે અનેક સ્થળોએથી મોટા વેતનનાં સ્થાનની દરખાસ્તો આવતી, અને કલાભવનમાંથી બહાર પડેલા તેમના વિદ્યાર્થીઓ ભારતની અનેક કલા સંસ્થાઓમાં અધ્યક્ષ તરીકે નિમાઈ ચૂકયા હતા. પણ તેમણે પોતે સ્વસ્થાનનો કદી ત્યાગ કર્યો નહીં. તેમણે પાંચસો જેટલા પૂર્ણચિત્રો કરેલાં છે. તે પૈકી કેટલાંય જગપ્રસિદ્ધ છે.

મહાત્મા ગાંધીનો તેમને માટે પૂર્ણ આદર હતો. તેથી ફૈઝપુર, લખનૌ, હરિપુરા વગેરે સ્થળોએ મહાસભાનાં ખુલ્લાં અધિવેશનો વેળા મંડપોની શોભા માટે નંદબાબુને પ્રથમ આમંત્રણ મોકલાતું. કલાની બાબતમાં તેમનો અભિપ્રાય ગાંધીજી પણ માન્ય રાખતા, તેનું એક દ્દષ્ટાંત મશહૂર છે. જગન્નાથપુરી અને કોણાર્કનાં મંદિરો પર કામુક વ્યવહાર વાળી અમુક શિલ્પકૃતિઓ છે. તેને અશ્લીલ ગણીને કેટલાક લોકોએ તેને પુરાવી દેવાની માંગણી કરેલી. પરંતુ ગાંધીજીએ કહ્યું કે આ બાબતમાં નંદબાબુના અભિપ્રાય મુજબ ચાલવું. નંદબાબુએ મત દર્શાવ્યો કે, જેમણે આ શિલ્પો કર્યાં હશે તેમનું દ્દષ્ટિબિંદુ આપણે જાણતા નથી. અને કલાકૃતિઓ તરીકે તો એ શિલ્પો શ્રેષ્ઠ ઠરેલાં છે. માટે તેનો નાશ કરાય નહીં.

- રવિશંકર મ. રાવળ

સાર સમાચાર...

ટ્રમ્પ-મોદી વચ્ચે ફોન પર લાંબી ચર્ચા : માલદીવનો મુદ્દો છવાયો

નવી દિલ્હી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ફોન પર લાંબી વાતચીત થઈ હોવાના હેવાલ મળ્યા છે. બન્ને નેતાઓએ ફોન પર જુદા જુદા વિષય પર વાતચીત કરી હતી. વાતચીતમાં માલદીવ અને ઉત્તર કોરિયાનો મુદ્દો પણ છવાયો હતો. વ્હાઈટ હાઉસ દ્વારા વાતચીતના સંબંધમાં માહિતી આપી છે. બન્ને નેતાઓએ અફઘાનિસ્તાનમાં હાલમાં પ્રવર્તી રહેલી સ્થિતી, હિન્દ પ્રશાંત ક્ષેત્રમાં સુરક્ષાના મામલે પણ વાતચીત થઈ હતી. આ વર્ષે ટ્રમ્પ અને મોદી વચ્ચે થયેલી આઈ પ્રથમ વાતચીતને ખુબ ઉપયોગી ગણવામાં આવે છે. વ્હાઈટ હાઉસે કહ્યુ છે કે બન્ને નેતાઓએ માલદીવ સંકટ પર પણ ચર્ચા કરી હતી. લોકશાહી સંસ્થાઓ તેમજ વિધીના શાસનના સન્માન કરવા માટેની વાત થઈ હતી.

પરિવાર
ઓર્થોપેડીક હોસ્પિટલ - ડીસા
ડૉ.રમેશ આઈ.પટેલ (ચૌધરી)
ડીસા, મો.૯૦૩૩૯૨૫૪૪૦

સેંસેક્સ ૪૦૭ પોઈન્ટ ઘટ્યો : શેરબજાર ખુલતા જ મિનિટોના ગાળામાં રોકાણકારોનાં ૨.૨૪ લાખ કરોડ ડુબ્યા

મુંબઇ

શેરબજાર આજે અમેરિકી બજારમાં આવેલા ચાર ટકાના ઘટાડા વચ્ચે ફરી એકવાર ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. સવારે ઘટાડા સાથે ખુલ્યા બાદ છેલ્લે સુધી શેરબજારમાં અફડાતફડી રહી હતી. અલબત્ત સત્રના છેલ્લા કલાકોમાં આંશિક સુધારો થયો હતો. આજે કારોબારના અંતે સેંસેક્સ ૪૦૭ પોઈન્ટ ઘટીને ૩૪૦૦૬ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૧૨૧ પોઈન્ટ ઘટીને ૧૦૪૫૪ની સપાટીએ રહ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ નજીવો ઘટાડો રહ્યો હતો. નિફ્ટી ૫૦ પેક પર યશ બેંક, ટેક મહિન્દ્રાના શેરમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. ભારતીય સ્ટેટ બેંક, ઈન્ફોસીસ, એચડીએફસી, ઈન્ડિયા બુલ્સ, ભારતીય ઈન્ફ્રા ટેલના શેરમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. બીજી તરફ એચસીએલ ટેક અને સિપ્લાના શેરમાં બે ટકાથી વધુનો ઘટાડો રહ્યો હતો. જુદા જુદા સેક્ટરોમાં અફડાતફડી રહી હતી. નિફ્ટી પ્રાઈવેટ બેંક ઈન્ડેક્સમાં સૌથી વધારે અસર રહી હતી. કુલ ૧૪ શેર પોતાના બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા જેમાં ધનલક્ષ્મી બેંક, ગ્લેનમાર્ક ફાર્મા, મેક્સ ઈન્ડિયાનો સમાવેશ થાય છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સમાં ૧૨ શેરમાં તેજી અને ૩૮ શેરમાં મંદી રહી હતી જ્યારે બીએસઈમાં ૧૪૨૮ શેરમાં મજબૂતિ અને ૧૩૪૮ શેરમાં નબળાઈ જોવા મળી હતી. હાલમાં સાતમી ફેબ્રુઆરીના દિવસે આરબીઆઈની નાણાંકીય નીતિ સમીક્ષાના પરિણામ અને નિર્ણયની જાહેરાત કરવામાં આવ હતી. જેમાં ધારણા પ્રમાણે જ ટૂંકાગાળાના ધિરાણદર અથવા તો રેપોરેટને યથાવત ૬ ટકા જાળવી રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં મોનિટરી પોલિસી કમિટિએ રિવર્સ રેપોરેટ,બેંક રેટ, સીઆરઆરને યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો. એમએસએફ અને બેંક રેટ પણ ૬.૨૫ ટકાના દરે યથાવત રાખવામાં આવ્યો હતો. મોંઘવારી વધવાના છ કારણ પણ દર્શાવવામાં આવ્યા હતા. તમામ ચાવીરુપ રેટ યથાવત રાખવામાં આવ્યા હતા. બજેટમાં ગ્રામિણ ક્ષેત્ર માટે લેવામાં આવેલા પગલા અને ફાળવણી સારા સંકેત હોવાની વાત આમા કરવામાં આવી હતી.

સાંસદો લોકકલ્યાણની યોજના લોકો સુધી પહોંચાડે : મોદી

ભાજપ સંસદીય બેઠકમાં મોદીએ સાંસદોને માર્ગદર્શન આપ્યું

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ચૂંટણીમાં જીતવા માટેની ફોર્મ્યુલા ભાજપના સાંસદો સમક્ષ રજૂ કરી હતી. વડાપ્રધાને તમામ સાંસદોને બજેટ ૨૦૧૮માં જાહેર કરવામાં આવેલી તમામ કલ્યાણની યોજનાઓને જનસમુહ સુધી લઈ જવા સૂચન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે, જો સાંસદો જનસમુહ સુધી તમામ યોજનાઓને સફળરીતે રજૂ કરશે તો તેમને સફળતા મળશે. આ યોજનાઓને રજૂ કરવાથી પાર્ટીને ચૂંટણીમાં જીત મળશે. બેઠકમાં ઉપસ્થિત રહેલા નેતાઓ સાથે વાતચીત દરમિયાન તેમણે આ મુજબની વાત કરી હતી. નેતાઓએ કહ્યું હતું કે, ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં વડાપ્રધાને જીતની ફોર્મયુલા રજૂ કરી હતી. તેમણે કહ્યું હતું કે, સાંસદોની સફળતા પાર્ટીના દેખાવ ભાજપ સંસદીય બેઠકમાં મોદીએ સાંસદોને માર્ગદર્શન આપ્યું સાથે સંબંધિત છે. પાર્ટી પ્રમુખ અમિત શાહ પણ બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા અને કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી ઉપર પ્રહારો કર્યા હતા. બુધવારના દિવસે લોકસભામાં તેમના ભાષણ દરમિયાન વડાપ્રધાન દ્વારા નિવેદન વેળા પાર્ટીના સભ્યોના વર્તનને લઈને રાહુલ ગાંધીએ કોઈ ટિપ્પણી કરી ન હતી. મોદીએ કેન્દ્રીય બજેટ અંગે વિસ્તારપૂર્વક રજૂઆત કરી હતી અને કહ્યું હતું કે, આ બજેટમાં ખેડૂતો અને ગરીબો માટે ખાસ ધ્યાન આપવામાં આવ્યું છે. ૧૦ કરોડ પરિવાર માટે આરોગ્ય વિમાની મહાકાય સ્કીમ જાહેર કરવામાં આવી છે. પત્રકારો સાથે વાતચીત કરતા સંસદીય બાબતોના પ્રધાન અનંતકુમારે કહ્યું હતું કે, વડાપ્રધાને જુદી જુદી રજૂઆત કરીને સાંસદોને માર્ગદર્શન આપ્યું હતું.

ભાભરમાં વેપારીને માર મારીને સોનાની ચેન અને રોકડ લૂંટી લેતાં ચકચાર

એન.સી.પી.ના પ્રદેશ અગ્રણી સહિત દશ સામે ફરીયાદ

તા.પ્રતિ. ભાભર

ભાભર પોલીસ મથકે એન.સી.પી.ના પ્રદેશ અગ્રણી સહિત દશ ઈસમો સામે મારામારી અને ધાડની એક વેપારીએ ફરીયાદ આપતા ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગત મુજબ ફરીયાદી વેપારી હીતેશકુમાર મણીલાલ ઠક્કર રહે.ભાભરવાળા તા.૯/૨/૨૦૧૮ ની તેમના ઘરેથી નીકળી અયોધ્યા નગરની સોસાયટીના દરવાજાના રોડ પાસે પોતાની દુકાને જવા નીકળ્યા હતા. તે સમય દરમિયાન આરોપીઓ ચંદુભાઈ તેજારામ ઠક્કર (એન.સી.પી. પ્રદેશ અગ્રણી) અને હિતેશભાઈને તેમની સાથેના નવ અજાણ્યા ઈસમોએ બપોરે રોકીને કહેલ કે જમીનનો તારો કેસ કોર્ટ માંથી પાછો ખેંચી લે તેવું કહીને આરોપીઓએ મારા મારી કરીને ધોકા, ટોમી વડે માર મારીને ડાબા પગમાં ફેક્ચર જેવી ગંભીર ઈજાઓ પહોંચાડીને તેમના ગળામાંથી પહેરેલ સોનાની ચેન ૧૫ ગ્રામની રૂા.૪૦,૦૦૦/- અને મોબાઈલ કિ.રૂા.૧૦,૦૦૦/- અને રોકડ રૂા.૩૮૦૦ મળી કુલ રૂા.૫૩૮૦૦ ની લુંટ કરી ફરાર થઈ ગયા હતા. ભાભર પોલીસ મથકે હિતેશભાઈની હકિકત મુજબ આરોપીઓ સામે આઈપીસી કલમ ૩૨૩, ૩૨૫, ૩૯૫, ૫૦૬ (૨) અને જી.પી.એ. કલમ ૧૩૫ મુજબ ચંદુભાઈ તેજારામ ઠક્કર સહિત ૯ ઈસમો સામે ગુનો નોંધાયો છે.

પાલનપુરમાં અનુ.જાતિ કલ્યાણ કચેરીના કલાર્ક લાંચ લેતા ઝડપાયા

શિષ્યવૃતિના ચેકમાં નામ સુધારવા માટે રૂ.૫૦૦ની લાંચ માંગી હતી

સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર સ્થિત અનુસૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામકની કચેરીનો કલાર્ક રૂપિયા ૫૦૦ની લાંચ લેતા ઝડપાઈ ગયો હતો. શિષ્યવૃતિના ચેકમાં નામ સુધારવા માટે તેણે લાંચની માંગણી કરી હોવાનું એ.સી.બી. ના સૂત્રોએ જણાવ્યું હતું. પાલનપુર ખાતે આવેલી અનુ સૂચિત જાતિ કલ્યાણ નાયબ નિયામકની કચેરીમાં એક વાલીના પુત્રની શિષ્યવૃતિનો રૂપિયા ૧૫૦૦૦ નો ચેક આવ્યો હતો. જોકે, તેમાં નામનો સુધારો કરવાનો હોવાથી તેઓ કચેરીમાં ગયા હતા. જ્યાં કલાર્ક પરિમલ દેસાઈનો સંપર્ક કરતા તેઓએ રૂપિયા ૫૦૦ની લાંચની માંગણી કરી હતી. આથી વાલીએ આ અંગે બનાસકાંઠા એસીબી કચેરી પાલનપુર ખાતે ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે એસીબી પીઆઈ કે. જે. પટેલે સ્ટાફ સાથે ટ્રેપ ગોઠવી હતી. દરમિયાન કલાર્ક પરિમલ દેસાઈને લાંચના રૂપિયા ૫૦૦ સ્વિકારતી વખતે રંગે હાથ ઝડપી લેવામાં આવ્યો હતો. અને તેની સામે ગૂનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. એસીબીની આ કાર્યવાહીના પગલે લાંચિયા અધિકારી-કર્મચારીઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો.

જોઈએ છે

બનાસકાંઠાની પ્રાઈવેટ લીમીટેડ કંપની માટે નીચે મુજબના સ્ટાફની જરૂરીયાત છે

મેનેજર - ૧
લાયકાત – બી.કોમ./બી.એ. અથવા કોઈપણ સંસ્થામાં મેનેજમેન્ટના અનુભવી તેમજ જૈન ઉમેદવારની પ્રથમ પસંદગી

માર્કેટીંગ એક્ઝ્યુકેટીવ
લાયકાત – એમ.બી.એ. અથવા માર્કેટીંગના અનુભવી તેમજ જૈન ઉમેદવારની પ્રથમ પસંદગી

કોમ્પ્યુટર ઓપરેટર
લાયકાત – કોમ્પ્યુટરનું પ્રાથમિક જ્ઞાન / ઈમેલ – ફેસબુક – ટ્વીટર વગેરેનું જ્ઞાન જરૂરી

ઉપરોક્ત જગ્યાઓ માટે જૈન યુવક / યુવતિ કોઈપણ અરજી કરી શકશે.
આજે જ તમારો બાયોડેટા મેઈલ કરો.
જા x ખ. બોક્સ - ૧૦૮ પો.બો.નં.૧, ડીસા
Email - rajvir369@gmail.com

કોંગ્રેસના બે મેન્ડેટના મુદે...

વાવની ખીમાણાવાસ તા.પં.સીટનો મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળ પણ શકના દાયરામાં

વિષ્ણુ પરમાર

તા.પ્રતિ વાવ

ગત તા.૯/૨/૨૦૧૮ ના રોજ ચુંટણી ફોર્મ ચકાસણીના દિવસે વાવ તાલુકા પંચાયતની અતિમહત્વની ગણાતી ખીમાણાવાસ - ૧૩ તા.પં.સીટ ઉપર પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળે બે ઉમેદવારોને કોંગ્રેસનું મેન્ડેટ ફાળવતા તા.પંચાયત કચેરી ખાતે ભારે રાજકીય ગરમાવો આવી ગયો હતો. જો કે પરથીભાઈ વર્ધસિંહ રાજપુતનું મેન્ડેટ માન્ય રખાયું હતું. જ્યારે આંબાજી સુજાજી ગોહીલનું મેન્ડેટ અમાન્ય રહેતા તેઓ હાઈકોર્ટમાં પહોંચ્યા હતા.

આ બાબતે અમારા વાવ ખાતેના પત્રકારે ચુંટણી અધિકારી બી.ડી.સોલકીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું હતું કે ખીમાણાવાસ તા.પં.સીટ ઉપર ખીમાણાવાસ, ચાંદરવા, રીલૂચી ૩ ગામોનો સમાવેશ થાય છે તે બેઠક ઉપર ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળ દ્વારા બે ઉમેદવારોને મેન્ડેટ ફાળવાયા હતા. જેમાં ચૂંટણી અધિકારી તરીકેમે ચકાસણી કરી નિતિ - નિયમોને જાણી પરથીભાઈ વર્ધસિંહજી રાજપુત (રહે.ચાંદરવા)નું કોંગ્રેસનું મેન્ડેટ માન્ય રખાયું છે. જ્યારે આંબાજી સુજાજી ગોહીલ (રહે. ખીમાણાપાદર) વાળાનું મેન્ડેટ અમાન્ય રહ્યું છે.

જે બાબતે અમાન્ય મેન્ડેટ ધરાવનાર આંબાજી ગોહીલે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે મને ગુ.પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળના જવાબદાર પદાધિકારી દ્વારા મેન્ડેટ ફાળવાયું છે છતાં મારું મેન્ડેટ અમાન્ય રહેતા હું હોઈકોર્ટના દ્વાર ખખડાવીશ વકીલની સલાહ લઈ અમદાવાદ હાઈકોર્ટમાં ન્યાયની દાદ માટે અરજી કરીશ.

જ્યારે કોંગ્રેસના મેન્ડેટની માન્યતા મેળવનાર પરથીભાઈ વી.રાજપુતે મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે ગુ.પ્રદેશ કોંગ્રેસ સંગઠન તેમજ અગ્રણીઓએ મને મેન્ડેટ ફાળવ્યું હતું જે જવાબદાર ચૂંટણી

અનુસંધાન પાના નં.૬

વડગામ તાલુકા પંચાયતની બે બેઠકો ભાજપના ફાળે ગઇ

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ચૂંટણીમાં ૧૮૦ ફોર્મ રદ થયા

જિલ્લા કોંગ્રેસ પ્રમુખના દોઢ ડહાપણના કારણે કોંગ્રસે બે બેઠકો ગુમાવી

બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતિ
મહાત્મા ગાંધી ભવન
સંજય જોષી

પાલનપુર

સરહદી બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીમાં જિલ્લા કૉંગ્રેસ પ્રમુખના દોઢ ડહાપણના કારણે ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસને નુકશાન ભોગવવાનો વારો આવ્યો છે. જેમાં વડગામ તાલુકા કોંગ્રેસે પણ ભાગ ભજવતાં ઉમેદવારી ફોર્મની ચકાસણી દરમિયાન વડગામ તાલુકા પંચાયતની બે બેઠકો પણ મેન્ડેટમાં થયેલી ક્ષતિને કારણે બિનહરીફ થતાં ભાજપના ફાળે ગઈ હતી. બનાસકાંઠા જિલ્લા પંચાયત અને ૧૪ તાલુકા પંચાયતની ચૂંટણીને પગલે રાજકીય વાતાવરણ ગરમાયું છે. બનાસકાંઠા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જાકીર ચૌહાણના દોઢ ડહાપણ તેમજ નાણાંની લેતીદેતીને લઈને આપેલી ટિકીટોનો મુદ્દો ચુંટણીના મતદાન પહેલા જ કોંગ્રેસ માટે આત્મઘાતી પુરવાર થઈ રહ્યો છે. કોંગ્રેસના કાર્યકરોમાં ચર્ચાની એરણે ચડેલી વિગતો મુજબ, જિલ્લા કૉંગ્રેસ પ્રમુખ જાકીર ચૌહાણે પોતાનો અંગત સ્વાર્થ સાધવા માટે નાણાં લઈને ટિકીટો ની લ્હાણી કરી હોવાની રાડ ઉઠી છે. જેમાં એક સીટ પર બે- બે ઉમેદવારોને મેન્ડેટ આપવામાં આવ્યા હતા. તેમનું આ ડહાપણ હવે કોગ્રેસને ભારે પડવાનું છે. જેમાં વડગામ તાલુકા કોંગ્રેસ પ્રમુખે પણ એટલો જ ભાગ ભજવ્યો હોવાની ચર્ચાઓએ વેગ પકડ્યો છે. ત્યારે ફોર્મ ચકાસણી દરમિયાન વડગામ તાલુકા પંચાયતની બે બેઠકો ઉપર કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ જ રદ થતાં આ બેઠકો બિનહરિફ થઈ હતી. આ અંગે સુત્રોએ જણાવ્યું હતુ કે, વડગામ તાલુકા પંચાયતની ચૂંટણી કુલ બેઠકો ૨૮ છે જેમાં ચૂંટણી પહેલા ભાજપનો ૨ સીટો ઉપર વિજય થયો છે. જેમાંથી ભાજપ ની ૧૩-મગરવાડા સીટ પર કેશીબેન કેશરભાઈ પટેલ અને ૨૭ - શેરપુરા(મજાદર) સીટ ઉપર ભીખાજી ઠાકોર બિનહરીફ થયા છે. તો કોંગ્રેસે વડગામ અને બાવલચુડી પર કોઈ ઉમેદવારને મેન્ડેડ જ આપ્યું નથી. દરમિયાન વડગામ તાલુકા પંચાયતની ચૂંટણીમાં શુક્રવારે ફોર્મ ચકાસણીના દિવસે ૭૭ ફોર્મ માન્ય રાખવામાં આવ્યા હતા અને ૮૩ ફોર્મ અમાન્ય રાખવામાં આવ્યા હતા.

જિલ્લા પંચાયતમાં ૧૮૦ ઉમેદવારીપત્રો રદ થયા

બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો માટે નોંધાયેલા કુલ ૩૬૬ ઉમેદવારો પૈકી ૧૮૦ ઉમેદવારીપત્રો રદ થયા હતા. હવે ૧૮૬ ઉમેદવારો મેદાનમાં છે. જોકે, આજે ફોર્મ પરત ખેંચવાના દિવસે ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

સૂર્યોદય - ૭.૧૮ સૂર્યાસ્ત - ૬.૩૧

તિથિદર્શન

મહા વદ-૧૦ શનિવાર ૨૦૭૪



વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ મહા વદ :દશમ શનિવાર નક્ષત્ર: જયેષ્ઠા રાત્રે ૭.૫૨ પછી મુળ યોગ : વ્યાઘાત કરણ :બવ આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) રાત્રે ૨.૫૨ પછી ધન (ભ.ફ.ધ.)અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

ચિંતન

- સુરેશ પ્રા.ભટ્ટ

નિર્વાણ દીપે કિમ તૈલ દાનમ્
ચૌરે ગતે વા કિમ સાવધાનમ્
પયોગત કિં ખલુ સેતુ બંધઃ

દીવો રાજ થઈ જાય, ઓલવાઈ જાય, પછી એમાં તેલ પૂરવાનો શું અર્થ? ચોરના ચોરી કરી ચાલ્યા પછી સાવધાની રાખવાનો શું અર્થ? ઉંમરે વયોવૃદ્ધ થઈ ગયા પછી સ્ત્રી- સુખની પ્રાપ્તિનો શું અર્થ? પાણી વહી ગયા પછી બંધ બાંધવાનો શું અર્થ? કોઈ પણ કામ સમયસર થાય તો જ તેનું મહત્વ છે. આતંકવાદી હુમલા થાય ત્યારે પહેલેથી 'ગુપ્ત' સૂચના મળી જતી હોય છે પણ 'સરકાર'ને પોતાના તંત્ર પર જ પૂરતો ભરોસો નથી હોતો તેથી લેવાં જોઈએ એવાં તકેદારીનાં પગલાં લેવાતાં નથી. હુમલા પછી મોટી જાનહાનિ પછી 'એલર્ટ' આપવામાં આવે, એય અઠવાડિયું ટકે! એનો શું અર્થ? આપણે અનિયમિત જીવત જીવીએ, ઉજાગરા અને જંક ફૂડનું પેટને જંક્શન બનાવીએ છીએ, ડેન્ગ્યુ-ફેંગ્યુ ફટકારે ત્યારે પછી 'કસરત' કરવાનો ઉત્સાહ જાગે એનો શું અર્થ? માણસ જીવંત હોય, દર્દી- પેન્શનર- કામદાર જ્યારે એને જરૂર હોય ત્યારે 'નાણાકીય સહાય' મળે નહીં પણ એના મૃત્યુ પછી આપણે 'સહાય' નો વરસાદ વરસાવીએ છીએ. એનો શું અર્થ? અહીં ઓલવાઈ જતા દીવામાં તેલ, ચોરી થયા પછી પોલીસની તકેદારી, અને વયોવૃદ્ધ થયા પછી સાચવવાની ચિંતામાં શું અર્થ? આ બધું તૂટ્યા પછીના 'સંત સરોવર' જ છે, બીજું શું?!

આપની આજ

- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

મેષ : (અ.લ.ઈ.) વ્યર્થ દોડાદોડી રહે. આરોગ્ય બાબતે સાવચેતી હિતાવહ.
વૃષભ : (બ.વ.ઉ.)ભાગીદાર સાથે મતભેદ સર્જાય. મુંઝવણમાંથી માર્ગ મળે.
મિથુન : (ક.છ.ઘ.)નિર્ણયશક્તિ નબળી બની જાય. મનમાં મૂંઝવણ અનુભવાય.
કર્ક : (ડ.હ.) આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. અપયશના ભોગ બનવું પડે.
સિંહ : (મ.ટ.)આયોજન સફળતા પૂર્વક પાર પાડી શકાય. કાર્યક્ષેત્રનો વિકાસ થાય.
કન્યા : (પ.ઠ.ણ.)રોકાયેલા નાણાં છૂટા થાય. ધીરજના ફળ મીઠા.
તુલા : (ર.ત.) જીવનસાથીથી મતભેદ રહે. સામાજિક કાર્યોમાં સિધ્ધિ મળે.
વૃશ્ચિક : (ન.ય.)અપયશના ભોગ બનવું પડે. વાદ-વિવાદ ટાળવો હિતાવહ.
ધન : (ભ.ફ.ધ.) કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અણધારી સફળતા મળે. કાર્યની યોગ્ય કદર થાય.
મકર : (ખ.જ.) નવિન સમાચાર મળે. ઉત્સાહ-ઉમંગનો અનુભવ થાય.
કુંભ : (ગ.શ.સ.) મનની મુરાદ બર આવે. સાહસિક કાર્યમાં સફળતા મળે.
મીન : (દ.ચ.જ.થ.)નવિન સાહસ ન કરવું. જીવનસાથીથી સ્નેહ રહે.

આજનો દિન મહાન

- યશવંત કડીકર

અત્યંત તેજસ્વી અને ઉજ્જવળ કારકિર્દી અને આડંબરરહિત મૂક દેશસેવાથી ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર શ્ર ગોપાલ સ્વામી આયંગરની પુણ્યતિથિ છે. એમનો જન્મ તા. ૩૧-૩-૧૮૮૨ ના રોજ થયો હતો. મદ્રાસ સરકારના જુદા જુદા ખાતાઓમાં તેમણે બજાવેલી સેવાઓમાં પંચાયત યોજનાની તેમની કામગીરી અત્યંત નોધપાત્ર છે. પંડિત નેહરૂજીના પ્રધાનમંડળમાં પ્રથમ વાહનવ્યવહાર ખાતાની અને પછી સંરક્ષણ ખાતાની જવાબદારી પણ તેમણે કુનેહ પૂર્વક અદા કરી હતી. આ નિષ્ઠાવાન દેશભકતનું તા. ૧૦-૨-૧૯૫૩ના રોજ અવસાન થયું.

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ
માનવમંદિર, ડીસા. ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
અમદાવાદ ઓફીસ :- ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
પાલનપુર ઓફીસઃ- ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રધ્ધા અતૂટ.... અને વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

તા. ૧૨.૦૨.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...

નિફ્ટી ફ્યુચર ૧૦૫૩૦ પોઈન્ટ મહત્વની સપાટી....!!!

તા. ૦૯.૦૨.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૪૮૫ પોઈન્ટ :-

આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૫૧૭ પોઈન્ટના પ્રથમ અને ૧૦૫૩૦ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૧૦૪૩૪ પોઈન્ટ થી ૧૦૪૧૭ પોઈન્ટ, ૧૦૪૦૪ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૫૩૦ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

તા. ૦૯.૦૨.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૫૫૨૯ પોઈન્ટ :-

આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૫૬૬૦ પોઈન્ટના પ્રથમ અને ૨૫૭૦૭ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીગ સંદર્ભે ૨૫૪૭૪ પોઈન્ટ થી ૨૫૩૭૩ પોઈન્ટ, ૨૫૨૫૦ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૫૭૦૭ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!

હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક...

ACC **લિમિટેડ (૧૬૬૭) :- સિમેન્ટ ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૬૬૦ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૪૭ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૬૮૨ થી રૂ.૧૬૯૦નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૬૯૬ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

BEML **લિમિટેડ (૧૨૫૮) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૨૪૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૧૨૨૧ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૧૨૭૪ થી રૂ.૧૨૯૦ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

અમરરાજા બેટરી (૮૦૩) :- રૂ.૭૭૩ નો પ્રથમ તેમજ રૂ.૭૬૦ ના બીજા સપોટ-'થી ઓટો સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૮૧૮ થી રૂ.૮૩૦ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!

બાયોકોન લિમિટેડ (૬૦૭) :- ફાર્મા સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીગલક્ષી રૂ.૬૧૯ થી રૂ.૬૩૦ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૫૯૩ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા ગ્લોબલ (૨૭૯) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૬૭ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક ટી & કોફી સેક્ટરના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૯૩ થી રૂ.૩૦૩ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!

લ્યુપિન લિમિટેડ (૮૨૪) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ફાર્મા સેક્ટર નો આ સ્ટોક રૂ.૮૪૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૮૧૧ થી રૂ.૭૯૭ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૮૪૮ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

તાતા કોમ્યુનીકેશન (૬૩૮) :- રૂ.૬૪૮ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૬૬૦ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૬૧૨ થી રૂ.૬૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૬૬૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!

સન ફાર્મા (૫૮૫) :- ફાર્મા સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૬૦૬ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૫૭૩ થી રૂ.૫૬૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!

ગોદરેજ ઈન્ડસ્ટ્રીઝ (૫૫૨) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૫૭૩ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૫૪૪ થી રૂ.૫૩૦ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૫૮૫ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!

HAVELLS **ઈન્ડિયા (૫૧૬) :- રૂ.૫૪૪ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૫૫૦ ના સ્ટોપલોસે વેચવાલાયક ઇલેક્ટ્રીક પ્રોડક્ટ સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ.૫૦૩ થી રૂ.૪૯૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૫૫૭ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્ક્લેમર / પોલીસી / શરતો **WWW.INVESTMENTPOINT.IN** ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

ચક્ષુદાન એ મહાદાન

શ્રી રામ ચેરીટેબલ ટ્રસ્ટ, ડીસા અને દિવ્ય જયોતિ ચક્ષુબેંક ડીસાના સંયુકત ઉપક્રમે ચાલતા ચક્ષુદાન-મહાદાનમાં જેમણે ચક્ષુદાનનો સંકલ્પ કર્યો છે. તેવા શુભેચ્છકોની યાદી નીચે મુજબ છે.

(૧) શ્રી રાજેન્દ્રકુમાર અમૃતલાલ નાયી (મો.૯૪૨૭૬ ૪૦૩૯૨)
(૨) શ્રી મફતલાલ કેશવલાલ મોદી (૯૪૨૯૪૩૦૩૦૧)
(૩) શ્રી જગદીશભાઈ વાડીલાલ મોદી (મો. ૯૪૨૬૫૫૯૧૨૪)

નોંધ : આપ પણ ચક્ષુદાનના યજ્ઞમાં જોડાઓ
સંપર્ક : ૯૪૨૯૪ ૩૦૩૦૧, ૬૩૫૧૨૨૩૮૫૫

પાલનપુરમાં સ્ટોક એક્ષચેન્જ વિષય ઉપર પ્રાદેશિક કક્ષાનો સેમિનાર યોજાયો

સંજય જોષી

પાલનપુર

બનાસકાંઠા ડિસ્ટ્રિક્ટ કેળવણી મંડળ સંચાલિત આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ એન્ડ સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સ કોલેજમાં તા. ૦૬/૦૨/૧૮ ના રોજ કોમર્સ ફેકલ્ટીના વિદ્યાર્થીઓ માટે સ્ટોક એક્ષચેન્જ વિષય ઉપર રિજિયોનલ સેમિનાર કોલેજ અને નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ફાઈનાન્સીસ માર્કેટ એનઆઈએફએમ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે યોજવામાં આવ્યો, જેમાં મુખ્ય વક્તા તરીકે એનઆઈએફએમમાંથી ડૉ.સુભ્રાંષુ જેના ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ વિદ્યાર્થીઓને સ્ટોક એક્ષચેન્જ તથા ડિવિડન્ડ પોલીસી ઉપરાંત બચત યોજના અંગેની વિવિધ સ્કીમ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ સેમિનારમાં કોમર્સ ફેકલ્ટીના ૨૫૦ થી વધારે વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. તથા તેમના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ મેળવ્યો હતો.

આ કાર્યક્રમમાં કોલેજના પ્રિન્સીપાલ ડૉ.વાય.બી.ડબગર, કોમર્સ ફેકલ્ટીના હેડ ઓફ ડિપાર્ટમેન્ટ પ્રા.બી.પી. ધંધૂકીયા, પ્રા.આર.ડી.વરસાત, પ્રા.આતેફા કાગદી, પ્રા.જયોતિ, પ્રા.હિરલ, પ્રા.અલ્પા, પ્રા.વીણા ભોજવાણી વગેરેએ હાજર રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં કાર્યક્રમનો વક્તાનો પ્રા.બી.પી.ધંધૂકિયાએ કરાવ્યો હતો અને કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.આર.ડી.વરસાતે કર્યુ હતું.

ધાનેરાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં વિદ્યાર્થી સેમીનાર યોજાયો

એન.કે. મોદી

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા ખાતે ગઈકાલે વિદ્યાર્થી સેમીનાર કે.આર. આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ યોજાયો હતો. જેમાં જીતુભાઈ, ડૉ. લાલાભાઈ પ્રિન્સીપાલ નરેશભાઈ તથા રાજન ચૌધરી, ધિરજ પરમાર, હેદુજી એડવોકેટ રમેશ પ્રજાપતિએ હાજર રહી. વિદ્યાર્થીઓને આ ટેકનિકલ જમાનામાં અંગ્રેજી શીખવું. ખુબ જ જરૂરી છે. સાથે સાથે માતૃભાષાને પણ મહત્વ આપવું જરૂરી છે. તે સમજાવ્યું જીતુભાઈએ અંગ્રેજી વિશે વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપી હતી.

પાલનપુરની ફાઈન આર્ટસ કોલેજમાં આપત્તિ નિયમન તાલીમ અપાઈ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લા કલેકટર દિલીપ રાણાના માર્ગદર્શન હેઠળ જિલ્લા આપત્તિ નિયમન કેન્દ્રના પ્રોજેકટ અધિકારી સંજય કુમાર ચૌહાણ દ્વારા પાલનપુરની એમ. એ. પરીખ ફાઇન આર્ટસ કોલેજ માં આપત્તિ વ્યવસ્થાપનની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતુ. જ્યાં કરશનભાઇ પ્રજાપતિએ આગ, ભૂકંપ, પુર, વાવાઝોડુ, પાણીમાં ડુબી ગયેલા વ્યકિત સહિત કુદરતી અને માનવ સર્જીત આપત્તિમાં બચાવ કામગીરી કેવી રીતે કરવી તેની માહિતી અને માર્ગદર્શન આપ્યું હતુ. આ કાર્યક્રમમાં ૩૦૦થી વધુ છાત્રો તેમજ પ્રોફેસરો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં જિ.પં.માટે ભાજપના ઉમેદવારો જાહેર

ડીસા

બનાસકાંઠા જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીને લઈ જિલ્લાભરમાં રાજકીય ગરમાવો છવાયો છે. ત્યારે ડીસા તાલુકાની જિલ્લા પંચાયત બેઠકો ઉપર ભાજપને પોતાના ઉમેદવારો જાહેર કર્યા હતા. જેમાં જુના ડીસા - ધુખજી ઠાકોર, નેસડા (જુનાડીસા) - ગીરીશભાઈ દેસાઈ, મુડેઠા - દિનેશભાઈ દવે, ઢુવા - ચમનજી ઠાકોર, કુચાવાડા - ડો.રાજાભાઈ પટેલ, ઝેરડા - રસીકજી ઠાકોર, ભડથ - બળવંતસિંહ જી.વાઘેલાના ધર્મપત્ની, માલગઢ - નરેશભાઈ ટાંકને મેન્ડેટ અપાયો છે.

જસરા ગામે આજથી મહાશિવરાત્રિના અશ્વ અને આનંદ મેળાનો આરંભ

મેળાના શાનદાર આયોજનને આખરી ઓપ અપાયો

નરસિંહ પ્રજાપતિ

પ્રતિનિધિ ગેળા

લાખણી તાલુકાના જસરા ગામમાં બુઢેશ્વર મહાદેવ મેળા સમિતિ દ્વારા છેલ્લા છ વર્ષથી મહાશિવરાત્રીના મેળાનું સુંદર આયોજન કરવામાં આવે છે. અને હજારોની સંખ્યામાં લોકો આ મેળામાં આવતા હોવાથી આ મેળો જિલ્લાનો લોકપ્રિય મેળો બની ગયો છે. જ્યારે આ વખતે પણ મહાશિવરાત્રીના ૩ દિવસના મેળાનો આજથી પ્રારંભ થશે છેલ્લા ઘણા સમયથી મેળાને લઈને આયોજકો અને ગ્રામજનો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવતી હતી. જેમાં ગામની સફાઈ, સીસીટીવી કેમેરા રોશની, રમવામેદાન, આનંદ મેળાની ગોઠવણી તેમજ આયોજનને આખરીઓપ આપી દેવાયો છે. આનંદ મેળાના સ્ટોલ ધારકો પણ ગામમાં આવી પોતાની જગ્યાઓ નક્કી કરી દીધી છે. ત્યારે ૪ દિવસ સુધી ચાલનાર મેળાના પ્રથન દિવસે આજે અશ્વોની નોધણી કરવામાં આવશે અને મેળા સમિતિ દ્વારા ત્રિદિવસીય મેળાનો પ્રારંભ કરાશે ત્યારબાદ વિવિધ હરિફાઈઓ તેમજ કૌશલ્ય પ્રદર્શન કરશે અને રાત દિવસ આનંદ મેળો ચાલુ રહેશે.

અશ્વ આનંદ મેળાને લઈને ચોતરફ લોકોમાં અનેરો આનંદ અને ઉલ્લાસ છવાઈ રહ્યો છે. જેને લઈને આ વખતે મેળામાં જસરા ગામ માનવ મહેરામણી ઉભરાઈ જશે તે નક્કી છે.

રવિયાણા પ્રા.શાળામાં ભાવભોજન અપાયું

પ્રતિ. રવિયાણા

કાંકરેજ તાલુકાના રવિયાણા ગામની પ્રા.શાળામાં રવિયાણા-૯૯ મ.ભો. યોજનાના સંચાલકના અને પરમાર આલાભાઈ હેમાભાઈના પુત્ર પરમાર મહાદેવભાઈ આભાભાઈ તરફથી તમામ બાળકો તથા આંગણવાડીના બાળકોને બુંદી, પુરીશાક, દાળભાત છાશ સાથેનું સ્વાદિષ્ટ ભોજન આપવામાં આવેલ. આ પ્રસંગે સંચાલકનો પરિવાર તથા આચાર્ય જીવરાજભાઈ પટેલ તેમજ શાળા પરિવાર હાજર રહેલ. શાળા પરિવાર દ્વારા ભાવભોજન દાતાનો આભાર વ્યક્ત કરેલ.

શુભલગ્ન

- ડીસા નિવાસી શૈલેષભાઈ પ્રવિણચંદ્ર ત્રિવેદીના સુપુત્ર ચિ.યશના શુભલગ્ન મુકેશકુમાર બાબુલાલ દવેની સુપુત્રી ચિ.મિતલ સાથે થયેલા લગ્ન નિમિત્તે તા.૫/૨/૨૦૧૮ ના રોજ સત્કાર સમારોહ યોજાઈ ગયો.
- ડીસા નિવાસી દિનેશભાઈ જેમલભાઈ અનાવાડીયાના સુપુત્ર ડૉ.જીગર ના શુભલગ્ન પાલનપુર નિવાસી ચંપકભાઈ વાલાભાઈ પ્રજાપતિની સુપુત્રી ચિ.સુનિતા સાથે તા. ૬/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- જેતડા (તા.થરાદ) નિવાસી રમેશકુમાર વેલસીભાઈ વિરવાડીયાની સુપુત્રી ચિ.પ્રિયંકાના લગ્ન વિક્રમકુમાર કીર્તીલાલ અદાણીના સુપુત્ર ચિ.ધવલ સાથે તા.૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી પંકજભાઈ અમૃતલાલ પરમાણીની સુપુત્રી ચિ. જિનાજ્ઞાના શુભલગ્ન અતુલકુમાર રમણીકલાલ પાનસોવારા ના સુપુત્ર ચિ. પ્રિતકુમાર સાથે તા.૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી નવિનભાઈ શંકરલાલ પ્રજાપતિના સુપુત્ર ચિ.મોહિતના શુભલગ્ન પાલનપુર નિવાસી રતિલાલ રામજીભાઈ પ્રજાપતિની સુપુત્રી ચિ. દિપલ સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી કીરીટકુમાર ચંદુલાલ દોશીની સુપુત્રી ચિ.રીતિકા (રૂપી) ના શુભલગ્ન દિનેશકુમાર કાંતિલાલ મોરખીયાના સુપુત્ર ચિ. રવિકુમાર (સી.એ) સાથે તા.૬/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી બાગરેચા રમેશકુમાર મોતીલાલજીની સુપુત્રી ચિ.જવાનમલજી ચંપાલાલજી તાતેડના સુપુત્ર ચિ.પિન્ટુકુમારજી સાથે તા. ૬/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી બાબુલાલજી મફતલાલ કવાડના સુપુત્ર ચિ.આશિષ શુભલગ્ન ભંવરલાલ ચીમનલાલજી ઢેલડીયાની સુપુત્રી ચિ.શ્રધ્ધા સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- મુંબઈ નિવાસી દોશી કમલેશકુમાર વાડીલાલના સુપુત્ર ચિ.જીમીના શુભલગ્ન અશોકભાઈ પુનમચંદ પાંચશોવોરા દોશીની સુપુત્રી ચિ.જીલ સાથે તા. ૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- સુરત નિવાસી પ્રવિણકુમાર શાંતિલાલ વોહેરાની સુપુત્રી ચિ.પ્રિયંકાના શુભલગ્ન રોહિતકુમાર કિર્તિલાલ શેઠના સુપુત્ર ચિ. દર્શનકુમાર સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- સુરત નિવાસી યોગેશકુમાર ચંદુલાલ મોરખીયાના સુપુત્ર ચિ.ઋષભના શુભલગ્ન દિનેશકુમાર વાઘજીભાઈ વોહેરાની સુપુત્રી ચિ.પ્રાચી સાથે તા.૬/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- જેતડા (તા.ડીસા) હાલ અમદાવાદ નિવાસી જયંતીલાલ મફતલાલ વિરવાડીયાના સુપુત્ર ચિ.સનીના શુભલગ્ન થરાદ નિવાસી હાલ અમદાવાદના પ્રકાશભાઈ જયંતીલાલ સંઘવીની સુપુત્રી ચિ.જીલુ સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- અમદાવાદ નિવાસી મહેશકુમાર છોટાલાલ દોશીની સુપુત્રી ચિ.સીમ્મીના શુભલગ્ન શૈલેષકુમાર શાન્તીલાલ સંઘવીના સુપુત્ર ચિ.સ્તવન કુમાર સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- સુરત નિવાસી દોશી વિનોદકુમાર જયંતીલાલના સુપુત્ર ચિ.ભવ્ય (અભિષેક) ના શુભ લગ્ન જમડાવાળા જયંતીલાલ સંઘવીની સુપુત્રી ચિ.યોગીતા સાથે તા.૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- અમદાવાદ નિવાસી હિંમતલાલ વાઘજીભાઈના સુપુત્ર ચિ.ઋષભના શુભલગ્ન નરેશકુમાર જયંતીલાલ સંઘવીની સુપુત્રી ચિ.આયુષી સાથે તા.૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- અમદાવાદ નિવાસી મોરખીયા રમેશકુમાર બાબુલાલની સુપુત્રી ચિ.સ્વેની (ધોળી) ના શુભલગ્ન મીઠી પાલડી નિવાસી નટવરલાલ બાબુલાલ સંઘવીના સુપુત્ર ચિ. અક્ષયકુમાર સાથે તા.૭/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- ડીસા નિવાસી રાજેન્દ્રકુમાર જયંતીલાલ ઠાકરશીના સુપુત્ર ચિ.ભવ્યના શુભલગ્ન વિજયકુમાર કાળીદાસ મેવાણીની સુપુત્રી ચિ.સિમોની સાથે તા.૫/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.

ટોટાણા ખાતે સંતશ્રી સદારામ બાપુના આશિર્વાદ લેતા પાસ નેતા હાર્દિક પટેલ

યશપાલસિંહ ટી.વાઘેલા

તા.પ્રતિ. થરા

પાટીદાર અનામત આંદોલનથી પ્રસિધ્ધ થયેલા પાસ નેતા હાર્દિક પટેલ કાંકરેજ તાલુકાના સંત શિરોમણી છોટે જલારામ એવા સંતશ્રી સદારામ બાપુના આશ્રમ કાંકરેજ તાલુકાના ટોટાણા ગામે સિધ્ધપુર ધારા સભ્ય ચંદનજી ઠાકોર, પાટણ ધારાસભ્ય કિરીટભાઈ પટેલ, થરા પાલીકા પ્રમુખ વિનોદજી ઠાકોર સાથે આવી પહોંચ્યા હતા ને સંતશ્રી સદારામ બાપુના આશિર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી.

ડીસામાંથી જુગાર રમતા ૧૧ શખ્સો ઝડપાયા

ભરત સુંદેશા

રોકડ સહિત રૂા.૧૦૭૩૦નો મુદ્દામાલ જપ્ત

ડીસા

ડીસામાંથી જૂની શાકમાર્કેટ પાછળથી જાહેરમાં જુગાર રમતા ૧૧ જુગારીઓને પોલીસે ઝડપી લીધા હતા. પોલીસે રોકડ સાથે ૧૦૭૩૦ રૂપિયાનો મુદામાલ ઝડપી લઈ તમામ વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

ડીસામાં મુખ્ય બજારમાં જૂની સાક માર્કેટ આગળ કેટલાક શખ્સો જાહેરમાં જુગાર રમતા હોવાની બાતમી ડીસા શહેર દક્ષિણ પોલીસને મળી હતી. જેથી ડીસા દક્ષિણ પીઆઈ આર.આર. સિધાલ સહિત પોલીસ મથકના મથકના સ્ટાફે શુક્રવારે મોડી સાંજે જૂની શાકમાર્કેટ પાછળ શોપિંગ સેન્ટર આગળ રેડ કરી હતી. ત્યારે કેટલાક જાહેરમાં જુગાર રમી રહેલા શખ્સો માં પોલીસને જોઈ દોડધામ મચી જવા પામી હતી. જોકે પોલીસે ૧૧ જુગારીઓને જુગારના સાહિત્ય અને રોકડ તેમજ મોબાઈલ મળી કુલ ૧૦,૭,૩૦ રૂપિયાનો મુદામાલ ઝડપી લીધો હતો.

ઝડપાયેલા જુગારીયાઓ

જીગ્નેશ ઉર્ફે લાલો નાનુભાઈ માળી રહે.રાજપુર ડીસા
દાનસંગજી પોપટજી ઠાકોર રહે.ઢુંવા તા.ડીસા
પોપટજી પ્રધાનજી ઠાકોર રહે.રેલવે સ્ટેશન ડીસા.
નઈમ અલીહુસેન સિંધી રહે.ડીસા
લક્ષ્મણભાઈ ઉર્ફે લક્ષ્મીચંદ ખેમાજી સાંખલા રહે માલગઢ તા.ડીસા
ભાવેશભાઈ ગિરધારીલાલ પઢીયાર રહે.માલગઢ તા.ડીસા
નિલેશભાઈ ભીખાજી જોષી રહે.કચ્છી કોલોની ડીસા.
પ્રભાતસિંહ ઈશ્વરજી ઠાકોર રહે.આસેડા તા.ડીસા.
પ્રકાશભાઈ પૂંજાભાઈ લુહાર રહે.રેલવે સ્ટેશન ડીસા.
અભુસિંહ બાબુસિંહ વાઘેલા રહે.ભડથ તા.ડીસા.
જીતેન્દ્રકુમાર રમણલાલ માળી રહે.માલગઢ તા.ડીસા

ઓનરનો બેસ્ટ સેલર ઓનર ૭એક્સ હવે ઓફ્ફ લાઈન પણ મળશે

ડિજિટલ નેટિઝ માટે હુવેઈની ઈ-બ્રાન્ડ ઓનર દ્વારા આજે તેના બેસ્ટ સેલર સ્માર્ટફોનમાંથી એક ઓનર ૭એક્સ ૪+૬૪ જીબી વર્ઝન ઓફ્ફ લાઈન બજારમાં રૂ. ૧૫,૯૯૯ની કિંમતે મળશે એવી જાહેરાત કરવામાં આવી છે. આ ઓફ્ફ લાઈન કિંમત ઓનલાઈન કિંમત જેટલી જ છે.ઓનરે હાલમાં જ ફ્લેક્સ સાથે ભાગીદારીમાં ઓનર ૭એક્સનું ઉત્પાદન મેક ઈન ઈન્ડિયા પહેલ હેઠળ ચેન્નાઈ નજીક શ્રીપેરુમબુદુર ખાતે શરૂ કરવાની જાહેરાત કરી હતી. ઓફ્ફ લાઈન બજાર માટે ઓનરે બ્લુ અને બ્લેક રંગના વિકલ્પોમાં ૪+૬૪ જીબી પ્રકાર લોન્ચ કર્યા છે. આ મેડ ઈન ઈન્ડિયા ડિવાઈસ ટ્રાવેલ ચાર્જર, ડેટા કેબલ, ટીપીયુ કેસ, ઈજેક્ટર પિન, વોરન્ટી કાર્ડ અને યુઝર મેન્યુઅલ સાથે આવશે. ઓનરે તેની સેવા ક્ષમતાઓ વધુ મજબૂત બનાવી છે અને તેના ગ્રાહકોને બેજોડ આફ્ટર સેલ્સ સેવાઓ આપવા માટે ભારતભરમાં તેના સર્વિસ સેન્ટરોની સંખ્યા વધારી દીધી છે. ઓનર ૭એક્સ ૧૨ મહિનાની સ્ટાન્ડર્ડ વોરન્ટી, ૬ મહિનાની બેટરી અને ચાર્જર એડપ્ટરની વોરન્ટી અને ચાર્જર તથા ડેટા કેબલ પર ૩ મહિનાની વોરન્ટી સાથે આવશે.ઓનર ૭એક્સ સમૃદ્ધ સ્માર્ટફોન અનુભવ, ફોટોગ્રાફીની ખુશીની વાત આવે ત્યારે સીમાચિહન સ્થાપિત કર્યું છે.. ઓનર ૭એક્સ ભારતભરમાં ૯મી ફેબ્રુઆરીથી આરંભ કરતાં ભારતભરમાં ઓનરના અધિકૃત સ્ટોર્સ અને રિસેલર્સ પાસે મળશે, એમ હુવેઈ કન્ઝયુમર બિઝનેસ ગ્રુપના સેલ્સના વાઈસ પ્રેસિડેન્ટ પી સંજીવે જણાવ્યું હતું.ઓનર ૭એક્સ બજેટ સેગમેન્ટમાં ઉત્તમ ડિવાઈસમાંથી એક માનવામાં આવે છે, જે સસ્તામાં મહત્તમ પરફોર્મન્સ આપે છે.

ડુઅલ ચેલન એબીએસ સાથે યામાહાના લોકપ્રિય બાઈક YZF-R3 નું પુનરાગમન

ઈન્ડીયા યામાહા મોટર (આઈવાઈએમ) એ આજે ઓટો એક્સપો ૨૦૧૮ માં બોલીવુડ સ્ટાર અને યામાહા બ્રાંડ એમ્બેસેટર જોન અબ્રાહમની હાજરીમાં તેના લોકપ્રિય સ્પોટર્સ મોડેલ અને ૨૦૧૬ માં ઉધોગ જગતમાં સવાધિક પ્રતિશિષ્ઠ 'ઈન્ડીયન મોટરસાયકલ ઓફ ધ ઈયર' (આઈએનઓટીવાઈ) નો એવોર્ડ જીતનાર YZF-R3 ને નવા અવતારમાં પુનઃ પ્રસ્તુત કરી છે. નવીન YZF-R3 માં ડુઅલ ચેનલ એન્ટ-લોક બ્રેકિંગ સિસ્ટમ (એબીએસ) ટેકનોલોજી અને હાઇ ગ્રિપ મેટજેલર રેડિયલ ટાયરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ડુઅલ ચેનલ એબીએસ ટેકનોલોજી લપસી જવાય તેવા માર્ગો પર બ્રેક ફલૂડ પ્રેશરના ઓટોમેટિક એડજસ્ટમેન્ટના દ્વારા બ્રેકિંગને વધારે ભરોસાપાત્ર બનાવશે. નવીન રૂઢહ્ન-ઈ૩ માં હાઈ સેફટી પરફોર્મેંસ અને શાનદાર ગ્રિપ માટે પ્રીમિયમ મેટજેલર રેડિયલ ટાયર્સ સાથે અન્ય વધારાના ફિચર્સ પણ હશે. આ નવા મોડેલ બે કલર વેરિયન્ટ – રેસિંગ બ્લ્યુ અને મેગ્મા બ્લેકમાં ઉપલબ્ધ હશે. આ ૩૨૧ સીસી મોટરસાયકલમાં સારી પાવર ડિલીવરી અને ડ્રાઈવિંગના આનંદદાયક અનુભવ માટે લિકિવડ કૂલ્ડ, ૪ સ્ટ્રોક, ઈન લાઈન ૨ સિલેન્ડર, ફ્યુઅલ ઈન્જેકટેડ એન્જીન સાથે પાવરફૂલ ફ્રેમમાં પાવર-પેકડ મોટરસાયકલનો શાનદાર નમૂનો છે. મોટરસાયકલની કિમત રૂપિયા ૩,૪૮,૦૦૦ (એકસ શોરૂમ દિલ્લી) હશે અને તે યામાહાની પસંદગીની અધિકૃત ડિલરશીપ પર ઉપલબ્ધ થશે.

ધાનેરા તાલુકા પંચાયતની ચૂંટણીની ૨૬ બેઠકો માટે માં ૭૬ ફોર્મ માન્ય

તા.પ્રતિનિધિ ધાનેરા

ધાનેરા તાલુકા પંચાયતી ચુંટણી માં ૨૬ બેઠકો માટે શુક્રવારે ચકાસણી યોજવામાં આવતા ૭૬ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ધરણોધર બેઠક ઉપર ભાજપના ઉમેદવાર ના ફોર્મમાં ડખો પડ્યો હતો. જ્યારે જીલ્લા પંચાયત ની ૫ બેઠકો માટે ૨૧ ફોર્મ માન્ય રહ્યા હતા.

ધાનેરા તાલુકામાં ચુંટણી નો માહોલ બરોબર જામ્યો છે. જેથી ધાનેરા તાલુકા ભરમાં રાજકિય ગરમાવો જોવા મળી રહ્યો છે. ધાનેરા તાલુકા પંચાયતની ૨૬ બેઠકો માટે ૧૩૯ ફોર્મ ભરાયા હતા. જેમાં શુક્રવારે ધાનેરા તાલુકા પંચાયત તેમજ મામલતદાર કચેરી ખાતે ફોર્મ ચકાસણી કરવામાં આવતા ૧૩૯ ફોર્મ માંથી ૬૨ ફોર્મ રદ થવા પામ્યા હતા. જ્યારે ૭૬ ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે એક ફોર્મ શનિવારે સવારે ૧૦ વાગ્યા સુધી માં ઉમેદવાર ની ચકાસણી કર્યા પછી નિર્ણય ઉપર રાખેલ છે. જીલ્લા પંચાયતની ૫ બેઠકો ઉપર ૨૯ ફોર્મ ભરાયા હતા જેમાં ૮ ફોર્મ રદ થાતાં ૨૧ ફોર્મ માન્ય રહ્યા હતા. ભાજપ માં ૫ બેઠકોમાં ૩ ઉમેદવારો કોગ્રેશમાં થી ભાજપ માં આવી ને ટીકીટ મેળવેલ ઉમેદવારો હતા જ્યારે બે ઉમેદવારોજ મુળ ભાજપના ઉમેદવારો હતા.

એક ફોર્મ બાબતે મડાગાંઠ પડી

તાલુકાની ધરણોધર બેઠક ઉપર ભાજપ ના ઉમેદવાર તરીકે ભીલ સવિતાબેન ભગવાનભાઈ એ ફોર્મ ભર્યુ હતુ. પરંતુ આ ફોર્મ ભરવા માટે ઉમેદવાર પોતે આવ્યા નહતા અને બીજી મહીલા આવી હોવાથી આ ફોર્મ બાબતે મડાગાંઠ પડી હતી. જેના કારણે ધાનેરા મામલતદાર અને ચુંટણી અધિકારી ભગવાનભાઈ ખરાડીએ ઉમેદવાર ને હાજર કરવા માટે મુદ્દત આપી હતી તેમજ તલાટીને નોટીસ બજવણી કરવા પણ મુક્યો હતો પરંતુ ઉમેદવાર હાજર ના થતાં શનિવારે સવારે ૧૦ વાગ્યા સુધી હાજર થવા માટે ફરમાન કર્યુ હતુ અને જો હાજર ના થાય તો ફોર્મ રદ થવા પાત્ર છે તેવુ ચુંટણી અધિકારીએ જણાવ્યુ હતુ.

દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈનું રાજીનામું

તાલુકા પ્રતિનિધિ દીઓદર

બનાસકાંઠા જીલ્લા પંચાયતની યોજાઈ રહેલી ચુંટણી અંતર્ગત દીઓદર તાલુકાની કોતરવાડા જીલ્લા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે લડી રહેલા દીઓદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરસિંહભાઈ દેસાઈએ આજરોજ કોંગ્રેસના પ્રમુખ તરીકે રાજીનામું આપેલ છે.

તેમણે યોજાયેલ પત્રકાર પરિષદમાં જણાવેલ કે હું છેલ્લા ચાર વર્ષથી પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળુ છું.છેલ્લી બે તાલુકા પંચાયતની ચુંટણીમાં કોંગ્રેસ પક્ષને સફળતા અપાવ્યા બાદ વિધાનસભામાં કોંગ્રેસ પક્ષ વિજેતા મારા શાસનકાળ દરમ્યાન બન્યા છે.મેં છેલ્લા બે માસથી હવે મને તાલુકા પ્રમુખની જવાબદારીમાંથી મુક્ત કરવા જણાવેલ હતું.હવે મારે જીલ્લા પંચાયત કોતરવાડા ની સીટ લડવાની છે.આ સીટ ઉપર કોંગ્રેસના બીજા દાવેદાર તરીકે અભેસિંહ ઠાકોર છે.તેઓએ મારી તરફેણ કરતાં હું પ્રમુખ તરીકે રાજીનામું આપવા તૈયાર થતાં પાર્ટીના તાલુકાના આગેવાનોએ એકઠા થઈ અભેસિંહ ઠાકોરને પ્રમુખ તરીકે વરણી કરવા દરખાસ્ત રાજ્ય લેવલે મોકલવાનું નક્કી કર્યુ છે.

આમ ચુંટણીઓ સમયે જ નરસિંહભાઈ દેસાઈએ તાલુકા કોંગ્રેસ પ્રમુખ તરીકે રાજીનામું આપતાં કોંગ્રેસના કાર્યકરોમાં છન્નાટો છવાયો છે.સફળ સુકાની તરીકે તેઓ કોંગ્રેસને સારી ગ્રીપ અપાવી રહ્યા હતા ત્યારે તેમણે રાજીનામુ આપતાં આગામી સમય કોંગ્રેસ માટે કેવો સમય આપી શકશે તે પ્રશ્નાર્થ છે.

થરાદ તાલુકા પંચાયત ચૂંટણીના ઉમેદવારો

	ઉમેદવારનું નામ	પક્ષ	માન્ય/ અમાન્ય
૫ ચાંગડા	કેશીબેન બાળકાજી ભાડકા	ભાજપ	માન્ય
	કુંવરબેન હરીભાઈ રબારી	ભા.રા.કો	માન્ય
	ભુરીબેન દેવાજી કાંદળી	ભાજપ	અમાન્ય
	કેશીબેન થાંનાભાઈ કાંદળી	અપક્ષ	માન્ય
૧૨.જમડા	પરબતભાઈ સારંગભાઈ ધુમડા	ભાજપ	માન્ય
	ભાટીયા બાબુભાઈ દલાભાઈ	ભા.રા.કો.	માન્ય
	દેવજીભાઈ રૂપસીભાઈ સોલંકી	ભા.રા.કો.	અમાન્ય
	કલ્પેશભાઈ અજાભાઈ હરિજન	ભા.રા.કો	અમાન્ય
૧૪.ખોડા	વજીબેન શંકરાભાઈ આપશુક	ભાજપ	માન્ય
	ઉગમબેન મસરાભાઈ ગોહિલ	ભા.રા.કો	માન્ય
	સીતાબેન મસરાભાઈ આપશુક	અપક્ષ	માન્ય
	વદનબેન દિપાભાઈ ધુમડા	અપક્ષ	માન્ય
	ઝબીબેન ભેરાભાઈ ગોહિલ	અપક્ષ	માન્ય
૧૬.લુવાણા	ચમનીબેન અનાજી વાઘેલા	ભાજપ	અમાન્ય
	ચંદ્રિકાબેન નરસિંહભાઈ વાઘેલા	ભા.રા.કો.	અમાન્ય
	સમદાબેન ગેનાભાઈ કરવડ	ભાજપ	માન્ય
	આણદીબેન રાણાભાઈ પટેલ	અપક્ષ	માન્ય
	મીરાંબેન નાનજીભાઈ ચૌધરી	ભા.રા.કો.	માન્ય
૧૮.માંગરોળ	શારદાબેન અમીરામભાઈ વાલેરીયા	ભાજપ	માન્ય
	વસંતીબેન અમૃલાલ દવે	ભા.રા.કો.	માન્ય
	લેરીબેન બાબુભાઈ પુરોહિત	ભાજપ	અમાન્ય
૧૯.મોરથલ	દાંનાજી ધનાજી માળી	ભાજપ	માન્ય
	ડાહ્યાજી માદેવાજી છેયા	ભા.રા.કો.	માન્ય
	ઈશાભાઈ કુંભાજી પારંગી	ભા.રા.કો.	માન્ય
	વેરસીજી રૂપાજી ચૌહાણ	ભાજપ	અમાન્ય
	જબરસિંહ ચંદનસિંહ ચૌહાણ	ભા.રા.કો.	અમાન્ય
	આણદાભાઈ લાખાજી રબારી	ભા.રા.કો.	અમાન્ય
	ઈશાભાઈ કુંભાજી પારંગી	અપક્ષ	માન્ય
૨૦.નારોલી	વજેસિંહ દેવુસિંહ ચૌહાણ	ભાજપ	માન્ય
	જીલુભા પદમસિંહ ચૌહાણ	ભા.રા.કો.	માન્ય
૨૧. પીલુડા	બળવંતસિંહ કેશરસિંહ ચૌહાણ	ભાજપ	માન્ય
	વરજાંગાભાઈ જીતાભાઈ ઠાકોર	ભાજપ	અમાન્ય
	બગસુબેન ચમનાભાઈ ઠાકોર	ભા.રા.કો.	માન્ય
૨૨.૨ડકા	ગોવિંદભાઈ હેમાજી ચૌધરી	ભાજપ	માન્ય
	પનજી કેશાજી બારોટ	ભાજપ	અમાન્ય
	કેશરાભાઈ દલાભાઈ પટેલ	ભા.રા.કો.	માન્ય
	ધનરાજભાઈ હેમાભાઈ પટેલ	ભાજપ	અમાન્ય
૨૩.રાહ	જીતુસિંહ સુમરસીંગ વાઘેલા	ભા.રા.કો.	માન્ય
	જગદીશભાઈ હીરાભાઈ પ્રજાપતિ	ભાજપ	માન્ય
	વસ્તાભાઈ રણછોડભાઈ પટેલ	ભાજપ	અમાન્ય
	પરબતભાઈ ભેરાજી પટેલ	અપક્ષ	માન્ય
	ગોમાભાઈ કાળાજી પટેલ	અપક્ષ	માન્ય
૨૫.સવપુરા	નાથાભાઈ જીવાભાઈ પટેલ	ભાજપ	અમાન્ય
	જોગાભાઈ માદેવાભાઈ પટેલ	ભાજપ	માન્ય
	લવજીભાઈ વજાભાઈ પટેલ	ભા.રા.કો.	માન્ય
	નાથાભાઈ જીવાભાઈ પટેલ	અપક્ષ	માન્ય
૨૬. શેરાઉ	ધીરજભાઈ હેમરાજભાઈ પટેલ	ભાજપ	માન્ય
	જેઠાભાઈ રણછોડભાઈ નાઈ	ભાજપ	અમાન્ય
	કરશનભાઈ ઉકાભાઈ ચૌધરી	ભા.રા.કો.	માન્ય
	કાનનાથ દેવનાથ સ્વામી	ભા.રા.કો.	અમાન્ય
	અભાભાઈ વરજાંગાભાઈ પટેલ	અપક્ષ	માન્ય
૨૮.વાઘાસણ	પીરાભાઈ વગતાજી ફક	ભાજપ	માન્ય
	મોહબ્બતસિંહ ભગવાનસિંહ ચૌહાણ	ભા.રા.કો.	અમાન્ય
	અર્જુનભાઈ નાગજીભાઈ ચૌધરી	ભા.રા.કો.	માન્ય
	મોહબતસિંહ ભગવાનસિંહ ચૌહાણ	અપક્ષ	માન્ય
૨૯.વળાદર	નાગજીભાઈ પ્રાગજી પટેલ	ભાજપ	માન્ય
	જબરસિંહ ચંદનસિંહ ચૌહાણ	ભા.રા.કો.	માન્ય
	મહાદેવભાઈ ગણેશાજી કાગ	ભાજપ	અમાન્ય
	હરદાસભાઈ ઉકાભાઈ સેંગલ	અપક્ષ	માન્ય
	જુવારસિંહ અગરસિંહ ચૌહાણ	અપક્ષ	માન્ય
૩૦. વાંમી	અમીરામભાઈ વખતરામ લાફા	ભાજપ	અમાન્ય
	શીવરામભાઈ ભેમાભાઈ પટેલ	ભાજપ	અમાન્ય
	મફતસિંહ વાઘુભા વાઘેલા	ભાજપ	અમાન્ય
	માસેંગાભાઈ સવદાસભાઈ પટેલ	ભાજપ	માન્ય
	દેવશીભાઈ કાનજીભાઈ પટેલ	અપક્ષ	માન્ય
	ભગવતીબેન વશરામભાઈ જોષી	ભા.રા.કો.	માન્ય

વાવની ફાંગડી કેનાલમાં સાત ફુટનું ગાબડું પડયું

તા.પ્રતિ વાવ

વાવ તાલુકાના ટડાવ ગામની સીમમાંથી પસાર થતી ફાંગડી કેનાલમાં સાત ફુટનું ગાબડું પડતાં હજારો લીટર પાણી વેડફાયું હતું. મળતી માહિતી અનુસાર ટડાવ ગામની સીમમાં અમરાભાઈ રબારીના ખેતરની બાજુમાં પસાર થતી ફાંગડી કેનાલમાં સાત ફુટનું ગતરોજ ગાબડું પડતાં પાણી બિન પિયત ખેતરમાં ભરાઈ જતાં જળબંબાકાર બનતાં હજારો લીટર પાણી વેડફાતાં ખેડૂતોમાં રોષ ભભૂકી ઉઠયો હતો. પાણીને લઈને ગેરકાયદેસર કનેકશનો કાપતા નર્મદા વિભાગના અધિકારીઓની પાણીના વેડફાટને લઈને પોલ ખુલી જતાં તેમની બેદરકારી બહાર આવી હતી.

તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી

થરાદમાં ૧૦૦ ઉમેદવારોના ફોર્મ માન્ય રખાયા

પ્રતિ. થરાદ

જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીઓને લઈને થરાદ પંથકમાં રાજકીય ગરમાવો ફેલાઈ ગયો છે. ગત રોજ ફોર્મ ચકાસણી હોઈ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના કુલ ભરાયેલ ફોર્મ પૈકી ૩૦ ફોર્મ રદ થતાં ૧૦૦ ઉમેદવારોના ફોર્મ માન્ય રખાયા હતા.ત્યારે થરાદની મલુપુર બેઠક પર ત્રણ બાળકો હોવાને લઈને ઉમેદવારનું ફોર્મ રદ થયું હતું. થરાદ તાલુકા પંચાયતની ૩૦ બેઠકો પર ભરાયેલ ૧૧૧ ઉમેદવારોના ફોર્મની ચકાસણી થતાં ૩૦ ઉમેદવારોના ફોર્મ રદ થયા હતા. જ્યારે થરાદ જિલ્લા પંચાયતમાં સાત ફોર્મ રદ થયા હતા.

ડીસા સહિત જિલ્લામાં પારો ૫ ડીગ્રી ગગડ્યો

નરસિંહ દેસાઈ

શિયાળાના અંતિમ તબક્કામાં ફરી ઠંડીનો ચમકારો

પ્રતિ. વડાવળ

ડીસા સહિત જિલ્લામાં હવામાન પલટા બાદ વાતાવરણમાં સુધારો થતાં ફરી એક વાર શિયાળાની ઋતુ ની વિદાય લઈ રહેલ ઠંડી નો ચમકારો આવ્યો છે છેલ્લા બે દિવસથી વાદળો વિખેરાતા લઘુતમ તાપમાનમાં ૫ થી ૬ ડીગ્રી જેટલો ઘટાડો નોધાયો છે જેના કારણે રાત્રીના સમય દરમ્યાન તીવ્ર ઠંડીનો અનુભવ થાય છે. સોમવારના દિવસે હવામાનમાં અચાનક પલ્ટો આવતા વાદળા છવાયા હતા જેનાથી તાપમાનમાં મોટો ફેરફાર જોવા મળ્યો હતો વરસાદી હવામાનના કારણે દિવસે ઠંડક જેવો માહોલ જામ્યો હતો જ્યારે રાત્રી દરમ્યાન તાપમાન વધ્યુ હતુ પણ ગુરૂવાર ના દિવસથી હવામાન સુધારતા અને આકાશમાંથી વાદળા વિખેરાતા ફરી એકવાર ઠંડી નો માહોલ છવાયો છે શિવરાત્રીને ગણત્રીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શિયાળાની ઋતુ પણ વિદાય લઈ રહી છે તેવા સમયે હવામાનમાં થયેલા ફેરફારના કારણે લઘુતમ તાપમાનનો પારો ૫ ડીગ્રી જેટલો ગગડી જતાં લોકોને ફરી ઠંડીનો સામનો કરવો પડે છે. રાત્રી સમય દરમ્યાન વધુ ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જેથી પ્રજાજનોને મોડી સાંજ અને વહેલી સવારે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી રહી છે જોકે દિવસ દરમ્યાન મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રી ઉપર રહેતા દિવસે લોકોને ગરમીનો પણ અનુભવ થઈ રહ્યો છે પરંતુ જિલ્લામાં પાછોતરી ઠંડી આવતા શિયાળુ પાકોને ફાયદો થઈ શકે છે.

ધાનેરા નગર પાલિકાની ચૂંટણી સંદર્ભે કાર્યાલયો શરૂ

એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

ધાનેરા નગરપાલિકાની ચૂંટણીના ફોર્મ પરત ખેંચાય બાદ કોંગ્રેસ-ભાજપના ઉમેદવારોએ પોત પોતાના વોર્ડમાં ચૂંટણી કાર્યાલયો શરૂ કરી દીધેલ છે જે પૈકી વોર્ડ નં-૫ માં તથા વોર્ડ નં-૭ માં ભાાજપના ચૂંટણી કાર્યાલય શરૂ થયા છે.

રૈયા જીલ્લા પંચાયતમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ભારતીબેન ચૌધરી

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રૈયા જીલ્લા પંચાયત સીટ ઉપર કોંગ્રેસના ઉમેદવાર તરીકે તાલુકા પંચાયત દીઓદરના પૂર્વ પ્રમુખ ભારતીબેન જગમાલભાઈ ચૌધરીએ આજરોજ કોંગ્રેસના પ્રમુખ નરસિંહભાઈ દેસાઈ, માલજીભાઈ દેસાઈ, પ્રવિણસિંહજી વાઘેલા સહિત કોંગ્રેસના આગેવાનો, કાર્યકરોની હાજરીમાં ફોર્મ ભરેલ.

રૈયા જીલ્લા પંચાયતમાં ભાજપના ઉમેદવાર તરીકે પ્રભાબેન ચૌધરી

અશોક શેઠ

તાલુકા પ્રતિનિધિ દીઓદર

રૈયા જીલ્લા પંચાયત સીટમાં ભાજપના ઉમેદવાર તરીકે બ.કાં.જીલ્લા યુવા ભાજપના ઉપપ્રમુખ રમેશભાઈ ઉજાભાઈ ચૌધરી(જીન)ના ધર્મપત્ની પ્રભાબેન રમેશભાઈ ચૌધરીએ આજરોજ તેમના ટેકેદારો સાથે ફોર્મ પ્રાંત અધિકારીશ્રી એ.ડી.ચૌહાણ તથા નાયબ મામલતદારશ્રી વિનોદભાઈ ગોકલાણી સમક્ષ ફોર્મ રજુ કરેલ.

રાજપુર પોસ્ટ ઓફિસમાં શિષ્યવૃતિ મેળવવા પરિવારની રજળપાટ

જમીલ મેમણ

પ્રતિ. રાજપુર

ડીસાના રાજપુર વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફિસમાં એક શ્રમજીવી પરિવારની પુત્રીને શિષ્યવૃતિ માટે મળેલ નાણાં મેળવવા માતા-પિતા દોઢ મહિનાથી ધરમ ધક્કા ખાય છે તેથી પરિવારની હાલત કફોડી બનવા પામી છે.

સરકાર દ્વારા ગરીબ પરીવારના વિદ્યાર્થીઓ માટે શિષ્યવૃતિ આપવામાં આવે છે ત્યારે રાજપુર ખારાકુવા પાસે રહેતી શેખ કૌસર મહંમદ ઈકબાલ ધો.૧૦ માં ડી.એન.પી. ગર્લ્સ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે છે તેમની માતા માઈ શાબીબી છૂટક મજુરી અને પિતા ઈકબાલભાઈ શેખ સિલાઈ મશીન કરી ઘરનું ગુજરાન ચલાવે છે તેમની પુત્રીને સરકાર દ્વારા અપાતી શિષ્યવૃતિ તા.૧૬/૧૨/૧૭ ના રોજ રૂા.૧૮૬૬ આવેલ છે જે નાણાં લેવા માટે છેલ્લા દોઢ મહિનાથી રાજપુર પોસ્ટ ઓફિસમાં પોસ્ટ માસ્તર પાસે ધક્કા ખાય છે તે કહે છે કે તમે બજારની હેડ પોસ્ટ ઓફિસમાં જાઓ જ્યારે હેડ પોસ્ટ ઓફિસ માસ્તર કહે છે તમે રાજપુર જાઓ આમ છેલ્લા દોઢ મહિનાથી ચેક પોસ્ટ ઓફિસથી બીજી પોસ્ટ ઓફિસમાં ધક્કા ખાય છે આ અંગે પોસ્ટ માસ્તરનો સંપર્ક કરતાં ફોન ઉપાડેલ નહીં. જ્યારે હેડ પોસ્ટ માસ્તર રહીકભાઈ પઠાણે જણાવેલ કે રાજપુર બ્રાંચની હદમાં આવે છે તો તેમણે આપી દેવા જોઈએ આમ રાજપુર ગવાડી વિસ્તારમાં રહેતા લઘુમતિ પરિવારને સરકાર દ્વારા આપેલ શિષ્યવૃતિ ન મળતા હેરાન-પરેશાન થઈ જવા પામ્યો છે જ્યારે રાજપુર વિસ્તારના પોસ્ટ માસ્તર કેટલાય ગ્રાહકો સાથે ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કરે છે. તેવી બૂમરાડ પણ ઉઠવા પામી છે આ બાબતે પોસ્ટ ઓફિસના સત્તાધીશો સત્વરે ઘટતા પગલાં ભરે તેવો જનમત પ્રવર્તે છે.

પાંથાવાડા નજીકથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપાઈ

દિનેશ ત્રિવેદી

(પ્રતિ.) પાંથાવાડા

બનાસકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર સાહેબે જિલ્લામાં દારૂ જુગારની પ્રવુતિ નેસ્ત નાબૂદ થાય તે અંગે કડક અમલવારી કરવા સૂચના કરતા શ્રી જે.એચ.સિંધવ, પોલીસ ઈન્સ્પેકટર, એલ.સી.બી તથા ગણપતલાલ, નરેશભાઇ, દિગ્વિજયસિંહ, જયપાલસિંહ, વિજયસિંહની ટીમેં પાંથાવાડા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા દરમ્યાન બાતમી હકીકત આધારે ખીમત પાસે નાકાબંધી કરી મારૂતિ જેન ગાડી નં GJ01-HD-5198ની પકડી પાડતા તેની ગાડી માં જોતા વિદેશી દારૂ તથા બિયર ની કુલ બોટલ નંગ-૮૨૮ કી.રૂ ૮૨,૮૦૦/-નો તથા ગાડીની કિ. રૂ.૮૦,૦૦૦ /- એમ કુલ મુદા માલ કિ.રૂ ૧,૬૨,૮૦૦/- નો મળી આવેલ તેમજ ગાડીનો ચાલક તેમજ બાજુમાં બેઠેલ ઈસમ બન્ને ગાડી મૂકી નાસી ગયેલ હોઈ સદરે વિરુદ્ધ માં પાંથાવાડા પો.સ્ટે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

ખીંમત નજીકથી છોટાહાથી ગાડીમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ઈશ્વર રબારી

(પ્રતિ.) દાંતીવાડા

ખીમત ગામની સીમ ખાંગણ જતા ત્રણ રસ્તા ઉપરથી ટાટા કંપનીની છોટા હાથી ગાડી નંબર GJ.01.CU.૦૮૯૭ માંથી પરપ્રાંતિય વિદેશી દારૂ તથા બિયર કિમત રૂપિયા ૩૭,૫૦૦/- તથા છોટા હાથી ગાડી કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- એમ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૭,૫૦૦/- નો મુદામાલ પાંથાવાડા પોલીસે ઝડપી પાડયો હતો.

બનાસકાંઠા જીલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજર તથા એ.એચ.ચૌધરી નાયબ પોલીસ અધિક્ષક થરાદ તથા સર્કલ પો.ઈન્સ. થરાદનાઓએ દારૂના વેચાણ અને હેરાફેરીને સંપૂર્ણ રીતે નેસ્તનાબુદ કરવા સુચના આપેલ હોય અને પાડોશી રાજયમાંથી ધણા મોટા પ્રમાણમાં વિદેશી દારૂ ગુજરાતમાં ધુસાડવામાં આવતો હોય તે સબંધે સઘન વાહન ચેકિંગ તેમજ નાકાબંધી કરવા સુચના આપેલ હોય જે સુચના અને માર્ગદર્શન મુજબ આજ રોજ તા.૯/૨/૨૦૧૮ રોજ પોલીસ સબ.ઈન્સ. બી.એમ.ચૌધરી તથા એ.એસ.આઈ. ચમનસિંહ જવાનજી બ.નં.૧૩૭૯ તથા અ.પો.કો. અમરતભાઇ માધુભાઈ બ.નં.૧૬૩૩ નાઓ પાંથાવાડા પો.સ્ટે.ના ખીમત ઓપી વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા. દરમ્યાન પો.સ.ઈ. બી.એમ.ચૌધરી ને મળેલ બાતમી હકીકત આધારે પંચો સાથે

અનુસંધાન પાના નં.૬

તા.પં.-જી.પં. ચૂંટણી અનવ્યે

પાલનપુરમાં ૧૦૫૦ પોલીંગ સ્ટાફને તાલીમ અપાઇ

પાલનપુર

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચૂંટણી અન્વયે બનાસકાંઠા જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણી કામગીરીની ફરજો સોંપાયેલ ૧૦૫૦ પોલીંગ સ્ટાફને પાલનપુર કર્મચારી કલ્યાણતંત્ર ભવનમાં તાલીમ આપવામાં આવી હતી. મતદાન મથકમાં રાખવાની કાળજી અને કરવાની થતી કાર્યવાહી વિશે માસ્ટર ટ્રેનર ધ્વારા પોલીંગ સ્ટાફને તાલીમબધ્ધ કરવામાં આવ્યો હતો. જિલ્લા અને તાલુકા પંચાયતની ચૂંટણીઓ તટસ્થ, નિર્ભય, નિષ્પક્ષ અને મુકત માહોલમાં યોજાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર તંત્ર ધ્વારા જિલ્લાભરમાં ચૂંટણીલક્ષી વ્યાપક તૈયારીઓ કરવામાં આવી રહી છે.

ધાનેરામાં ચુંટણી કર્મચારીઓની તાલીમ યોજાઇ

એન.કે.મોદી

તા પ્રતિ. ધાનેરા

ધાનેરામાં શ્રી કે.આર. આંજણા આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે તાલુકા પંચાયત જીલ્લા પંચાયતની ચુંટણીમાં મતદાન સમયે કામગીરી માટે મુકવામાં આવેલ સ્ટાફની તાલીમનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં ટ્રેનર બાબુભાઇ ચૌધરીએ મતદાન કઇ રીતે કરાવવુ તેમજ તે વખતે રાખવાની વિવિધ તકેદારીઓ તેમજ ઇ.વી.એમ લક્ષી વિવિધ માહીતી તેમજ તાલીમ આપવામાં આવી હતી. વિધાનસભાની ચુંટણીમાં બુથ ઉપર ૪ કર્મચારીઓ મુકવામાં આવ્યા હતા જ્યારે આ વખતે દરેક બુથ ઉપર ૫ કર્મચારીઓ મુકવામાં આવનાર છે. જેથી મતદાન કઇ રીતે થસે તે બાબતે ઝીણવટભરી માહીતીથી કર્મચારીઓને માહીતીગાર કરવામાં આવ્યા હતા.

ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળ
(ડીસા નગરપાલિકા)

ને.ન.પા./ટીપી/વશી/૧૮૦૪ સને ૨૦૧૭-૧૮ તા.૯/૨/૨૦૧૮

અધિસુચન

ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળ દ્વારા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો - ૧૯૭૯ ના નિયમ - ૧૬ મુજબ મોજે. રાજપુર વિસ્તારની મુસદ્દારૂપ નગર રચના યોજના - ૧ (રાજપુર) ના ઈરાદાની પ્રસિદ્ધી બાબત.

મુસદ્દારૂપ નગર રચના યોજના - ૧ (રાજપુર) ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો - ૧૯૭૯ નાં નિયમ - ૧૬ મુજબ નીચે જણાવ્યા મુજબની ચર્તુસીમામાં સમાવેશ થતાં સર્વે નંબરોને આવરી લેતા વિસ્તાર માટેની મુસદ્દારૂપ નગર રચના યોજના બનાવવાનો ઈરાદો જાહેર કરવા અંગેનો ઠરાવ ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળની જનરલ બોર્ડના ઠરાવ નં - ૩૮૦, તા.૨૯/૧/૨૦૧૮ થી કરેલ છે.

ઠરાવ:- ટી.પી. શાખા તરફથી રજૂ થયેલ કાગળો સભા સમક્ષ વંચાણે લેતા ચર્ચા વિચારણાને અંતે મુસદ્દારૂપ નગર રચના યોજના નં - ૧ (રાજપુર) નો ઈરાદો જાહેર કરવા મુખ્ય નગર નિયોજકશ્રી (ગુજરાત રાજ્ય) દ્વારા નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ - ૧૯૭૬ ની કલમ ૪૧ (૧) હેઠળ પરામર્શ આપેલ હોઈ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમની કલમ ૪૧ (૧) હેઠળ મુસદ્દારૂપ નગર રચના યોજના ૧ (રાજપુર) નો ઈરાદો જાહેર કરી તે અંગેની આગળની તમામ આનુષાંગિક કાર્યવાહી કરવાની સત્તા મુખ્ય અધિકારીશ્રી ડીસા, ટી.પી. કમિટિનાં ચેરમેનશ્રી તથા પ્રમુખશ્રીને આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

તેથી સદરહું અધિનિયમની કલમ ૪૧ (૨) ની જોગવાઈ અનુસાર સદર યોજનાનો ઈરાદો આથી પ્રસિદ્ધ કરી અધિનિયમની કલમ ૪૧ (૩) ની જોગવાઈ અનુસાર યોજનાનો વિસ્તાર દર્શાવતો નકશો ડીસા વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં કામકાજનાં દિવસોએ કચેરીનાં સમય દરમ્યાન જાહેર જનતાને જોવા માટે ખુલ્લો રાખેલ છે.

મુસદ્દારૂપ નગરરચના યોજના નં.૧ (રાજપુર) ના વિસ્તારની ચર્તુસીમા નીચે મુજબ છે.

ઉત્તર:- ડીસા વિસ્તારનાં લાગુ થતાં સ્કીમની બહારના સર્વે નંબર - ૬૧, ૬૨, ૨૦ ની હદ તથા કાચો માર્ગ (વિકાસ યોજના પ્રમાણે જળ પ્રવાહ) વિગેરે

દક્ષિણે:- કાચો માર્ગ તથા રાજપુર વિસ્તારનાં લાગુ થતાં સ્કીમની બહારના રે.સ.નં.૨૧૨/પી, ૨૧૫ / પી ની હદ, વગેરે

પૂર્વે:- રાજપુર વિસ્તારમાં ગણેશપુરા સ્કુલ આગળથી અજાપુરા તરફ જતો ડામર રોડ

પશ્ચિમે:- રાજપુર વિસ્તારના લાગુ થતાં સ્કીમની બહારના રે.સ.નં.૫૪, ૫૭, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૫, ૪૩, ૮૩, ૮૪ ની હદ વિગેરે

ઉપરોકત ચર્તુસીમાની અંદર આવતા મોજે - રાજપુરના સર્વેનંબર વાળા વિસ્તાર (પરામર્શ આપેલ નકશામાં ગુલાબી રંગની હદથી ઘેરાતો વિસ્તાર) નો સમાવેશ મુસદ્દારૂપ નગર રચના યોજના નં - ૧ (રાજપુર) માં થાય છે. (સદરહું અધિસુચન સરકારશ્રીના રાજયપત્ર એકસ્ટ્રાઓર્ડીનરી ભાગ - ૨ માં પેજ નં.૧૬, ૧૭ ઉપર તા.૮/૨/૧૮ ના રોજ પ્રસિદ્ધ થયેલ છે.)

સહી/-
મુખ્ય અધિકારી
ડીસા વિસ્તાર વિકાસ સત્તા મંડળ

તંત્રી સ્થાનેથી ...

આ જગતમાં બહુ સરળ થવા જઈએ તો જગતમાં લોકો દુર્બળ માન છે.

દેશભરમાં શિક્ષિત બેરોજગારોની સમસ્યાને સરકારે નિવારવી જરૂરી

સરકારને જો શિક્ષિત બેરોજગારોની સમસ્યાને નિવારવી હોય તો પોલીસ દળ સહિત અન્ય સરકારી વિભાગોમાં અસંખ્ય ખાલી પડેલી જગ્યાઓ ભરી શકાય. અને સામાન્ય વર્ગના લોકો જે શિક્ષિત થઈને બેહાલ ઝીંદગી પસાર કરી રહ્યા છે. તેઓના અંધકારમય બનેલા ભાવિમાં ઉજાસ લાવી શકાશે.કેમ કે દિવસે દિવસે મોંઘવારીની સમસ્યા ગંભીર બની જવાની છે. સરકારી તંત્રના અમલદારો કે નેતાઓને મોંઘવારી નડી શકે તેમ નથી. કેમ કે સરકાર તરફથી મસમોટુ વેતન, મોંઘવારી ભથ્થુ સહિત બીજી ઘણી બધી સવલતો પ્રાપ્ત થાય છે. અત્યાર સુધી મસમોટા હોદ્દા ભોગવતા લોકોને 'મોંઘવારી' એટલે શું તેનો અંદાજ આવી શકશે નહિં. એ તો સામાન્ય જનોના ભાગ્યમાં મુશ્કેલીઓ આવવાનું લખ્યું હોય છે.

હમણાં રિઝર્વ બેન્કે ખાસ ટકોર કરી છે કે હાલમાં કોઈપણ સંજોગોમાં મોંઘવારી નહિં ઘટે! તેની પાછળનું કારણ એ છે કે એક તો કેન્દ્ર સરકારોએ પણ તમામ કર્મચારીઓના ભથ્થાં વધારી દીધાં, વળી સરકારે ખેડુતોને ટેકાના ભાવમાં બમણો વધારો કરવાની જાહેરાત કરી છે, વળી વિશ્વભરના અર્થતંત્રોમાં તેજીનો પવન ફૂંકાયો છે. તેના કારણે ક્રુડ ઓઈલની માંગ વધે તેવી સંભાવના જણાય છે, સરવાળે આ તમામની અસરરૂપે તમામ ક્ષેત્રોમાં મોંઘવારીનો રાક્ષસ નાચી ઉઠશે.

વળી સરકાર દ્વારા જે બજેટ રજુ કરાયું તેનો દેશ સજ્ઞ વિરોધ થઈ રહ્યો છે. તેમાં વળી આંધ્ર પ્રદેશમાં બંધનું આહવાન કરતાં જનજીવન પર ગંભીર અસર વર્તાઈ છે અને શાળા- કોલેજો પણ બંધમાં જોડાઈ છે.

એક હકીકત છે કે લોકસભામાં સરકાર સંપૂર્ણ બહુમતિ ધરાવે છે કે અને સરકાર સામે અસ્થિરતાનો કોઈ ખતરો પણ નથી. નાણામંત્રીએ જે બજેટ રજુ કર્યું તે તે ખરેખર બજેટ હતું કે ચૂંટણી ઢંઢેરો હતો. તેવું વિપક્ષોમાં ચર્ચાય છે. યુપીએના શાસનથી ત્રાસી ગયેલી જનતાએ દેશમાં પરિવર્તનની આશાએ ભાજપને ટોપલા ભરીને મત આપ્યા પરંતુ તેનો કોઈ અર્થ સર્યો નથી. ઉપરથી બેરોજગારી વધી કાયદો વ્યવસ્થાના ચિંથરા ઉડી રહ્યા છે. અસામાજીક તત્વો પોલીસનો ડર રાખ્યા વિના શાળા- કોલેજોમાં ઘુસીને વિદ્યાર્થીનીઓની છેડતી અને મનમાની કરી રહ્યા છે. શાળા કોલેજોમાં મનફાવે તેવી ફીના ધોરણે શાળા સંચાલકો નક્કી કરી રહ્યા છે. ક્યાંયે કોઈ કાયદાની અસર જણાતી નથી. પછી કેવી રીતે કહી શકાય કે 'મેરા ભારત મહાન'!! હમણાં કેન્દ્ર સરકારે સંસદમાં કબૂલ્યું હતું કે દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં પોલીસ દળોમાં ૧૯ લાખથી વધુ જગ્યાઓ મંજુર થયેલી છે. તેમાંથી સાડા ચાર લાખ જેટલી જગ્યાઓ ખાલી છે. પરંતુ આ મંજુર થયેલી જગ્યાઓ વર્કલોડના પ્રમાણમાં પૂરતી નથી.

દેશમાં પોલીસ જવાનો મોટાભાગે સળંગ ૨૪ કલાક કે ૩૬ કલાકો સુધી ઓન ડ્યુટી રહેતા હોવાના અનેક કિસ્સા બહાર આવ્યા છે, ખાસ કરીને વીવીઆઈપી બંદોબસ્ત આવે ત્યારે શહેરોના પોલીસ મથકો ખાલીખમ થઈ જતાં હોય છે. પછી શહેરમાં કે ગ્રામ્ય વિસ્તારોમાં કાયદો-વ્યવસ્થાના ચિંથરા ઉડી જતા હોય છે. પોલીસ મથકોમાં નોંધાયેલા ગુન્હાઓની તપાસ કામગીરી અટકી પડતી હોય છે. વધારાના કાર્યબોજના કારણે પોલીસ કર્મીઓના આરોગ્ય પર માઠી અસર પડે છે. દેશભરમાં રોજ કેટકેટલા ગુન્હા બનતા હશે. તે બાબતે સરકારે ખરેખર સમીક્ષા કરવી જોઈએ. અમુક ગુન્હાઓની પોલીસ રજીસ્ટરમાં નોંધણી પણ થતી હોતી નથી. આ બાબતે સરકારે સુનિશ્ચિત કરવું જોઈએ.

પીઆજિઓ એપ્રિલિઆ એસઆર ૧૨૫ની રજૂઆત અને એપ્રિલિઆ સ્ટોર્મનાં અનાવરણ સાથે ફન એક્સ્પીયરન્સ પોર્ટફોલિયો વિસ્તાર્યો

અમદાવાદ

ભારતમાં તેની ગ્રૂપ બ્રાન્ડ્સની સફળતાથી પ્રોત્સાહિત થઈ પિઆજિઓ ભારતે આજે એપ્રિલિઆ એસઆર ૧૨૫, એપ્રિલિઆ સ્ટોર્મ સ્કૂટર લોન્ચ કર્યા હતા અને ઓટો એક્સ્પો ૨૦૧૮માં પિઆજિઓ પેવેલિયનમાં સ્કૂટર્સ સાથે નવીન સ્માર્ટ મોબાઈલ કનેક્ટિવિટી ફિચર્સ તેમજ સંપૂર્ણ સેગ્મેન્ટ, કેટેગરી અને ટેક્નોલોજીસમાં વધુ રોમાંચક સંભાવનાઓ દર્શાવી હતી.

પિઆજિઓ ઈન્ડિયાના ૨ વ્હિલર વેપારમાં વર્ષ ૨૦૧૭માં નોંધપાત્ર વૃદ્ધિ જોવા મળી છે. કંપનીએ ૨ વ્હિલર કેટેગરીમાં એકદમ અલગ પ્રીમિયમ પ્રોડક્ટ્સ ઓફર કરી છે તથા તેને ભારતમાં ઉત્પાદનોની નવીન રેન્જ માટે ઊંચી સંભાવનાઓ જોવા મળી રહી છે. કંપની આ પ્રકારની આકર્ષક અને રોમાંચક ઓફર્સ રજૂ કરવાનું અને તીવ્ર ગતિએ વૃદ્ધિ કરવાનું ચાલુ રાખશે. આ રીતે કંપની પિયાજિઓના ઉત્પાદનો ગ્રાહકો સુધી પહોંચે તેની ખાતરી કરશે. પિઆજિઓએ સમગ્ર ભારત અને ઉપખંડમાં તિવ્ર ગતિએ મોટોપ્લેક્સ ફોર્મેટમાં ડિલરશિપ નેટવર્ક વિસ્તરણ પર પણ ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

રેસિંગ ડીએનએની એપ્રિલિઆ બ્રાન્ડ વિશિષ્ટ પ્રકારની સૌપ્રથમ કેટેગરી ઊભી કરતા, ક્રોસઓવર, બાઈક રેન્જના મોટા વ્હિલના હાઈ પરફોર્મન્સ, એસઆર ૧૫૦ અને રેસ રોમાંચક રાઈડિંગની સુવિધા ઓફર કરે છે. આ ઉત્પાદન અસાધારણ હોવાની બાબતનો પુરાવો એ છે કે મોટાભાગના પ્રતિષ્ઠિત પ્રકાશનો દ્વારા તેને સ્કૂટર ઓફ ધ યરના એવોર્ડથી સન્માનિત કરાયું છે. આજે એપ્રિલિઆએસઆર ૧૨૫ મારફત રેન્જ લંબાવવમાં આવી છે. આ સ્કૂટર ૧૨૫ સીસી ઈંધણ કાર્યક્ષમ શક્તિશાળી એન્જિન, ૧૪ ઈંચના મોટા વ્હિલ્સ અને પહોળા ટાયર્સ સાથે ફન રાઈડિંગનો અનુભવ પૂરો પાડે છે અને નવા રંગો સાથે તેની મનમોહક એક્સટિરિયર થીમ તેને આકર્ષક બનાવે છે, લાંબી સીટ્સ અને ઊંચું હેન્ડલ રાઈડર્સને વધુ રાહત પૂરી પાડે છે.

સિમ્સ હોસ્પીટલ પમાં સફળ ટ્રાન્સપ્લાન્ટ બદલ ગર્વ અનુભવે છે

ખુબ જ ટુકા સમયગાળામા સિમ્સની હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ ટીમે પાચમું હાર્ટ ટ્રાન્સપ્લાટ ૧૦૦% સફળતા ના રેશિયો સાથે કર્યુ છે અને તમામ દર્દીઓ સવસ્થ છે.

પાચમા હાર્ટ ટ્રાન્સપ્લાન્ટના દર્દી છેલ્લા ૧ વર્ષથે હાર્ટ ફેલિયર સિસ્ટમથી રિબાતા હતા અને દર ૨ -૩ મહીને હાર્ટ ફેલિયર ના લીધે દાખલ થતા હતા.

હૃદય દાન કરનાર દાતા ને રોડ એકસીડન્ટ થયેલ ને સુરત ની મેટાસ હોસ્પીટલમાં તેમને બ્રેન ડેડ જાહેર કરાયેલ . તેમના પરિવારે તેમના અંગદાનનો નિર્ણય લીધો .

હૃદય પ્રત્યારોપણ ચાર જ કલાકમા કરવામાં આવ્યુ. હૃદયને ૧ કલાકમાં સુરત થી અમદાવાદ એરક્રાફટમાં લવાયુ. અને મેટાસ હોસ્પીટલથી સુરત એરપોર્ટ પર હાર્ટ માત્ર ૧૨ જ મિનીટમા લવાયુ અને અમદાવાદમાં એરપોર્ટથી સિમ્સ ખાતે માત્ર ૨૩ મિનીટમાં હૃદય લવાયુ.

પોસ્ટ સર્જરી બાદ આજે દર્દી બિલકુલ સ્વસ્થ છે.

અમે સિમ્સ હાર્ટ ટ્રાન્સ્પ્લાન્ટ ટીમ ને ગુજરાતના મેડીકલ હિસ્ટ્રીમાં નવા આયામો સ્થાપવા બદલ અભિનંદન આપીએ છીએ.

'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.

વેલેન્ટાઈન ડે ને પ્લેટીનમ લવ બેન્ડ સાથે ઉજવી યાદગાર બનાવો

ખરો પ્રેમ અઢળક આનંદ આપે છે અને દરેક હૃદયને આવા પ્રેમની અપેક્ષા હોય છે અને આ સીમાચિહ્ન રુપ પ્રેમન જુજ અને અમુલ્ય પ્લેટીનમ સાથે ઉજવણીને લાયક છે .તમારા પ્રેમ ને વેલેન્ટાઈન ડે ના દિવસને મનમોહક પ્લેટીનમ લવ બેન્ડના કલેકશન સાથે યાદગાર બનાવો. પ્લેટીનમ લવ બેન્ડના કલેકશનમાં સ્ત્રીઓ અને પુરુષો માટે અદભુત ડીઝાઈન છે. અદભુત સુંદર, ઉતકૃષ્ટ જીણવટભરી કારીગીરી ,અને સર્વેને અપિલ કરે તેવી પ્લેટીનમ લવ બેન્ડની નવી શ્રેણી તેને મોર્ડન કપલના પ્રેમની અભિવ્યકિતનો સિમ્બોલ બનાવે છે. સોના કરતા ૩૦ ગણી જુજ મેટલ એવી પ્લેટીનમ યુવા ઈન્ડિયાની પસંદ બની રહી છે .ઉચ્ચ ગુણવત્તાની મેટલ અને નવીન ડીઝાઈન આંતરરાષ્ટ્રીય ટ્રેન્ડ નુ પ્રતિબિંબ છે. અને તેથીજ આ મેટલ વેલેન્ટાઈન ડેની ઉજવણી માટે તદ્દન સાનુકુળ છે. પ્લેટીનમ જ્વેલરી અગ્રણી રિટેલર્સ ને ત્યા પ્લેટીનમ કાઉન્ટર પર ઉપલબ્ધ છે.

'સ્વામી રામદેવ: એક સંઘર્ષ' માત્ર ડિસ્કવરી જીત ચેનલ પર ૧૨ ફેબ્રુઆરીથી આપને પ્રેરિત કરવા માટે તૈયાર

ફોટો : શાંતી શાહ

નવી દિલ્હી

જેની સૌથી વધુ રાહ જોવાઈ રહી છે એ ડિસ્કવરી ચેનલની નવી એન્ટરટેનમેન્ટ ચેનલ ડિસ્કવરી જીત તેના અર્થપૂર્ણ કન્ટેન્ટ સ્પેનિંગ બાયોપિક્સ, હિસ્ટોરિકલ્સ, ક્રાઈમ અને કોમેડી સાથે શરૂ થઈ રહી છે અને તેમાં ૧૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ના તેના પ્રારંભથી સ્વામી રામદેવનો અગાઉ ક્યારેય ન જોયેલો અવતાર અને તેમના પ્રેરણાદાયી જીવનની સફર વિશે જણાવતા શો 'સ્વામી રામદેવ: એક સંઘર્ષ'માં જોઈ શકાશે. આ શો ૧૨ ફેબ્રુઆરીથી દર વીકડેમાં રાત્રે ૮.૩૦ વાગ્યે જોઈ શકાશે. સ્વામી રામદેવ આજે દેશના ખૂણે ખૂણે લોકપ્રિય છે પરંતુ તેમની પૃષ્ઠભૂમિ વિશે ખૂબ ઓછા લોકોને જાણ છે. તેઓ ક્યાંથી આવ્યા છે? તેઓ મૂળ ક્યાંના છે? તેમની જીવનસફર કેવી છે? તેમના આ ઓફિશિયલ બાયોપિકનું શૂટીંગ રાજસ્થાન, હરિદ્વાર અને મુંબઈ જેવા સ્થળો થયું છે. ડિસ્કવરી જીત સ્વામી બાબા રામદેવની જીવનકથા દર્શાવશે જે ગરીબ ખેડૂતના પુત્ર કઈ રીતે દેશભરની ખ્યાતનામ વ્યક્તિ તરીકે ઓળખાયા.'સ્વામી રામદેવના જીવનમાં અનેક ચડાવઉતાર જોવા મળે છે - જે એક ડિસ્કવરી જીતમાં તે જોવા મળશે અને તેમના સંઘર્ષ વિશે લોકો જાણી શકશે જે ૧૨ ફેબ્રુઆરીથી શરૂ થતા આ શોમાં જોવા મળશે' એમ ડિસ્કવરી કમ્યુનિકેશન્સ ઈન્ડિયાના સિનિયર વાઈસ પ્રેસિડન્ટ અને જનરલ મેનેજર કરણ બજાજે કહ્યું હતું. તેમણે કહ્યું હતું, આખરે ૮૫ એપિસોડની આ એપિક બાયોપિક તૈયાર થઈ છે અને અમને લાગે છે કે તે દેશભરના દર્શકોના હૃદય-મનને તે સ્પર્શી જશે.'

કપલ્સ માટે આ વેલેન્ટાઈન પર સેઈકો પ્રિમિયર વોચ

સેઈકો દ્વારા સ્લીમ, રિફાઈન્ડ પ્રિમિયમ વોચ એ ક્લાસિક ડ્રેસ વોચ છે, જે આધુનિક વિગતો સાથે છે. આ ઘડિયોળો એકદમ ભવ્ય ટાઈમપીસ છે, જે એક અસાધારણ અને સુખદાયક સદ્ભાવમાં ક્લાસિક અને મોડર્નનું મિશ્રણ કરે છે. સ્ટેઈનલેસ સ્ટીલ કેસ અને બ્રેસ્લેટ તેને સોલીડ લૂક આપે છે, પરંતુ કાંડા પર તે હળવી અને આરામદાયક લાગે છે.તેની પરફેક્ટ ડિઝાઈન અને ઉચ્ચ ગુણવત્તા દરેક ઘટકની ચોકસાઈની નિર્માણનું કારણ છે. સેઈકો પ્રિમિયરના બે મોડર્ન ક્લાસિક અહીં ઉપલબ્ધ છે.આ ક્લાસિક ડ્રેસ ઘડિયાળોની જોડીની સાથે પોતાના પ્રેમની ઉજવણી કરો સેઈકો પ્રિમિયર આ વેલેન્ટાઈન પર બે અવિભાજ્ય દંપતી માટે કપલ વોચ લાવે છે. સેઈકોનું પ્રિમિયર કલેક્શન એવા દંપતીઓ માટે છે, જે ક્લાસિક તથા મોડર્ન સ્ટાઈલને પસંદ કરે છે

ઈન્ટરનેશનલ એપિલેપ્સી ડે ૨૦૧૮

એપિલેપ્સી એ મોટાભાગના દર્દીઓમાં ઈલાજ કરી શકાય એવી સ્થિતિ છે એવું નિષ્ણાતો કહે છે. આ એક કોમન ન્યુરોલોજિકલ સ્થિતિઓમાંની એક છે. હૂના જણાવ્યા પ્રમાણે, વિશ્વભરમાં એપિલેપ્સી (વાઈ)થી લગભગ ૫૦ મિલિયન લોકો પીડાય છે જેમાંથી ભારતમાં ૧૨ મિલિયન લોકો તેનો ભોગ બનેલા છે. જેના કારણે તેઓને ગ્લોબલ બર્ડન પર લગભગ પાંચમા ભાગનો હિસ્સો છે. દર વર્ષે વિશ્વભરમાં ૧૨ ફેબ્રુઆરીનો દિવસ ઈન્ટરનેશનલ એપિલેપ્સી ડે તરીકે ઉજવવામાં આવે છે.

એપિલેપ્સી એ ભારતમાં ઘણી ગંભીર સમસ્યા છે. આ સૌથી સામાન્ય રીતે જોવા મળતા ન્યુરોલોજિકલ ડિસઓર્ડર્સમાંનો એક છે અને તેની તમામ વયજૂથના લોકોને અસર થતી હોય છે. લોકોએ એ સમજવાની જરૂર છે કે આ એક ઈલાજ થઈ શકે એવો રોગ છે. 'અનેક લોકો એપિલેપ્સીથી પીડાતા લોકો કે તેમના પરિવારો આ વાત જાણતા નથી હોતા, તેથી એ ખૂબ જરૂરી છે કે તેના વિશે જાગૃતિ ફેલાવવામાં આવે અને મેડિકલ કેરમાં સુધારો કરવામાં આવે.''વહેલું નિદાન આવશ્યક છે જેથી સંપૂર્ણ સારવાર થઈ શકે. એપિલેપ્સી થવાના કારણો અને તેના જોખમી પરિબળોની યોગ્ય સમજ ભારતમાં એપિલેપ્સીના અસરકારક મેનેજમેન્ટ માટે જરૂરી છે, જ્યાં મોટાભાગના દર્દીઓને તેની અપૂરતી સારવાર મળી રહી છે.'

એક અંદાજ પ્રમાણે, ભારતમાં દર ૧૦૦૦ લોકોમાંથી ૯ લોકો એપિલેપ્સીથી પીડાતા હોય છે અને તેમાં મોટભાગના લોકોને હજુ અપર્યાપ્ત સારવાર મળે છે અથવા સારવાર મળી હોતી નથી. એન્ટિએપિલેપ્ટિક ડ્રગ્સની જાણકારી, ગરીબી, સાંસ્કૃતિક માન્યતા, સ્ટીગ્મા, નબળું આરોગ્યલક્ષી માળખું અને તાલીમબદ્ધ પ્રોફેશનલ્સની અછત સારવારમાં અંતરાય માટે જે યોગદાન આપે છે, તે અંદાજે ભારતમાં દર ૧૦૦-૨૦૦માંથી ૧ હોય છે, જે એપિલેપ્સીથી પીડાય છે અને છતાં તેને આ શું છે તેના વિશે કંઈ જ ખબર નથી. એપિલેપ્સી સાથે મોટી સમસ્યા એ છે કે આપણા દેશમાં તેનું નિદાન વિલંબથી થાય છે. જ્યાં સુધીમાં તેની ગંભીરતા વધી જાય છે ત્યાં સુધીમાં દર્દી પુક્ષ બની ગયો હોય છે.

વોડાફોને મુંબઈ, દિલ્હી-એનસીઆર અને ગુજરાતમાં VoLTE સર્વિસ શરૂ કરી

ભારતની અગ્રણી ટેલીકમ્યુનિકેશન સર્વિસીસ પ્રોવાઈડર્સમાંની એક વોડાફોને આજે મુંબઈ, દિલ્હી-એનસીઆર અને ગુજરાત (સુરત અને અમદાવાદ)માં તેની વોઈસ ઓવર LTE (VoLTE) સેવા શરૂ કરવાની જાહેરાત કરી હતી. વોડાફોનનાં ૪ર સિમ સાથે લોકપ્રિય ૪ર મોબાઈલ ડિવાઈઝ પર સુલભ વોડાફોન ફોર્ન્ડીનો ઉપયોગ કરીને ગ્રાહકો કોલ કરી શકે છે અને સુપર કોલ કનેક્ટ સાથે HD ગુણવત્તાયુક્ત સ્પષ્ટ વોઈસનો લાભ લઈ શકે છે, જેથી વોડાફોનનાં ડેટા સ્ટ્રોંગ નેટવર્કની સર્વિસનો શ્રેષ્ઠ અનુભવ મેળવે છે. વોડાફોન સુપરનેટ 4Gનાં ગ્રાહકો કોઈ પણ વધારાનાં ચાર્જ વિના વોડાફોન ફોર્ન્ડીની સેવા મેળવી શકે છે અને તમામ કોલનાં ચાર્જ વર્તમાન પ્લાન કે પેકનાં લાભ મુજબ લાગુ થશે.

વોડાફોન VoLTEનો લાભ આ રીતે મેળવવો

૧. ગ્રાહકો તમામ VoLTE સક્ષમ ઉપકરણો પર વોડાફોનની ફોર્ન્ડી સેવા મેળવી શકે છે. કેટલાંક લોકપ્રિય હેન્ડસેટ વોડાફોનનાં ફોર્ન્ડી નેટવર્ક મેળવવા સક્ષમ છે અને આ પ્રકારનાં હેન્ડસેટની સંખ્યામાં ઝડપથી વધારો થઈ રહ્યો છે. તમે તમારાં હેન્ડસેટ પર વોડાફોન VoLTE સર્વિસ મેળવી શકશો કે નહીં એ ચકાસવા આ લિન્ક પર ક્લિક કરો – www.vodafone.in/volte

૨. મોબાઈલ ઉપકરણની ઓપરેટિંગ સિસ્ટમનાં લેટેસ્ટ વર્ઝનને અપગ્રેડ કરો ૩.ઉપકરણમાં વોડાફોન ૪ર સિમ સુનિશ્ચિત કરો: ડ્યુઅલ-સિમ હેન્ડસેટની સુવિધા ધરાવતાં ગ્રાહકોએ સુનિશ્ચિત કરવું પડશે કે વોડાફોન 4Gનું સિમ ડેટા સિમ સ્લોટ/સ્લોટ ૧માં ઈન્સર્ટ કર્યું છે અને નેટવર્ક મોડ "4G/3G/2G (Auto)" રીતે સેટ કરેલ છે.

હાઈકે એરટેલની પહેલ 'મારો પ્રથમ સ્માર્ટફોન' અંતર્ગત બધા ડિવાઈસ પર 'ટોટલ, બિલ્ટ બાય હાઈક' આપવા માટે કરાર કર્યા

ભારતની ઘરેલુ નિર્મિત મેસેજીંગ એપ હાઈકે ભારતી એરટેલ (એરટેલ) સાથે વ્યુહનિતિક ભાગીદારીની ઘોષણા કરી જેનો હેતુ એરટેલની વિશેષ પહેલ 'મારો પ્રથમ સ્માર્ટફોન' અંતર્ગત બધા ડિવાઈસ પર 'ટોટલ, બિલ્ટ બાય હાઈક' ની સુવિધા પ્રદાન કરવાનો છે. માર્ચ ૨૦૧૮ માં 'મારો પ્રથમ સ્માર્ટફોન' પહેલ અંતર્ગત ઉપલબ્ધ પસંદગીના સ્માર્ટફોનમાં 'ટોટલ' પ્રિ-ઈન્સ્ટોલ છે જે તેનું વિશેષ ફિચર છે. હાઈક ટોટલ દ્વારા યુઝર્સ માટે એકટિવ ડેટા વગર પણ મેસેજીસ, રિચાર્જ અને કેટલીય જરૂરી સેવાઓ મેળવવી સરળ બનશે. તેઓ માત્ર રૂ. ૧ થી શરૂ થતા ડેટા પેક સાથે ઓનલાઈન થઈ શકે છે. 'ટોટલ, બિલ્ટ બાય હાઈક' એન્ડ્રોયડનું રિફાઈન્ડ વર્જન છે, તેમાં ૪ મુખ્ય તત્વો વપરાશકાર વચ્ચે સંપર્ક-સંવાદનો સરળ અને બજોડ વિકલ્પ પ્રદાન કરે છે.

૧. સિંગલ લોગ-ઈન: ફોન નંબરના માધ્યમથી સિંગલ લોગ-ઈન કરવાથી બધી ટોટલ સેવાઓ ઉપલબ્ધ થશે જેવી કે મેસેજ, સમાચાર, જન્મકુંડળી, ક્રિકેટ સ્કોર, રિચાર્જ, રેલ્વે માહીતી વગેરે.

૨. લાઈટ સર્વિસીસ:- 'ટોટલ, બિલ્ટ બાય હાઈક' ની વિવિધ સેવાઓ માટે માત્ર ૧૦૦ કેબી થી ૧ એમબી સુધીનો ડેટા ખર્ચ થાય છે જેથી ડિવાઈસ પર હળવી ફૂટપ્રિન્ટ બને છે.

૩. ડેટા વગર પણ સેવાઓ ઉપલબ્ધ: ટોટલની બધી સેવાઓની પ્રોપરાઈટરી ટેકનોલોજીના કારણે ડેટા વગર પણ ઉપલબ્ધ થશે. તે કંપની દ્વારા વિશિષ્ટરીતે નિર્મિત યૂએસએસડી પ્રોટોકોલ પર કાર્ય કરે છે જે ડેટા એકટિવ ન હોય ત્યારે પણ યુઝરને કોઈ પણ અટચણ વગરે સેવાઓ આપે છે.

૪. સેશે ડેટા પેક: યુઝર ટોટલનું માત્ર રૂ. ૧ નું સેશે ડેટા પેક ખરીદી શકે છે, આમ સામાન્ય લોકો ન્યૂનતમ કિંમત પર ડેટા સાથે જોડવાનું લક્ષ્ય પૂરૂ થશે.

કૈનન ને ફોટો પ્રિંટિંગમાં સર્વશ્રેષ્ઠ ગુણવત્તાનાં માનકો નક્કી કર્યા, ચમત્કારીક ડ્રીમલાબો ૫૦૦૦નાં દેશમાં સાતમાં ઈસ્ટાલેશનનું સાક્ષી બન્યું.

દેશમાં ઈમેજિંગનાં ક્ષેત્રમાં અગ્રમી કૈનન ઈન્ડિયા, પોતાની ફ્લૈગશિપ પેશકશ ડ્રીમ લાબો ૫૦૦૦ ના સાતવા ઈન્સ્ટાલેશન સાથે ડિજટલ ફોટો પ્રિટિંગનાં ક્ષેત્રમાં મજબુતીથી પોતાનું સ્થાન જમાવાની તૈયારીમાં છે. કૈનન ભારતનાં પ્રોફેશનલ પ્રિટિંગ પ્રોડક્ટસ પોર્ટફોલિયોમાંથી આ ચમત્કારીક ફોટો પ્રિન્ટીગને આજ કોચ્ચીમાં ફોટો પાર્ક ડિજિટલ પ્રેસમાં આવેલ પદ્મા જંકશનમાં ઈન્સ્ટાલ કર્યું. કોચ્ચી અમારા માટે મહત્વપુર્ણ બજાર છે, શહેરમાં ત્રીજા ઈનસ્ટાલેશન સાથે અમારી આ વિખ્યાત પોટો પ્રિન્ટીગ તકનીકને જલદી સ્વીકારવા માટે અમે આ ક્ષેત્રને અભિનંદન આપવા માંગીએ છીએ. અમારા ઉત્પાદનો જેમકે ઈઓએસ પડી માર્ક઼ફ તથા ડ્રીમલાબો ૫૦૦૦ એ દેશમાં વૈડિંગ ફોટોગ્રાફી અને પ્રિન્ટીંગ ઈન્ડસ્ટ્રીનાં ક્ષેત્રમાં ક્રાન્તિ લાવી દીધી છે. ભારતમાં વૈડિંગ ફોટોગ્રાફી સેગમેન્ટમાં ઉચ્ચકોટીનાં ફોટો શિટંગ તથા પ્રિન્ટીગની માંગ નિરંતર વધી રહી છે. તેને ધ્યાનમાં રાખીને ઈન્ડસ્ટ્રીમાં પ્રિમીયમ ફોટો પ્રિન્ટિંગ માટે શાનદાર અવસર મોજુદ છે. ફોટો ગુણવત્તાની સાથે ઉચ્ચ ઉત્પાદકામાં નવા માનક સ્થાપિત કરવાની સાથે જ ડ્રીમ લાબો ૫૦૦૦ પારસ્પરિક, હૈલાઈડ તકનીકનો ઉચ્ચ ગુણવત્તા યુક્ત વિકલ્પ સાબિત થઈને ફોટો ઈમેજિંગ ઈન્ડસ્ટ્રીનાં ક્ષેત્રમાં ક્રાન્તિકારી પરિવર્તન લાવી રહ્યાં છે.

તંદુરસ્ત વાળ માટે તંદુરસ્ત આહાર આવશ્યક: રાધિકા દેસાઈ

અમદાવાદ

બુધવારે અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન ખાતે તંદુરસ્ત આહારની વાળ અને જેની ઉપર વાળ ઉગે છે તે ત્વચાને થતી અસર અંગે એડવાન્સ્ડ હેર સ્ટુડિયોના ઉપક્રમે રોટરી ક્લબ ઓફ અમદાવાદ નોર્થના લાભાર્થે પ્રસિધ્ધ આહારશાસ્ત્રી રાધિકા દેસાઈની આગેવાની હેઠળ હેર કેરના નિષ્ણાંતો સાથે યોજાયેલ ચર્ચા બેઠકમાં વાળની સંભાળ અંગેની કેટલીક વ્યાપક માન્યતાઓ દૂર કરાઈ હતી. આ બેઠકમાં રાધિકા દેસાઈએ તંદુરસ્ત આહારની તંદુરસ્ત ટેવો વાળની સંભાળ માટે કેટલી મહત્વન છે તે અંગે ખ્યાલ આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે તંદુરસ્ત આહાર અંગે સામાન્યપણે પ્રવર્તતી માન્યતાઓ લોકો જાણતાં હોવા છતાં તેની અવગણના કરે છે. તંદુરસ્ત આહારથી શરીરને તો પોષણ મળે જ છે, પરંતુ જેની પર વાળ ઉગે છે તે ત્વચાને જરૂરી પોષક તત્વો મળી રહેતાં વાળને પુન:જીવન પ્રાપ્ત થાય છે. "વિટામીન અને ખનિજ તત્વો ધરાવતા સંપૂર્ણ આહારથી વિપુલ પ્રમાણમાં અને ચમકદાર વાળ પ્રાપ્ત થાય છે. એડવાન્સ્ડ હેર સ્ટુડિયો દ્વારા કેટલીક અનોખી પ્રક્રિયાઓ વિકસાવાઈ છે, જેને એડવાન્સ્ડ ફીટનેસ પ્રોગ્રામ તરીકે ઓળખવામાં આવે છે અને વાળ ખરતા અટકાવવા તથા હયાત વાળની જાળવણી માટે આ પ્રક્રિયાઓને ઉત્તમ સારવાર ગણવામાં આવે છે. તેનાથી તમારા હાલના પાતળા અને નબવા વાળ જાડા બને છે અને જ્યાં રસસ્ત્રાવ (FOLLICLES) જીવંત હોય ત્યાં વાળની ત્વચા અને તેના ટેક્ષચરમાં સુધારો થાય છે. એડવાન્સ્ડ હેર સ્ટુડિયો, ફીટનેસ અને હોમ પ્રોગ્રામ દ્વારા જે લોકોને પાતળા વાળની અથવા તો વાળ ખરવાની સમસ્યા હોય તેમને લાભ થવાની ખાત્રી રહે છે. આ પ્રક્રિયાથી દુનિયાભરમાં હજારો ગ્રાહકોને લાભ થયો છે.

રાણી મુખર્જી: "હું પ્રેમથી મિથુન દાને મારા મામા કહું છું."

ઝી ટીવીના પ્રસિદ્ધ ડાન્સ રિયાલિટી શો, ડાન્સ ઈન્ડિયા ડાન્સે સમગ્ર દેશના દર્શકોને જેમાં દર સપ્તાહે જાદુઈ પર્ફોર્મન્સ મનોરંજન પુરું પાડ્યું છે. જેવો શો સેમી- ફાઈનલના સપ્તાહમાં પહોંચ્યો છે, ત્યારે સ્પર્ધકો પણ આગળ વધી રહ્યા છે અને સ્પર્ધકો માસ્ટર્સ જ નહીં પરંતુ સમગ્ર રાષ્ટ્રની દિલ જીતવા માટે તેમની મર્યાદાને આગળ વધારી રહ્યા છે અને ગ્રાન્ડ ફાઈનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરવા માટે તૈયારી કરી રહ્યા છે. આ સપ્તાહે, દર્શકો માટે એક સુંદર સરપ્રાઈઝ તૈયાર છે, કારણકે, બોલિવુડની રાણી, રાણી મુખર્જી, શોમાં તેની સૌથી વધુ રાહ જોવાતી કમબેક મૂવી હિચકીના પ્રમોશન માટે આવી રહી છે, ઉપરાંત સ્પર્ધકોને પણ આગળ વધવા માટે પ્રોત્સાહિત કરશે.સ્પર્ધકોએ રાણી મુખર્જીને આવકારવા માટે તેના પ્રસિદ્ધ ગીતો તૈયાર કરી અને તેના સુપર હિટ ગીત 'કોઈ મિલ ગયા' પર તેની સાથે ડાન્સ કર્યો હતો. સેમી ફાઈનાલિસ્ટ નૈનિકા, શિવમ, સંકેત, સુજન, દિપક, સચીન અને પિયુષે અત્યંત દાર્શનિક પર્ફોર્મન્સીસ રજૂ કર્યા, જેનાથી સેલિબ્રિટી જજ રાણી મુખર્જી પર અત્યંત સારી છાપ છોડી. રાણી એ પણ તેના ગીત 'આતી ક્યા ખંડાલા' પર સ્પર્ધકો, માસ્ટર્સ અને ગ્રાન્ડ માસ્ટર મિથુન દાની સાથે ડાન્સ કર્યો. વધુમાં મિથુન દાએ રાણી સાથેના તેમના ખાસ સંબંધ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

શો દરમિયાન, રાણીએ તેની ફિલ્મ હિચકી વિશે પણ વાત કરી અને તેને સ્પર્ધકોને ફાઈનલમાં તેના પર્ફોર્મન્સ માટે પણ પ્રોત્સાહિત કર્યા. દર્શકો પણ ટોચના ૭ પર્ફોર્મરના આકર્ષક પર્ફોર્મસના સાક્ષી બન્યા. જ્યારે દીપર હુલસુરેએ 'હવાયેં' પર ડેરડેવિલ એક્ટ કરીને રાણી પર છાપ છોડી અને તેને ખૂબ જ પ્રસંશા મેળવી, સંકેતએ 'મેરે બિના' પર એક્ટ કરીને જજ અને માસ્ટર્સને પણ અવાચક કરી દીધા. સેમી- ફાઈનાલિસ્ટના જાદુઈ પર્ફોર્મન્સીસના સાક્ષી બનવા માટે, જોતા રહો ડાન્સ ઈન્ડિયા ડાન્સ દર શનિવાર અને રવિવાર સાંજે ૯ વાગ્યે ફક્ત ઝી ટીવી પર

આલ્ફા કોલેજના સિવિલ એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટ દ્વારા "સ્ટુડન્ટ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ" યોજાયો

આલ્ફા કોલેજ ઓફ એન્જિનિયરીંગ એન્ડ ટેકનોલોજીના સિવિલ એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટે ડિગ્રી સિવિલ એન્જિનીયરીંગ ડિપાર્ટમેન્ટે ડિગ્રી સિવિલ એન્જિનીયરીંગના ફાઈનલ અને પ્રિ-ફાઈનલ યરના વિદ્યાર્થી અને ડિપ્લોમા સિવિલ એન્જિનીયરીંગના ફાઈનલ યરના વિદ્યાર્થી માટે "સ્ટુડન્ટ ઈન્ટર્નશીપ પ્રોગ્રામ"નું આયોજન કર્યું હતું. "એકેડેમી ફોર પ્રોફેશનલ અને પર્સનલ ડેવલપમેન્ટ" ગ્રુપ દ્વારા પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ઈન્ટર્નશીપ પ્રોગ્રામનો મુખ્ય ઉદ્દેશ ઉદ્યોગો અને એકેડમી સાથે ચાલી રહેલ પ્રોજેક્ટ વચ્ચેના અંતરને દૂર કરવાનો છે, જેથી વિદ્યાર્થીઓ વર્કીંગ સાઈટ, બાંધકામના ક્ષેત્રમાં વિકાસ અને બાંધકામ ક્ષેત્રની વર્તમાન સ્થિતિ અંગે જાણકારી મેળવી શકે. વિદ્યાર્થીઓએ આ ઈન્ટર્નશીપ પ્રોગ્રામમાં સક્રિય રીતે ભાગ લીધો.

૯૦૦૦ ફુટમાં લગ્ન ? કાશ્મીરે તેને શક્ય બનાવ્યું !

અમદાવાદ

નીચાણવાળા વિસ્તારોની પરિસ્થિતિ શાંતિપુર્ણ છે તેની ખાતરી કરીને જમ્મુ અને કાશ્મીર ટુરીઝમ નવી પ્રવૃતિઓની શરૂઆત સાથે ઉનાળાની તૈયારીઓ કરી રહ્યું છે. આમાં કાશ્મિરને નવા વેડિંગ સ્થાન, જેલમમાં રી- બ્રાન્ડેડ રીવર ક્રુઝ, હાથવગા નવા સ્થાનો, લાઈટ અને સાઉન્ડ શોની પુર્ન શરૂઆત, સોનમાર્ગમાં રીવર- રાફ્ટીંગ, સેફરોન ટ્રેઈલ, કાશ્મીર અને લેહ- લદ્દાખમાં હેરીટેજ પ્રવૃતિઓ, ખીણ વાળા વિસ્તાર અ લદ્દાખમાં નવા ટ્રેકીંગ માર્ગો અને પ્રવાસીઓમાં મોટાભાગે બિન જાણીતા ખીણમાં રહેલા ૨૨૦૦ તળાવોમાંથી નાણાં ઉભા કરવાનાં પ્રયાસનો સમાવેશ થાય છે. જમ્મુ અને કાશ્મીર ટુરીઝમ અધિકારીઓ તેમનાં લોકપ્રિય સ્થાનો પર આવવા માટે લોકોમાં વિશ્વાસ સીંચવા માટે સમગ્ર દેશમાં રોડ શો કરી રહી છે. ટોચની હોટેલ ચેઈન જેવી કે રેડિશન, હયાત, આઈટીસી, મેરીયટ ઈન્ટરનેશનલ, લેમન ટ્રી હોટેલ ખીણમાં પહેલેથી સ્થાપિત છે, તેની રૂમ ક્ષમતા પણ વધારો કરવા સુયોજિત છે. જમ્મુ અને કાશ્મીરમાં ટુરીઝમ ફક્ત એક ઉનાળાની સીઝનમાં કે તીર્થયાત્રા દરમિયાન જ પરંતુ સમગ્ર વર્ષ દરમિયાન મર્યાદિત છે. આમાં ગુજરાત મહત્વની ભુમિકા ભજવે છે. કુલ સ્થાનિક પ્રવાસનોમાંથી ૪૦ ટકા ગુજરાતથી આવે છે અને તેના પછી મહારાષ્ટ્રનો નંબર આવે છે. કાશ્મીરની ટ્રાવેલ એજન્ટ સોસાયટી ૧૯૬૭માં સ્થપાયેલ સૌથી જુના એસોસિયેશનમાંથી એક છે જે હાલમાં તેના સભ્યો તરીકે ૧૨૦ ઈનલાઈટ ટુર ઓપરેટરો ધરાવે છે. કાશ્મિરમાં લોકોને બોલવતા પહેલા અને તેઓ ગમેત્યાં શ્રેષ્ઠ યજમાનગીરીનો અનુભવ કરી શકે તેમ માટે અમે પેન ઈન્ડિયા ભારતમાં ૨૦ શહેરોમાં કરી છે.

કિલ્લોલકુંજ

બાળકોને આનંદ કિલ્લોલ કરાવે...

ગમ્મત સાથે જ્ઞાન પીરસે...
અને કવિતાઓ માટે 'કલમપ્રસાદી' વિભાગ પણ ખરો...

પતિ જમવા બેઠો હતો. જમતાં જમતાં પત્નીને બુમ પાડી, ડાર્લીંગ તેં આ શાક બનાવ્યું છે, તેને શું કહેવાય ?

પત્નીઃ એવું કેમ પુછો છો ?

પતિઃ મારે પણ સ્વર્ગમાં મર્યા પછી જવાબ તો આપવો પડશે ને શું ખાઈને મર્યો હતો ?

0000

દિકરો : મમ્મી અભિનંદન આઠ જન્મ માટે મને નોકરી મળી ગઈ.

મમ્મી : અરે વાહ ! કેવી રીતે ?

દીકરો : મમ્મી મને એકતાકપુરની ડેઈલી સીરીયલમાં કામ મળી ગયું છે.

0000

એક ખેલાડીએ જમતાં જમતાં પત્નીને કહ્યું, આજે પાછું તે રીંગણનું શાક બનાવ્યું ? તને ખબર છે વધારે પડતાં રીંગણ ખાવાથી માણસ બીજા જન્મમાં ગધેડો બને છે ? તો આ વાત તો તમારે ગયા જન્મમાં ધ્યાન રાખવી જોઈએ ને ? પત્નીએ છગ્ગો માર્યો.

0000

એક કંજુસને લોટરી લાગી. પંડીતે કહ્યું, કંઈક ભગવાનને પણ અર્પણ કરો.

કંજુસે બધા પૈસા હવામાં ઉડાડયા અને કહ્યું, ભગવાન તારે જેટલા જોઈએ એટલા રાખી લે જમીન પર પડશે એટલા બધા મારા.

0000

ટીચર : પપલુ કંઈક બોધપાઠવાળો તારા જીવનનો કોઈ એક કિસ્સો સંભળાવ..

પપલુ : મેં એને ફોન કર્યો તો એ સુતી હતી.. પછી તેણે મને ફોન કર્યો.. તો હું પણ સુતો હતો. જેવું કરો તેવું ભરો..

મધુવન

'અંતિમ દર્દ હોય તો આવે છે સ્તબ્ધતા,
સાચો વિરહ છે એ જે રડાવી નહીં શકે'

શીર્ષક શે'ર ગુજરાતી ગઝલના ગાલીબ ગણાતા 'સ્વ મરીઝ' નો છે. સાચા વિરહમાં સ્વજન, પ્રેમીજનની આંખમાં આંસુઓ આવતા નથી તે રડીને યાદને વહાવી દેતા નથી. માત્ર સ્તબ્ધ બની જાય છે, કબીર કહે છે એમ જ હૃદયમાં આગ ભડભડતી હોય ને બહાર ધુમાડો પ્રગટ નહીં થવા દેવાનો. એ તો જેને લાગી હોય એને ખબર પડે, આથી જ કવિ રમેશ પારેખ કહે છે કે :

'વળગ્યું છે સ્તબ્ધ તાળું, ભીંસોભીંસ બારણે,
ચાલ્યું ગયું બધું જ હવે, શકયતાથી દુર !'

તાળું 'અહીં કોઈ રહેતું નથી' એવું આપણને કહે છે. ભીંસોભીંસ બારણે સ્તબ્ધ તાળું વળગ્યું છે. કવિ આ શબ્દો દ્વારા આપણને કહેવા માંગે છે કે હવે સ્વજનનો મેળાપ શકય નથી.બેલીએ કહ્યું છે કે, વિયોગ હૃદયને વધારે આસકત બનાવે છે.

'તું મને મળશે હવે તો ઓળખી શકશે નહીં,
એટલો મુજમાં પડયો છે ફેર તારે કારણે'

'બેફામ'ના શે'ર માં સ્વજન વિના જીવતા શાયરમાં પડેલા ફેરની વાત વ્યકત થઈ છે. જેના વિના જીવવું શકય ન હોય જેના સથવારાની સહવાસની આદત પડી ગઈ હોય એવી વ્યક્તિ જો ચાલી જાય તો વ્યક્તિ જેવો પહેલાં હોય છે એવો પછી રહેતો નથી.

'આંસુ વિષાદનાં ન તો આવે છે યાદનાં,
ખુટી ગયો છે જાણે, ખજાનો વિયોગનો'

ગઝલસમ્રાટ સ્વ.અમૃત 'ઘાયલ' ના આ શે'ર માં પણ હૃદયની એ સ્થિતિને સમજાવવાની કોશીશ થઈ છે. જ્યારે પ્રિયજન વિના જીવતા શાયરની આંખમાં વિષાદનાં કે યાદનાં આંસુઓ આવતાં નથી. જાણે વિયોગનો સઘળો ખજાનો ખુટી ગયો હોય એવું લાગે છે. જીવનમાં ઘણાં એવાં પાત્રો મળી જાય છે જેના વિના જીવવું તો મુશ્કેલ થઈ જાય છે પરંતુ એની યાદમાં અશ્રુ વહાવવા પણ યોગ્ય લાગતાં નથી.

'ગગનમાં એમ તારા ઝળહળે છે,
દુ:ખી લોકોનાં જાણે દિલ બળે છે'

ઘણીવાર સાચું લાગે છે; કોઈએ કહ્યું છે કે કોઈ વિરાટ સ્વપ્નના ટુકડાઓ થયા હશે અને એમાંથી આકાશનું સર્જન થયું હશે, આકાશમાં ચમકતા, ટમકતા સિતારો, વિરહીજનોના સાથીઓ છે, રાતભર વિયોગમાં ઝુરતાં પ્રેમીજનો સિતારાઓ ગણતાં બેસી રહે છે. ચંદ્રની કળાઓ જોયા કરે છે એવું પણ વિચારે છે કે આ સમયે આજે જેમ હું ચંદ્રને જોઈ રહ્યો છું, એમ જ સામે પોતાની પ્રિયતમા પણ ચંદ્રને જોઈ રહી હશે. ઘણા પ્રેમીઓ ખરતા તારા જોઈને પોતાના પ્રેમીને યાદો કરે અને મળવાની કલ્પના પણ કરે છે અને એવી માન્યતા પણ છે.

'એ તો ગયા પણ એમના ચહેરા રહી ગયા
લાગ્યા કરે છે કે એ જવાનું ભુલી ગયા'

જવાહરબક્ષીના શે'ર માં પ્રિયજન જાણે ચાલ્યા જવા છતાંયે નથી ગયાં. ચોમેર એમની યાદ છે. હવામાં એમના શબ્દો છે, આંગણામાં પગલાં છે. પ્રત્યેક ચીજવસ્તુઓમાં સઘળે પ્રિયતમનાં જ દર્શન થાય છે. આથી શાયર કહે છે કે એ ગયાં તો છે પણ ચહેરો અહીં જ ભુલીને ગયા છે. એમનો ચહેરો શાયરની કલ્પના ચક્ષુ સમક્ષ તરવરે છે. ત્યારે લાગે છે કે ચોસ એ જવાનું ભુલી ગયા છે.

'જીવનમાં કેટલાકને મળ્યા છે ઉજાગરા,
પણ એકલા વિરહને ફળ્યા છે ઉજાગરા'

શેખાદમ આબુવાલાના આ શે'ર માં વિરહીજનોની વેદના વ્યકત થઈ છે. હોવેલ કહેછે કે અંતર મિત્રતા અને પ્રેમ વધારે છે. વિરહ એમને મધુર બનાવે છે. કવિ કાલીદાસે કહ્યું છે કે કઠીન વિરહ પણ મીલનની આશામાં સહ્ય બની જાય છે. છેલ્લે વોટસઅપ આવેલો આ સરસ શે'ર

'મુજે સિર્ફ ઈતના બતા દો ઈંતજાર કરૂં,
યા બદલ જાઉં તુમ્હારી તરહ..!'

ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)
મો. ૯૪૨૭૬૪૪૬૧૧

તું સાચી હું ખોટો

થઈ ગયા છે હોઠ પરાયા, હવે તરસને વાળો જી..
તું સાચી હું ખોટો ઉકલ્યો, વર્ષો જુનો તાળો જી..
સ્તબ્ધ થઈ ગઈ બધી ઉર્મીઓ, હવે કરું શું ચાળો જી ?
તોય હજી પડઘાય ભીતરમાં, આંખોનો ઉલાળો જી..
તું સાચી હું ખોટો ઉકલ્યો, વર્ષો જુનો તાળો જી..
લીલુંછમ મારૂં ચુંબન જો, બળી શકે તો બાળોજી..
સમય મળે તો કરજે મારાં, આંસુનો સરવાળો જી...
તું સાચી હું ખોટો ઉકલ્યો, વર્ષો જુનો તાળો જી..
હવે ગઝલમાં ટળવળતા આ, પસ્તાવાને ભાળો જી...
અમે અમારી હાથે પીંખ્યો, અરમાનોનો માળો જી...
તું સાચી હું ખોટો ઉકલ્યો, વર્ષો જુનો તાળો જી..
યાદોના આ ફરફોલાને, આંસુથી પંપાળો જી..
તુટી ગ્યો છે આજ ફરીથી, સાંઈને સંભાળો જી...
તું સાચી હું ખોટો ઉકલ્યો, વર્ષો જુનો તાળો જી..

સાંઈરામ દવે

નિશાળે જાવું

ભાઈ મને મુકવા આવ મારે નિશાળે જાવું છે
ભણી ગણીને મારે વૈજ્ઞાનીક બનવું છે
વૈજ્ઞાનીક બનીને મારે નવું નવું જાણવું છે
ભાઈ મને. .ભણી ગણીને મારે
ડૉકટર મારે થાવું છે, ડૉકટર થઈને મારે
લોકોની મદદ કરવી છે.. ભાઈ મને...
ભણીગણીને મારે સૈનિક બનવું છે
સૈનિક બનીને મારે લોકોની મદદ કરવી છે
ભાઈ મને..

અજય જે. ડાભી (પાંથાવાડા)

સત્યની દૌલત

ઘણાં વરસોની પહેલાની આ વાત છે. જ્યારે બગદાદમાં નસીરૂદીન નામનો એક ઈમાનદાર વ્યક્તિ રહેતો હતો.

એક વાર નસીરૂદીનને કોઈ કારણસર જહાજમાં બહાર જવાનું થયું. બહાર જતાં પહેલાં નસીરૂદીને જોઈતો સામાન પોતાની સાથે લઈ લીધો અને સાથે એક હજાર સોનામહોરો પણ લીધી.

નસીરૂદીનના સારા અને મીલનસાર સ્વભાવથી લોકો ખુબ જ પ્રભાવિત થયા હતા. એક દિવસ વાતો વાતોમાં નસીરૂદીને પોતાની પાસે રાખેલ સોનામહોરો એક યાત્રીકને બતાવી દીધી. આટલી બધી સોનામહોરો જોઈને પેલા યાત્રિકની દાનત બગડી. તે કોઈપણ પ્રકારે એ સોનામહોરો ઝડપી લેવા માંગતો હતો. ચોરી તો તે કરી શકે તેમ નહોતો. જહાજમાં તપાસ કરવામાં આવે તો તે જરૂરથી પકડાઈ જાય.

છેવટે એણે તે સોનામહોરો કેવી રીતે મેળવવી તેનો ઉપયોગ વિચારવા લાગ્યો. બીજા દિવસની સવારે તે જોરજોરથી બુમો પાડવા લાગ્યો, હું લુંટાઈ ગયો મારી એક હજાર સોનામહોરો કોઈએ ચોરી લીધી છે. મને ન્યાય અપાવો..

યાત્રિકની બુમો સાંભળીને જહાજના યાત્રીઓ ભેગા થઈ ગયા તેની વાત સાંભળીને બધા કહેવા લાગ્યા કે તું સહેજ પણ ગભરાઈશ નહીં.. ચોર આ જહાજમાં જ હશે.. બધાની તલાશી લેવામાં આવશે. જેની પાસેથી સોનામહોરો મળશે તેને પકડી લઈશું..

જહાજમાં એક એક યાત્રિકની તપાસ કરવામાં આવી. દરેકનો સામાન તપાસવામાં આવ્યો. હવે છેલ્લે માત્ર નસીરૂદીનને તપાસવાનો બાકી હતો. એને જોઈને એક યાત્રીકે કહ્યું, અરે નસીરૂદીનની તપાસ કરવામાં આવે.. એની પર શંકા કરવી એ પણ ખુદને અપશબ્દ કહેવા બરાબર ગણાય.. બીજો યાત્રિક બોલ્યો.

બધા યાત્રિકોએ એ યાત્રિકની વાતને સમર્થન આપ્યું પરંતુ ખુદ નસીરૂદીન બોલ્યો, ના જ્યારે બધાની તપાસ કરવામાં આવી છે તો પછી મારી પણ તપાસ કરવામાં આવે જેમાં કોઈને પણ શંકા ન રહે.

નસીરૂદીનની વાત સાંભળીને પેલો યાત્રિક અત્યંત આનંદમાં આવી ગયો.

નસીરૂદીનની તપાસ કરવામાં આવી પણ એની પાસેથી સોનામહોરો ના મળી. જહાજના કર્મચારીઓએ જહાજનો ખુણેખુણો ફેંદી નાખ્યો પણ કયાંય પેલી પેલો યાત્રિક જુઠું બોલી રહ્યો છે આ બાજુ પેલો યાત્રિક પણ હેરાન થઈ ગયો. છેવટે નસીરૂદીનની સોનામહોરો પણ કયાં ગઈ ?

લોકો એ વાતને ભુલી ગયા. બે ત્રણ દિવસ પછી એ યાત્રિકે એકાંતમાં નસીરૂદીનને કહ્યું, હુ ંતમને એક સવાલ પુછવા માગું છું જ્યારે તમારા માલસામાનની તપાસ કરવામાં આવી ત્યારે તમારી પાસેથી સોનામહોરો કેમ ના મળી ?

આ સાંભળીને નસીરૂદીનના ચહેરા પર હાસ્ય ફેલાઈ ગયું એમણે કહ્યું, મેં એ સોનામહોરો સમુદ્રમાં ફેંકી દીધી હતી..

સમુદ્રમાં શા માટે ?નસીરૂદીને જવાબ આપ્યો, જો ભાઈ સાવ સીધી સાદી વાત છે. હું તારી ચાલાકી જાણી ગયો હતો. મારી સચ્ચાઈ અને ઈમાનદારી પર બધાને વિશ્વાસ હતો. તપાસ કરતી વખતે જો સોનામહોરો મારી પાસેથી પ્રાપ્ત થાત તો લોકો મારી વાત પર વિશ્વાસ કરત પરંતુ મારી ઈમાનદારી અને સત્યતા પર એમના મનમાં જરૂર શંકા ઉભી થાત. સોનામહોરો તો શું ? એ તો આવે અને જાય.. હું તો ફરીથી તેને કમાઈ લઈશ.. પરંતુ થોડા ધનના લાલચ માટે હું સત્યતા, વિશ્વાસ અને ઈમાનદારીની દૌલત ગુમાવવા નથી માંગતો એટલે મેં તે સોનામહોરો પાણીમાં ફેંકી દીધી.

નસીરૂદીનની વાત સાંભળીને પેલી વ્યક્તિનું માથું શરમથી ઝુકી ગયું અને તે રડવા લાગ્યો, નસીરૂદીને તેને પોતાના ગળે લગાડીને માફ કરી દીધો.

કમલેશ કંસારા

શિક્ષિકાએ વિદ્યાર્થીને વકીલ બનાવ્યો

લગભગ પચાસેક વરસ પહેલાં બનેલી જોયેલી ઘટના આધારે આ વાર્તા લખવા પ્રેરણા મળી જેને બે દિવસ પહેલાં મેં સેશન્સ કોર્ટમાં જોયા એવા વકીલની બાળપણની આ વાર્તા છે. સાબરકાંઠા અને રાજસ્થાન વચ્ચે એક નાનકડું ગામ હતું. જેને લોકો કાળીનાથ તરીકે ઓળખે છે. ગામમાં તમામ કોમના માણસો કોમી એખલાસથી રહેતા જોવા મળ્યા. અઢારે વર્ણ એક જ નામમાં હોય અને આટલી બધી આત્મીયતા તેમજ સહકારની વૃત્તિથી હોય એ ગામમાં એ સમયે શાળા નહીં..શાળામાં જવા બાજુમાં આવેલા સતસંગી ગામમાં જવું પડતું હતું. ગામની શાળામાં પાંચ બહેનો તેમજ પાંચ ભાઈઓ ખુબ જ ખંત અને નિષ્ઠાથી બાળકોને અભ્યાસ કરાવતા.

ગામની શાળામાં લગભગ પાંચસો જેટલા વિદ્યાર્થીઓ ભણવા જાય, સાંજ પડે પાંચ વાગે શાળાનો સમય પૂરો થાય એટલે બધા ટપોટપ કાળીયાનાથ ગામ તરફ જવા ઘોડાની જેમ દોડતા જાય. આ વિદ્યાર્થીઓ પૈકી એક ખુબ જ હોંશિયાર પણ ગરીબ વિદ્યાર્થી વિવેક પણ શાળામાં એક રત્ન જેવી કારકીર્દી બનાવેલી. વીવેકના પિતાશ્રી અકસ્માતે મૃત્યુ પામ્યા એ સમયે ઘરની સમગ્ર જવાબદારી તેના શિરે આવી ગઈ. બિચારો વિવેક સવારમાં દુધ વેચવા જાય અને તેની ફી ભરવાનું કરે ત્યાં તેની માતાની બિમારી આવે એટલે એ પોતે જંગલમાં લાકડાં લેવા જાય. આમ આવા પરિશ્રમને કારણે વિવેક પોતાનું ભણવાનું છોડવા તૈયાર થયો. તેણે પોતાની વર્ગશિક્ષિકા ધૃતિબહેનને કહ્યું, બહેનજી હું હવે નિશાળ આવી શકું તેમ નથી. મારા પિતાશ્રી ગુજરી ગયા એ તમે જાણો છો બહેન. હવે મારા શિરે જવાબદારીનો માંચડો આવી ગયો.

વિદ્યાર્થીની વાત સાંભળી શિક્ષિકાની આંખમાંથી આંસુ આવી ગયા. બહેન બોલ્યા, ભાઈ વિવેક જો તું જરાય ચિંતા કરીશ નહીં.. હું તને વકીલ બનાવીશ ભણતરનો બધો ખર્ચ હું આપીશ એવું કહ્યું એટલે શાંતિથી...

થોડા વર્ષો વીતી ગયા વિવેક ખરેખર એક સારો વકીલ બની ગયો.તેને કોર્ટમાં સરકારી વકીલ તરીકે સનદ મળી આ બધું પેલા શિક્ષિકાબહેનના સહારે થયું.. બહેન વિવેકને મળવા ગયા ત્યાં એ પોતાની સરકારી ખુરશી પરથી ઉભા થઈ ગયા અને બેનને સાષ્ટાંગ પ્રણામ કર્યા.. બહેન અને વકીલ બંને ચોધાર આંસુએ રડયાં.

-હંસામૃત વાલમીયા

રાજધર્મ

મદનપુર નામનું એક નાનું રાજ્ય. રાજ્યના લોકો સંપથી રહે. રાજ્યના બધા જ લોકો ખાધે પીધે સુખી રાજ્યમાં ગુનાખોરીનું પ્રમાણ ખૂબ જ ઓછું. લોકો મહનત કરી ધન કમાય. તે દ્વારા જીવન નિર્વાહ ચલાવે. સંકટ સમયે એકબીજાને મદદરૂપ થવા સૌ તૈયાર રહે.

રાજ્યના રાજાનું નામ મદનસિંહ, મદનસિંહ સ્વભાવે દયાળુ. પરંતુ રાજ્યના દરેક કાર્યમાં તે નીતિ-ધર્મનું બરોબર પાલન કરે. લોકોનેય નીતિ-નિયમોનું બરોબર પાલન કરવાનું રહે. પોતે નિયમથી રહેતા હોઈ તે રાજ્યની પ્રજા પણ નિયમથી રહે તે સ્વાભાવિક છે. એટલે તો કહેવત પડી છે કે, “યથા રાજા તથા પ્રજા” એટલે કે જેવો રાજા હોય તેવી જ તે રાજ્યની પ્રજા હોય.”

મદનપુર રાજ્યના મહારાણી અને રાજા મદનસિંહના ધર્મપત્ની મીનાદેવી.મીનાદેવીને એકવાર એવી ઈચ્છા થઈ, “મુખ્ય રાજમહેલ તો છે પરંતુ એક અલગ નાનો મહેલ બનાવવો જોઈએ. જેમાં કે ક્યારેક બધી જ રાજકીય પ્રવૃતિઓને મુકીને માત્ર પરિવારના સભ્યો સાથે દિવસો ગાળવા હોય ત્યારે ત્યાં જઈને રહેવાનું.” તેમણે પોતાની આ ઈચ્છા તેમણે રાજા મદનસિંહ પાસે રજુ કરી.

રાજા મદનસિંહે મહારાણી મીનાદેવી પાસે જ્યારે નવો મહેલ બનાવવાની વાત સાંભળી ત્યારે તેમને એ વાત ગમી. તેમણે મહારાણી મીનાદેવીને કહ્યું, “તમારી ઈચ્છા મુજબ આપણે જરૂર એક નાનો, સુંદર મહેલ બનાવશું તેમજ રજાઓગાળવા માટે આપણે તે મહેલમાં જશું. આપણા બાળકોને સાથે લઈ જઈશું. એ મહેલમાં એક નાનો બગીચો, નાહવાનો હોજ વગેરે બનાવડાવશું. આ માટેની જમીન આપણે બન્ને સાથે જઈને પસંદ કરીશું.”

મહેલ બનાવવા માટેનો નકશો તૈયાર કરનારાઓને સાથે લઈ જમીન જોવા માટે રાજા મદનસિંહ અને તેમના સલાહકારો સાથે નીકળ્યા. એક પછી એક જગ્યા જોવામાં આવી. એક જગ્યાએ સુંદર જમીન જોવા મળી. તે જોઈ સૌ ને તે પસંદ પડી ગઈ. જમીનના માપ લેવામાં આવ્યા. એ માપ લઈ સૌ ફરી રાજમહેલ તરફ રવાના થઈ ગયા.

બીજી બાજુ નકશા બનાવનારાઓએ જમીનના માપ મુજબ એક સુંદર નકશો તૈયાર કરી નાંખ્યો. રાજા મદનસિંહે જે પ્રમાણે કલ્પના કરેલી તેનાથી અનેક ઘણો સુંદર તે નકશો હતો. મહારાણી મીનાદેવી સહિત રાજા મદનસિંહને એ નકશો ખૂબ જ ગમી ગયો. એટલે કે નકશા મુજબ રાજમહેલ બનાવવાનું નક્કી થઈ ગયું. તે અંગેનું કામ જોરશોર સાથે શરૂ થઈ ગયું મજુર, કડીયા, ઈજનેરો સૌ કામે લાગી ગયા. આ તો રાજાનો મહેલ બને. એટલે બનાવનારા હોંશે હોંશે કામ કરે. તેમના કામ પ્રમાણે તેમને નાણાં સારા મળે. ઝડપભેર કામ ચાલવા લાગ્યું.

મહેલનું બાંધકામ થતું જોવા ક્યારેક રાજા મદનસિંહ પોતાના પ્રધાન સાથે આવે તો ક્યારેક રાજા મદનસિંહ પોતાની પત્ની મહારાણી મીનાદેવી સાથે આવે. તેને પોતાનો મહેલ બનતો જોતાં ખુશી થાય.રાજા મદનસિંહે પોતાના જીવન દરમ્યાન મહેલ બનાવવાનું કાર્ય શરૂ કર્યું. તેનો આનંદ થાય તે સ્વભાવિક છે. તે પોતાના પૂર્વજોએ બનાવેલા રાજ મહેલમાં જ પોતાના જીવનના આજ દિવસો વિતાવેલા. હવે તેમની હયાતીમાં નવો બંધાઈ રહ્યો છે તેના વડે તેમનું નામ ઈતિહાસમાં અમર બની જશે એ વાત તે સારી રીતે જાણતા હતા.

મદપુરની પ્રજા પોતાના રાજા મદનસિંહ નવો મહેલ બનાવી રહ્યાં છે તે જાણી ખૂબ જ આનંદ પામી હતી. રાજાનો નવો મહેલ બનતો જોવા માટે સૌ પ્રજાજનો પણ જતા. મહેલના કામ માટે થાય તે મદદ તે લોકો કરતા. પથરા ઉપાડે. ખોદકામ કરે. જે થઈ શકે તે કામ કરવા પ્રજાજનો ઉત્સાહ બતાવે. રાજા મદનસિંહે જ્યારે આ જાણ્યું ત્યારે તેમણે વિશેષ આનંદ અનુભવ્યો.

પોતાના પ્રધાનને આ અંગે વાત કરતાં રાજા મદનસિંહે જણાવ્યું, “ખરેખર આપણા રાજ્યના લોકોને મારા પ્રત્યે કેટલો બધો પ્રેમ છે નહીં ? રાજ્યના લોકો મારા મહેલના કામમાં શ્રમ કરી મદદ કરી રહ્યાં છે.'

“મહારાજ, ક્ષમા કરજો. પરંતુ એક સાચી વાત કહું તો આજ દિવસ સુધી તમે હંમેશા પ્રજાનું કલ્યાણ ઈચ્છયું છે. તમે સૌ પ્રજાજનો માટે વિશાળ હૃદય રાખી તેમનું ભલું કર્યું છે. જેવો રાજા તેવી પ્રજા તે મુજબ પ્રજા તમારા કાર્યથી પ્રસન્ન રહી છે. તમારા શાસનમાં સૌને વધુ સુખ અને શાંતિ મળ્યા છે. તો તેઓ તમારા માટે શ્રમ યજ્ઞ કરે જ ને ?” પ્રધાનજી બોલી ઉઠ્યા.

આ સાંભળી રાજા મદનસિંહે વિવેક સાથે કહ્યું, “મારા રાજ્યની પ્રજા સુખી થાય એ જોવું તે મારૂ પરમ કર્તવ્ય છે. મારા રાજ્યમાં કોઈ પણ દુઃખી ન થવો જોઈએ. રાજા તરીકે એ જ તો મારૂ કર્તવ્ય છે. એ કોઈપણ હિસાબે નિભાવવું જ જોઈએ.”

વાતચીત થયા પછી ફરી બન્ને પોતાના કાર્યોમાં લાગી ગયા. થોડા દિવસો વીતી ગયા. મહેલ બનાવવાનું કામકાજ ધમધોકાર ચાલી રહ્યું હતું. ત્યાં એક દિવસ એવું બન્યું કે, બાંધકામ કરવા માટે એક વૃક્ષને કાઢવું પડે તેવી સમસ્યા ઉભી થઈ તે વૃક્ષ વડનું હતું. એ વૃક્ષને કાપી નાખવા માટે લગભગ બધી જ તૈયારીઓ થઈ ચૂકી હતી. ત્યાં અચાનક પ્રધાનજી આવી પહોંચ્યા. પ્રધાનજીએ આવતાં વેંત કામ કરનારાઓને વડનું વૃક્ષ પાડવાની તૈયારી કરતા જોઈ તેમને તેમ કરતાં અટકાવતા પૂછ્યું, “અલ્યા, તમે સૌ આ વૃક્ષ કાપી નાખવાની તૈયારી કરી રહ્યાં છો, પરંતુ તમે આ વૃક્ષને કાપવા માટે રાજા મદનસિંહજી પાસે મંજુરી લીધી છે ?”

“એમાં મંજુરી લેવાની શી જરૂર છે ? રાજાના મહેલના નકશા મુજબ આ વૃક્ષ કાપવું જ પડે તેમ છે. જો તે વૃક્ષ ન કાપીએ તો બાંધકામ કેમ થાય?” એક ઈજનેર બોલ્યો.

“પરંતુ તમને ખબર નથી લાગતી કે, મદનપુરાના કાયદા મુજબ વૃક્ષને કાપવું એ મનુષ્યની હત્યા કર્યા બરાબરનો ગુનો ગણાય છે. હવે જો તમે આ વૃક્ષ કાપશો તો એ જ કાયદો તમને પણ લાગુ પડી શકે તેમ છે.”પ્રધાનજીએ સૌને સમજાવતા કહ્યું.

આ બધી વાતચીત ચાલી રહી હતી. ત્યાં રાજા મદનસિંહ આવી પહોંચ્યા. તેમણે આ સૌને ગંભીર રીતે વાતો કરતા જોઈ પ્રશ્ન કર્યો,“કેમ? શું કોઈ સમસ્યા ઉભી થઈ છે ?”

“જી, મહારાજ વાત જાણે એમ છે કે, મહેલના બાંધકામ માટેનું કાર્ય ચાલી રહ્યું છે. હવે આ વડનું વૃક્ષ એ બાંધકામમાં નડતર રૂપ થઈ રહ્યું છે. તેથી અમે આ વૃક્ષને કાપવા માટે તૈયારી કરી રહ્યાં હતા. ત્યાં આપણા પ્રધાનજી આવ્યા.તેમણે અમને તેમ કરતાં અટકાવ્યા. તેમનું કહેવું છે કે, જો અમે આ વડના વૃક્ષને કાપશું તો અમારા પર એક મનુષ્યનું ખૂન કર્યાનો ગુનો લાગુ પડશે.” ઈજનેરે રાજા મદનસિંહને સંબોધીને કહ્યું.

રાજા મદનસિંહ બોલ્યા, “પ્રધાનજી ખરૂ કહી રહ્યાં છે. આપણા રાજ્યમાં વૃક્ષ કાપવું એ એક માણસ માર્યા જેવો જ ગુનો ગણાય છે. કારણ વૃક્ષમાં જીવ હોય છે. તે આપણને અનેક પ્રકારે મદદરૂપ થાય છે. એ વૃક્ષ ઉપર કેટલાય પક્ષીઓ પોતાના માળા બાંધીને રહે છે. તેના છાંયડા તળે મનુષ્યો અને પશુઓ આરામ કરી પોતાનો થાક દૂર કરે છે. આવા વૃક્ષોને કાપવા તે પાપ છે.”

“પરંતુ જો આ વૃક્ષ નહીં કાપીએ તો મહેલનો આખોય દેખાવ બગડી જશે” ઈજનેર બોલ્યો.

“જે થવું હોય તે થાય. પરંતુ આ વડના વૃક્ષને જરાય નુકશાન ન પહોંચાડજો. મારા મહેલનો દેખાવ બગડે તે ચાલશે. પરંતુ વૃક્ષનો નાશ કરી હું કેટલાય પક્ષીઓને બેઘર કરવાના પક્ષમાં જરાય નથી. મને મારો રાજધર્મ નિભાવવાનો છે. માટે વડના વૃક્ષને જેમ છે તેમ રહેવા દઈ કામ આગળ વધારો.” રાજા મદનસિંહ બોલ્યા

રાજા મદનસિંહની વાત સાંભળી ત્યાં હાજર રહેલા પ્રજાજનો ખૂબ જ ખુશ થયા. તેમને, પોતના રાજા પ્રત્યેના માનમા વધારો થયો. પછી રાજા મદનસિંહનો એ મહેલ વડના વૃક્ષને કાપ્યા વગર તૈયાર કરવામાં આવ્યો.

સારઃ પ્રજા પાસે કાયદાનો અમલ કરાવવા માંગતા રાજાએ કાયદાના બંધનમાં રહેવું જોઈએ.

દેવેન કે.વ્યાસ, અંજાર
૯૮૨૪૨ ૦૨૧૫૫

જંગલનું શિક્ષણ

જંગલમાં જગલા વાંદરાને શાળા બનાવાનું અને જંગલના બાળકોને શિક્ષણ આપવાનું મન થઈ આવ્યું. ભણાવવાની ઈચ્છાઓ થઈ આવી, આમ તો એ અને એના પરિવારવાળા આડે દિ જંગલના ઝાડ પર ધમાચકડી કરતા. કુદાકુદ અને પકડાપકડીમાં સમય પસાર કરતા. એકાદ બે વાર બકરાના આગેવાન બકરચંદ અને સસલાના આગેવાન સસલમલુ ટકોર કરતાં જગલાને જણાવેલું, જગલાજી દી આખો તમારો પરિવાર ધમાચકડી.. ધમાધમી મચાવે છે તો જરા શાંતિ રાખતા હોવ તો.. તમારી ધમાધમીથી બીજા કેટલા હેરાન થાય છે એનો કોઈ ખ્યાલ છે ?

એ વાત હતી.

ત્યારે એ જગલાએ દાંત કાઢીને વાતને હસી કાઢી હતી પણ પછી તો સમય ગયો અને જગલાજીને પસ્તાવો થવા લાગ્યો.. મારે જંગલના પ્રાણીઓના સંતાનોને સાથે સાથે મારા પરિવારના સભ્યો સુધરે એ માટે કાંઈક કરવું જોઈએ.

એ પછી જગલો એક દિવસ પાસે આવેલા શહેરમાં ગયો હતો. પાસેના એ શહેરમાં એક તરફ હાઈકોર્ટ હતી. જગલાને અંગ્રેજી શબ્દ કોર્ટ બોલતાં ફાવતું ન હતુ તેથી એ હાઈકોર્ટ કહેતો હતો. કોર્ટ પાસે શાળા હતી અને એ શાળામાં બાળકો ભણતા હતા. જગલાએ જોયું એ દિવસે શનિવાર હતો. ચોથો શનિવાર હતો. શાળાની સવારની પાળી હતી. જ્યારે કોર્ટમાં રજા હતી.

જગલો જે ઝાડ પર બેઠો હતો ત્યાંની શાળાનું દ્રશ્ય બરાબર જોવા મળતું હતું. અગિયાર થયા, ઘંટડી વાગી પછી ઝાંપામાંથી બાળકો આનંદ કરતા કરતા બહાર નીકળ્યા હતા. એ જોયું અને જગલામાં વિચાર જાગ્યો હતો પણ..

પણ શાળા માટે જગ્યા તો મળી રહે, સાધનો માટે નાણાંની જરૂરત પડી જાય એ નાણાં કયાંથી લાવવા, એ મામલે જગલોએ બે ત્રણ દિવસ બરાબરનો વિચાર કરે રાખ્યો, પૈસા માટે જંગલમાંથી ફાળા રૂપે સાવ મામુલી રકમ ઉઘરાવવી અને આમાંથી સાધનો.. બાળકો માટે નાસ્તો વગેરે લાવવા શકય બને તો બાળકોને પાટીપેન આપવા. જગલાએ ની કરી લીધું. બાદમાં સારૂં મુહુર્ત જોઈને પૈસા ઉઘરાવાની શરૂઆત કરી. સૌ પ્રથમ હાથીરામની પાસે જઈને જગલાએ વાત કરી. હાથીરામ ખુશ થઈ ગયા. પોતાના ખિસ્સામાંથી નોટ કાઢીને આપતાં કહ્યું, જગાજી તમારૂં કામ ઉત્તમ છે, પૈસા એકઠા કરી ઝડપથી કામ ઉપાડો.. આપણને તો ઠીક આપણા રખડતા બચ્ચાં ભણતા થાય.. કંઈક શીખે.. હાથીરામની વાત સાંભળી જગલાને ઝાઝી ખુશી થઈ. એ તો ત્યાંથી ગધાનંદજીના પાસે આવ્યો. વાત જણાવી, ગધાનંદજી એ વાત ખુબ જ ગમી ગઈ. એણે કહ્યું, જગલમાજી આપ જે સુંદર કાર્ય કરવાનું વિચારી રહ્યા છો એમાં મારો તો સો ટકાનો સહયોગ છે..બચ્ચા ભણે ગણે એમની જીંદગી સુધારે ? બીજુ શુ ? અને ગધાનંદજીએ ખિસ્સામાં હતા એટલા બધા રૂપિયા જગલાને આપી દીધા. જગલાએ ખુશી વ્યકત કરતાં એ નાણાંને એક થેલીમાં મુકી દઈને ગધાનંદજીના ઘેરથી એ નીકળ્યો.

સહેજ આઘે બચી બકરીનું ઘર હતું .જગલો બચી બકરીના ઘેર આવ્યો. આમ તો બચી અને જગલા વચ્ચે જુની અદાવત હતી. એકવાર જગલો કુદવા ગયો હતો એ વખતે છાપરાનું નેળીયું નીચે પડતા માટલું ફુટી જતાં બધે પાણી પાણી થઈ ગયું હતું. બરાબરની બોલાચાલી થઈ હતી.

એ એક સમય હતો પણ જગલો બચીના બારણે જઈને ઉભો એટલે બચીએ આવકાર આપ્યો, આવો જગાભાઈ..

જગલો ખુશ થયો એણે બધીય વાત રજુ કરી. બચીએ ખુશી વ્યકત કરતાં કહ્યું તમે ઘણું સારૂં કામ કર્યું છે પણ પૈસા મોડેથી લઈ જજો.. મારે બેંકમાંથી ઉપાડવાના છે..

ભલે કહી જગલો ગયો..

આ તરફ છોટીયા શિયાળને જાણ થઈ. એણે નકારાત્મક વિચારવાનું શરૂ કર્યું. શાળાના નામે પૈસા ભેગા કરશે ને પછી ભાગી જશે.. એમ તે કંઈ બચ્ચા થોડાં ભણવાના છે ? ને વળી એમને ભણાવીને કામ પણ શું છે ?

એ તો સીધો જ વાઘમામાની પાસે જઈને જગલાની ફરીયાદ કરી બેઠો.. પણ વાઘમામા હસ્યા.. છોટીયાને કહેવા લાગ્યો.. છોટાલાલ જરા હકારાત્મક વિચારો.. જગલો શાળા ખોલશે એમાં શું ખોટું છે ? શિક્ષણનું જગતમાં પણ ખુબ મોટું મહત્વ છે.. હું પણ મોટી રકમ આપવાનો છું.. અને હા જગલો પૈસા લઈને ભાંગી નહીં જાય એની પાકી ખાતરી છે મને...

-રેણુ વિષ્ણુકુમાર બારોટ
(અમદાવાદ)

વાવની ખીમાણાવાસ...

પાના નં .૧ ચાલુ

અધિકારીએ માન્ય રાખ્યું છે. હું ખીમાણાવાસ તા.પંચાયતનો કોંગ્રેસનો ઉમેદવાર છું અને ચૂંટણી લડી કોંગ્રેસના તમામ અગ્રણીઓએ મારા ઉપર મૂકેલા વિશ્વાસને સાર્થક કરીશ.

જ્યારે ચુંટણી અધિકારી બી.ડી.સોલંકીએ મીડીયા સમક્ષ જણાવ્યું હતું કે મેન્ડેટ માટે ચુંટણી અધિકારી પાસે મુખ્ય અધિકાર છે. મે ચૂંટણીપંચ તેમજ ચૂંટણી આયોગનો સંપર્ક કરી નિતિ - નીયમો કલમો વાંચી નિર્ણય લીધો છે.

જેમાં પૃથ્વીરાજ વી.રાજપુતનું કોંગ્રેસનું મેન્ડેટ માન્ય રહ્યું છે. જ્યારે આંબાજી ગોહીલનું મેન્ડેટ અમાન્ય જાહેર કરાયું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ મુદે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મોવડી મંડળ પણ શકના દાયરામાં આવી ગયું છે. કારણ કે એક જ બેઠક ઉપર બે ઉમેદવારના મેન્ડેટ ફાળવી મોવડી મંડળ પણ વિવાદના વમળોમાં ફસાયું છે. જે પાર્ટી માટે એક ખતરાની ઘંટી સાબિત થયું છે.

ખીંમત નજીકથી...

અનુસંધાન ૩ નુ ચાલુ..

ખીમત ગામની સીમમાં ખાંગણ જતા ત્રણ રસ્તા ઉપર ટાટા કંપનીની છોટા હાથી ગાડી નંબર GJ.01.CU.0897 ની વોચમાં હતા. તે દરમ્યાન ગાડી આવતાં તેનો રોકાવતાં તેમાં ચાલક યોગેશભાઇ મણીલાલ વ્યાસ રહે. અમદાવાદ નરોડા વિધામંદિર સ્કુલ પાસે જવાહરનગર સોસાયટી તા.જી.અમદાવાવાળો બેઠેલ હોઇ અને સદરી ગાડીમાં ચેક કરતાં પાછળ બોડીના ભાગે નીચે ગુપ્ત ખાનુ બનાવેલ હોય જેમાં ગે.કા. વગર પાસ પરમીટે પર પ્રાંતિય વિદેશી દારૂ તથા બિયરની કુલ બોટલ નંગ- ૧૬૭ કિમત રૂપિયા ૩૭,૫૦૦/-નો તથા છોટા હાથી ગાડી કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- એમ મળી કુલ કિમત રૂપિયા ૧,૮૭,૫૦૦/- નો મુદામાલ મળી આવતાં સદરી ચાલક વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી કરેલ છે.

જિલ્લા-તાલુકા...

પાના નં .૮ ચાલુ

ઉત્સાહભેર આવી રહ્યા હતા. ત્યારે અંતિમ તબક્કાની છેલ્લી ઘડીમાં એક શ્વેત ''બકરો'' કોઈ પીઢ નેતાની અદાથી કચેરીમાં ધસી આવ્યો હતો ને જાણે બધાને કહેતો હોય એક બેઠક પર મારેય ''ઉમેદવારી'' નોંધાવી ''નેતા'' બનવું છે. આ દશ્ય કેમેરાની કલીકમાં ઝડપાઈ જતાં ત્યાં ઉપસ્થિત લોકો હૃદય મનથી ''સફેદ બકરા'' ની શાનદાર ચાલને અદાકારીથી હસી પડ્યા હતા. માનવની હરોળમાં રહેવા હવે પશુઓ પણ ચૂંટણી લડવા લલચાય છે ખરા ??

દાંતીવાડામાં તાલુકા...

પાના નં .૮ ચાલુ

ઉમેદવારી નોંધાવવાનો ગુરુવારે અંતિમ દિવસ હતો. મેન્ડેટ મામલે ભાજપ, કોંગ્રેસ દ્વારા છેક છેલ્લે સુધી સસ્પેન્સ રખાતાં પાર્ટીના ઉમેદવારોમાં ઉત્તેજના સાથે ફફડાટ પ્રવર્તી રહ્યો હતો. સમય સમાપ્તિની છેલ્લી પળોમાં બંને રાજકીય પક્ષોના નેતાઓ દ્વારા મેન્ડેટ અપાતાં કોણ કપાયું, કોને ટીકીટ મળી એને લઇને મામલતદાર સંકુલમાં ભારે ચર્ચાઓ જાગી હતી. ભાજપ, કોંગ્રેસ સહિત રાજકીય પક્ષો તથા અપક્ષ ઉમેદવારો તથા ટેકેદારોને લઇને સમગ્ર માહોલ રાજકીય રંગે રંગાઇ ગયો હતો. જોકે સાંજે ચાર વાગ્યાના અરસામાં રાજકીય પક્ષના ઉમેદવારોના નામ જાહેર કરાયા હતા. જિલ્લા પંચાયતમાંની પાંથાવાડા તેમજ દાંતીવાડા સીટ પરથી ભાજપની ઉમેદવારી નોંધવા ચૌધરી સમાજને ટિકિટ અપાઈ હતી અને દરબરોને ટિકિટ અપાઈ નહિ. જેથી તાલુકામાં ભાખર મોટી જિલ્લા પંચાયતની સીટમાં ક્ષત્રિય દરબાર સમાજના ઉમેદવારને ભાજપ પક્ષનો મેન્ડેટ ન મળતા ક્ષત્રિય દરબારોએ ભારે વિરોધ નોધાવ્યો હતો. તો બીજી બાજુ ટીકીટ ન મળતાં કોંગ્રેસ પક્ષમાં પણ અંદરખાને ભારે અસંતોષ ઉઠ્યો છે.દાંતીવાડા તાલુકાની જિલ્લા પંચાયત તથા તાલુકા પંચાયતોની બેઠકો સામે ભરાયેલ ઉમેદવારી ફોર્મની ચકાસણી શુક્રવારે કરાશે તેમજ ૧૦ માર્ચે ઉમેદવારી પરત ખેંચી શકાશે.પાંથાવાડા જિલ્લા પંચાયત સીટ પરથી સવસીભાઈ પટેલના માતાએ ભાજપમાંથી ફોર્મ ભરી આગમન કરતાં દાંતીવાડા તાલુકાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. ત્યારે ગુરુવારે સવસિભાઈના માતા રામુબેને વાગડાએ ભાજપના મેન્ડેટ સાથે પાંથાવાડા બેઠક ઉપરથી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. દાંતીવાડાના ભાજપના સીનયર કાર્યકર્તા ડો.દસરથભાઈ પટેલની તાલુકા પંચાયતના ઉમેદવાર તરીકેની ટીકીટ કપાટા તેમને પણ પક્ષથી નારાજ થઈ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. દાંતીવાડા તાલુકામાં જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના ભાજપ ઉમેદવારોના પક્ષના મેન્ડેટ અપાતા વિવાદ મોટો વિવાદ સર્જાયો હતો.જિલ્લા પંચાયત સીટ પરથી ક્ષત્રિય દરબરોની ભાખર મોટીની ટિકિટ કપાય ભારે હોબાળો મચાવ્યો હતો.જેથી આવનારી ચૂંટણીઓમાં ક્ષત્રિય દરબારોની નારાજગી ભાજપ પક્ષને નડી શકે તો કોઈ નવાઈ નહિ.

ભાભર તાલુકા...

પાના નં .૮ ચાલુ

પહોંચ ન હોવા છતાં ચકાસણી બાદ પણ ફોર્મ માન્ય રાખ્યું છે. આ મામલો કોર્ટમાં પડકારવામાં આવશે. આ બાબતે ચૂંટણી અધિકારી અને ભાભર મામલદાર એચ.એસ.પટેલે જણાવેલ કે ફોર્મ ચકાસણી બાદ સંક્ષિપ્તમાં તપાસ કરીને નિર્ણય લેવામાં આવશે. જ્યારે તા.વિ. અધિકારી આર.ડી.પુરાણીયાએ જણાવેલ કે વડાણા સીટમાં જાતિના દાખલો અને લગ્નનું સર્ટીમાં જ્ઞાતીની વિસંગતતાને લઈ ફોર્મ અમાન્ય રાખેલ છે.

અમીરગઢ આર.ટી.ઓ....

પાના નં .૮ ચાલુ

કરવામાં આવ્યો હતો. થોભી ગયા હતા. આ પથ્થર મારાથી વાહનોના કાચ તુટ્યા અને એકાએક વાહનો થોભી ગયા હતા. આ ઘટનાને લઈ મોટી સંખ્યામાં લોકો ભેગા થયા હતા. અને પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી.

ડીસાના ભોયણ....

પાના નં .૮ ચાલુ

ઉમેદવારની બિન હરીફ જીત લગભગ નિશ્ચિત છે. ભાજપના ઉમેદવારનું ફોર્મ રદ થતાં કોંગ્રેસની છાવણીમાં આનંદની લાગણી છવાઈ જવા પામી હતી અને રઈબેનને વિજેતા જાહેર કરી કોંગ્રેસી કાર્યકરોએ મામલતદાર કચેરીમાં જ ફુલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા.

મોદીની ૩ દિવસની યાત્રાની વિધિવતરીતે થયેલ શરૂઆત

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસના પ્રવાસે આજે રવાના થયા હતા. પેલેસ્ટાઇન, યુએઇ અને ઓમાનની તેમની યાત્રા શરૂ થઇ ચુકી છે. મોદી પ્રવાસ દરમિયાન જોર્ડનના પાટનગર અમાન મારફતે પેલેસ્ટાઇન પણ જશે. મોદી વેસ્ટ બેંકમાં રામલ્લા શહેર માટે રવાના થતાં પહેલા જોર્ડનના મહારાજાને પણ મળશે. ભારતીય વડાપ્રધાનની પેલેસ્ટાઈનની આ પ્રથમ યાત્રા હશે. ગયા વર્ષે નવી દિલ્હીમાં છેલ્લી વખત વાતચીત કર્યા બાદ પેલેસ્ટાઇનના પ્રમુખ મહેમુદ અબ્બાસ સાથે મોદી દ્વિપક્ષીય વાતચીત કરશે. વડાપ્રધાન યુએઇ માટે રવાના થઇ ચુક્યા છે. પ્રવાસના અંતિમ તબક્કામાં તેઓ મસ્કત જશે. ૧૧મી ફેબ્રુઆરીના દિવસે મસ્કતમાં જશે ત્યારબાદ નવી દિલ્હી પરત ફરશે.

એનર્જી અને સુરક્ષા સહકાર મોદીની યાત્રાના મુખ્ય એજન્ડામાં રહેશે. આતંકવાદ વિરોધી ઓપરેશનમાં સાથ સહકારનો મુદ્દો પણ છવાશે. તેમની યાત્રા દરમિયાન મોદી ઓમાનમાં અને યુએઇમાં ભારતીય નિષ્ણાતો સાથે પણ વાતચીત કરશે. મળેલી માહિતી મુજબ રવાના થયા બાદ મોદી ઓમાન ફોર સિઝન હોટલ ખાતે પહોંચ્યા હતા જ્યાં ભારતીય સમુદાયના લોકો દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જોર્ડન અમ્માનમાં જોર્ડનના મહારાજાને મોદી મળ્યા હતા. ત્યાં પહોંચ્યા બાદ મોદીએ શાનદાર સ્વાગત બદલ જોર્ડનના મહારાજાનો આભાર માન્યો હતો.

અમદાવાદમાં પારો ગગડી ૯.૮ : ઠંડીમાં ફરી વધારો

અમદાવાદ

અમદાવાદ શહેર સહિત રાજ્યમાં ફરીએકવાર ઠંડીનો ચમકારો જોવા મળી રહ્યો છે. આજે અમદાવાદ શહેરમાં પારો ૧૦થી પણ નીચે પહોંચી ગયો હતો. અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન ૯.૮ ડિગ્રી નોંધાયું હતું. રાજયના અનેક વિસ્તારોમાં પણ પારો ૧૦થી નીચે પહોંચ્યો હતો જેમાં પાટનગર ગાંધીનગરનો સમાવેશ થાય છે. ગાંધીનગરમાં લઘુત્તમ તાપમાન ૯ ડિગ્રી નોંધાયું હતું. એકાએક અમદાવાદમાં લઘુત્તમ તાપમાન ઘટીને ૯.૮ થયું છે જે ગઇકાલે ૧૩.૩ રહ્યું હતું એટલે કે ચાર ડિગ્રીની આસપાસ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થયો છે. આજે સવારે ઠંડીનો ચમકારો લોકોએ અનુભવ્યો હતો. જો કે, અન્ય કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં વધારો પણ થયો છે.

જહોન સાથે ફિલ્મને લઈને ડાયના પેન્ટી આશાવાદી

બોલિવુડના સૌથી દેખાવડા સ્ટાર પૈકી એક જહોન અબ્રાહમની સાથે ફિલ્મ પરમાણુ મળી ગયા બાદ મોડલ અને અભિનેત્રી ડાયના પેન્ટી ભારે ખુશ છે. આ ફિલ્મ હવે છઠ્ઠી એપ્રિલના દિવસે દેશભરમાં રજૂ કરવામાં આવનાર છે. પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના શાસનકાળામાં કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણ પર આધારિત ફિલ્મની રજૂઆતને લઈને ભારે ઉત્સુકતા છે. પહેલા આ ફિલ્મ આઠમી ડિસેમ્બરના દિવસે રજૂ કરવાની યોજના હતી. જો કે સંજય લીલાની ફિલ્મ પદ્માવતની સાથે ટક્કરને ટાળવા માટે રજૂઆતની તારીખ બદલી દેવામાં આવી હતી. હવે એપ્રિલમાં આ ફિલ્મ રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં જહોન કેપ્ટન અશ્વ રૈનાની ભૂમિકા અદા કરી રહ્યો છે. જ્યારે ડાયના કેપ્ટન અમ્બાલિકાની ભૂમિકા અદા કરી રહી છે. ડાયના હાલમાં ખુબ ઓછી હિન્દી ફિલ્મ કરી રહી છે. જો કે તે સતત સક્રિય રહેવા માટે ઈચ્છુક છે. ફિલ્મમાં બોમન ઈરાની, પવન મલહોત્રા,

અરજન બાજવા પણ કામ કરી રહ્યા છે. સચિન અને જિગરની જોડી દ્વારા ફિલ્મમાં સંગીત આપવામાં આવ્યુ છે. વર્ષ ૧૯૯૮માં રાજસ્થાનના પોખરણ ખાતે કરવામાં આવેલા પરમાણુ પરીક્ષણ પર આધારિત આ ફિલ્મ છે.

જે માહિતીસભર ફિલ્મ હોવાની સાથે સાથે સંદેશ પણ લઈને આવશે. જહોન અબ્રાહમ હાલમાં બિલકુલ ઓછી ફિલ્મમાં નજરે પડી રહ્યો છે. અત્રે નોંધનીય છે કે જ્યારે પરમાણુ પરીક્ષણ ભારતે ૧૯૯૮માં કર્યા હતા ત્યારે દુનિયાના દેશો હચમચી ઉઠ્યા હતા. વાજપેયી સરકારને એ વખતે ભારે નારાજગીનો સામનો કરવો પડ્યો હતો. અમેરિકા સહિતના કેટલાક દેશોએ પ્રતિબંધ પણ મુક્યા હતા.

ખુબસુરત વાણી કપુર હવે ચર્ચામાં રહેવા માટે તૈયાર

અભિનેત્રી વાણી કપુરને સારી ફિલ્મોની ઓફર કરવામાં આવી રહી છે. તે રિતિક રોશન અને ટાઇગર શ્રોફની સાથે એક ફિલ્મમાં નજરે પડનાર છે. જેનુ નામ હજુ જાહેર કરવામાં આવ્યુ નથી. વાણી માત્ર કોઈ એક ભાષા સુધી મર્યાદિત રહેવા માંગતી નથી. તે મિળ અને તેલુગ ફિલ્મો પણ વધારે પ્રમાણમાં કરવા માટે ઈચ્છુક છે. તે ચર્ચામાં રહેવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. નિર્માતા નિર્દેશકોનુ ધ્યાન દોરવાના તેના પ્રયાસો સફળ થઈ શકે છે. તે વધારે બોલ્ડ અને સેક્સી ફોટો પણ રજૂ કરી રહી છે. તે મોટા સ્ટાર સાથે કામ કરવાનુ સપનુ ધરાવે છે. બોલિવુડની ફિલ્મોમાં ટકી રહેવા માટે તે વધારે સ્લીમ દેખાવવા માટે પ્રયાસ કરી રહી છે. આગામી દિવસોમાં મોટા અભિનેતાઓ સાથે કામ કરવાની તક મળી જશે તેવો આશાવાદ તે ધરાવે છે. બેફિક્રેમાં નજરે પડેલી અભિનેત્રીએ કહ્યું છે કે, તે ઈચ્છે છે કે અફવા સાચી પડે અને તે આગામી સમયમાં બોલીવુડના સુપરસ્ટાર શાહરુખ ખાન સાથે કામ કરી શકે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, વાણી કપૂરને લઈને એક ફિલ્મ શાહરુખ ખાન સાથે બનાવવાની હિલચાલ ચોપડા દ્વારા હાથ ધરવામાં આવી છે. પોતાની આગામી ફિલ્મો અંગે પૂછવામાં આવતા ૨૮ વર્ષીય અભિનેત્રી વાણી કપૂરે કહ્યું હતું કે, કોઈપણ યોજના હજુ તૈયાર થઈ નથી. પટકથામાં હાલ તે અભ્યાસ કરી રહી છે. તેની પાસે કેટલીક ફિલ્મોની ઓફર આવી છે. વાણી કપુર એક્શન ફિલ્મ માટે વધારે ફિટ અભિનેત્રી હોવાનો દાવો બોલિવુડમાં લોકો કરે છે. ચોપડા બેનર સાથે તેના સારા સંબંધ રહેલા છે.

પદ્માવત બાદ દીપિકા લેડી ડોનની ભૂમિકા અદા કરશે

ફિલ્મ પદ્માવતના કારણે ભારે ચર્ચામાં રહેલી સુપરસ્ટાર અભિનેત્રી દીપિકા હવે વધુ એક મોટી ભૂમિકા અદા કરવા જઈ રહી છે. તે હવે લેડી ડોનની ભૂમિકા અદા કરનાર છે. પદ્માવતમાં તેની ભૂમિકાની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. રિપોર્ટ મુજબ હાલમાં તે મોટી ભૂમિકા કરવા માટેની તૈયારીમાં છે. ગેંગસ્ટર પર આધારિત ફિલ્મને લઈને તે આશાવાદી છે. આ ફિલ્મ હુસૈન જાયદીના પુસ્તક માફિયા ક્વીન્સ ઓફ મુંબઈ પર આધારિત છે. આ ફિલ્મ એક વાસ્તવલિક પટકથા પર આધારિત છે. આના માટે દીપિકા જોરદાર તૈયારી કરી રહી છે. તેનુ કહેવુ છે કે આ ફિલ્મને લઈને તે વર્કશોપ કરી રહી છે. દીપિકાએ એમ પણ કહ્યુ છે કે આ ફિલ્મમાં તેના માટે ખુબ વધુ ફિઝિકલ વર્ક છે. જેના પર કામ કરવામાં આવી રહ્યુ છે. તેનુ કહેવુ છે કે આ મહિલાની પટકથા તમામને પસંદ પડે તે જરૂરી છે. અત્રે નોંધનીય છે કે દીપિકા બીજી વખત કુશળ અભિનેતા ઈરફાન ખાન સાથે નજરે પડનાર છે. આ પહેલા બન્ને પીકુ ફિલ્મમાં સાથે દેખાયા હતા. વિશાળ ભારદ્વાજની નવી ફિલ્મ ૨૦૧૮ના અંત સુધી રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. થોડાક દિવસ પહેલા વિશાલ ભારદ્વાજે કહ્યુ હતુ કે તેઓએ ફિલ્મની પટકથા બે વર્ષ પહેલા જ લખી કાઢી હતી. હવે તેઓ ફિલ્મનુ નિર્દેશન કરવા જઈ રહ્યા છે.

વિશાલે કહ્યુ છે કે તેઓ દીપિકા સાથે કામ કરવાને લઈને આશાવાદી છે અને ખુશ પણ છે. દીપિકાની પ્રશંસા કરતા વિશાલે કહ્યુ છે કે આ ફિલ્મમાં તેના રોલ ને તે ન્યાય આપવા તૈયારી શરૂ કરી ચુકી છે. દીપિકા ખુબસુરત હોવાની સાથે સાથે ટેલેન્ટેડ અભિનેત્રી હોવાનો દાવો વિશાલે કર્યો છે. ફિલ્મમાં ઈરફાનની સાથે તે જોડી જમાવશે.

સ્થાનિક બજાર ભાવ

ચોકસી બજાર(કીલોના)
ચાંદી ચોરસા ૩૯૪૦૦-૩૯૭૦૦
રૂપુ કાચું ૩૯૪૦૦-૩૯૬૦૦
સોનુ તોલો ૩૧૦૦૦
તેલ બજાર
રાધે પામોલીન ૧૦૫૦
પામોલીન ૧૦૪૦
સોયા રીફાઈન ૧૩૫૦
રાયડાતેલ ૧૫કી.૧૧૨૦-૧૨૬૦
સીંગતેલ૧૫ કી. ૧૫૮૦
સીંગતેલ ૧૫ લી.૧૫૧૦
સીગતેલ ૫ લી. ૫૦૦
તિરૂપતી કપા. ૧૨૬૦
૫ લીટર ૪૦૫
વનસ્પતિ ઘી ૧૦૦૦-૧૧૬૦
કોપરેલ ૧૫ કિલો ૩૨૦૦
૫ કે. કોપરેલ૧૧૨૦
પલી. અંકુર સીંગતેલ ૪૮૫
૧૫ લીટર સનફલાય ૧૨૫૦
ટાયગર રાયડા તેલ ૧૫ કી. ૧૩૦૦
૫ લી. ૫૨૦
૨ લી. ૧૯૮
ચોખા-દાળ બજાર
(૧૦૦ કીલોના ભાવ)
કીચન ચેમ્પીયન કલાસીક ૮૫૦૦
કીચન ચેમ્પીયન સુપર ૭૭૦૦
કીચન ચેમ્પીયન તીબાર ૭૨૦૦
કીચન ચેમ્પીયન દુબાર ૬૯૦૦
કીચન ચેમ્પીયન રોજાના ૬૫૦૦
કીચન ચેમ્પીયનમીની દુબાર ૫૮૦૦
કીચન ચેમ્પીયન મોગર ૪૮૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૪૪૦૦
કીચન ચેમ્પીયન મીની મોગરા ૩૯૦૦
કીચન ચેમ્પીયન બ્રોકન ૩૦૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત ૧૧૨૧ કલાસીક ૯૫૦૦
દાવત સ્પેસીયલ ૭૮૦૦
દાવત ૭૭૦૦
દાવત તીબાર ૭૭૦૦
દાવત દિલખુશ ૭૮૦૦
દાવત રોજાના ૬૮૦૦
દાવત મોગરા ૪૮૦૦
દાવત મીની મોગરા ૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૨૫ કી.૧૪૦૦૦
ઈ.ગેટ કલાસીક ૧૦ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૫ કી.૧૪૨૦૦
ઈ.ગેટ કલાસીક ૧ કી.૧૪૪૦૦
ઈ.ગેટ સુપર ૨૫+૫ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૧૦ કી.૧૧૨૦૦
ઈ.ગેટ સુપર ૫ કી.૧૧૬૦૦
ઈ.ગેટ સુપર ૧ કી.૧૦૭૦૦
ઈ.ગેટતીબાર ૨૫ કી.૮૦૦૦
ઈ.ગેટ તી બાર ૧૦ કી.૮૧૦૦
ઈ.ગેટતીબાર ૫ કી.૮૫૦૦
ઈ.ગેટતીબાર ૧ કી.૮૫૦૦
ઈ.ગેટ દુબાર ૨૫ કી.૭૫૦૦
ઈ.ગેટ દુબાર ૧૦ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૫ કી.૮૦૦૦
ઈ.ગેટ દુબાર ૧ કી.૮૦૦૦
દુન પ્રીમીયમ ૯૦૦૦
દુન તીબાર ૨૫ કી.૭૭૦૦
દુન તીબાર ૧૦ કી.૭૨૦૦
નર્મદા મગ પોલીસ ૫૯૫૦
મગદાળ નર્મદા સુપર ૬૦૦૦
નર્મદા મગ મોગર ૬૬૦૦
મગમોગરનર્મદાપ્રીમી ૬૯૦૦
નર્મદા અડદદાળ ૬૦૦૦
ઈન્ડિયા ગેટ મીની જુના ૪૫૦૦
ઈન્ડિયા ગેટ મોગરો ૪૪૦૦
ઈન્ડિયા ગેટ કણકી ૨૮૦૦
ઈન્ડિયા ગેટ ગોલ્ડન સેલા ૬૮૦૦
તુવરદાળ કૃષ્ણા ૭૦૦૦
તુવરદાળ રેંટીયો કિ.૫ ૯૦૦૦
તુવરદાળ ખીડીયાર ૬૧૦૦
લાલ કીલ્લો મેજીસ્ટીક ૯૦૦૦
લાલ કીલ્લો પ્રીમીયમ ૮૦૦૦
લાલ કીલ્લો તીબાર ૭૦૦૦
લાલ કિલ્લો દુબાર ૫૫૦૦
લાલ કિલ્લો મોગરો ૪૫૦૦
હેરીટેઝ એક્ષએક્ષએલ ૯૦૦૦
હેરીટેજ તીબાર ૮૦૦૦
હેરીટેજ દુબાર ૬૨૦૦
હેરીટેજ મીની દુબા ૫૦૦૦
કાયનાત પોપુલર ૮૫૦૦
કાયનાત સુપર ૮૧૦૦
કાયનાત ૬૮૦૦
રાજા બાસમતી ૪૦૦૦
કુરૂક્ષેત્ર ૫૮૦૦
પરી નં.૧ ૯૨૦૦
પરી નં. ૭ તીબાર ૮૨૦૦
પરી સુપર દુબાર ૭૪૦૦
કાયનાત ખેનીટાઈમ ૭૨૦૦
એપ્પલ પ્રીમીય ૪૮૦૦
ઓરેન્જ ૬૦૦૦
દાવત અપ્સરા ૫૦૦૦
જીરાસર ચંદન ૩૮૦૦
ચણાદાળ ૪૪૪ ૭૧૦૦
મગદાળ સમરદીપ ૭૨૦૦
મગમોગર રીયલ ૮૦૦૦
અડદદાળ અક્ષર ૮૩૦૦૦
મગ ૫૭૦૦
અંગુર તુવેરદાળ ૭૬૦૦
અંગુરતુવેરદાળઆયાતી ૬૪૦૦
ગાય છાપ તુવેરદાળ ૬૦૦૦
કિસાન તુવેરદાળ ૬૨૦૦
પરખ ગોલ્ડ પ્રીમીયમ ૬૦૦૦
પરખ સ્પેશીયલ ૫૨૦૦
લાલપરી તીબાર જુના ૪૨૦૦
લાલપરી દુબાર જુના ૩૮૦૦
લાલપરી સ્પેશી.નવા ૪૪૦૦
લાલપરી દુબાર નવા ૩૯૦૦
રોયલ ટેસ્ટ બાસમતી ૪૦૦૦
લાલમંદિર બાસમતી ૩૬૦૦
ખાંડ બજાર
(બોરીના ભાવ)
ખાંડ એસ. ૩૩૦૦-૩૪૦૦
ખાંડ એમ. ૩૪૫૦-૩૫૦૦
ખાંડએલ. ૩૫૦૦
ચા-બજાર
સુરજ છાપ ચા ૩૦૦
હરણ છાપ ચા ૨૨૦
આખા મરચાં-હળદર
હળદર આખી રાજાપુરી ૭૦-૧૨૦
હળદર આખી રાજાપુરી ગટ્ટા ૧૦૦-૧૪૦
હળદર આખી સેલમ ૯૦
હળદર તળેલી સાંગલી ૮૦
મરચા વન્ડર હાટ ૨૦૫૦
મરચા વન્ડર મીડીયમ ૧૭૦૦
મરચા તેજા ૧૮૦૦
મરચું ગંતુર મીડીયમ ૧૯૦૦-૨૦૦૦
મરચા ટોમેટો ૨૨૦૦
મરચા ટોમેટો મીડીયમ ૧૯૦૦
કાશ્મીરી ૯૦
કાશ્મીરી મમરી ૯૦
સુપર પટની ૧૦૫
સુપર રજવાડી ૧૯૦
મરચા ડેડીકટ ૧૨૫
મરચાં ૫૮૦૦
ગોળ બજાર
વડેચા ગોલ્ડ ૧૦ કે ૪૪૦૦
વડેચા રજી ૧૦ કે. ૪૬૦૦
વડેચા ૫ કી. ૪૮૦૦
વડેચા ૧ કી. ૫૦૦૦
વડેચા ૨૫૦ ગ્રામ ૫૦૦૦
સાંગલી ૧૦ કે. ૪૩૦૦
ખોળ બજાર ૯૫૦-૧૦૦૦
દાણ ૭૦ કી.ગ્રા.૬૫૦
મોરબી ખોળ ૧૦૫૦-૧૧૦૦
જીરાળુ ૧૭૪૦
ચૂની કોરમુ ૭૦ કિ.ગ્રા. ૯૨૦-૧૫૪૦
મકાઈ ૩૫ કી.ગ્રા. ૫૩૦
જવ ભરડો ૩૫ કી.ગ્રા.૫૭૦
પરચુરણ
સોજી ૭૦૦
મેંદો ૬૮૦
શ્રીફળ એમ. ૮૮૦
નિરમા સાબુ૫૨૫
મેદી ૬૦-૧૦૦
અજમો ૧૪૦-૧૭૦
સાકરીયા ૩૮૦૦
ખાંડ બુરૂ ૪૦૦૦
કોકમ ફુલ ૧૮૦
એલચી ૧૧૦૦-૧૪૦૦
મોરૈયો ૬૫-૮૦
તલ ૯૦-૧૦૦
ખસ-ખસ ૩૫૦-૫૮૦
સીંગદાણા ૬૫-૮૦
શાકભાજી(૨૦ કિલોના ભાવ)
દુધી ૧૨૦-૧૬૦
સુકી ડુંગળી ૪૪૦-૫૦૦
લસણ ૩૦૦-૫૦૦
ધાણા ૨૦૦-૨૪૦
મરચાં ૪૦૦-૫૦૦
લીંબુ ૩૦૦-૫૦૦
અડવી પત્તા ૨૦૦-૩૦૦
આદુ ૬૦૦-૭૦૦
રીંગણ ૨૪૦-૩૦૦
ટામેટા ૧૦૦-૧૨૦
ભીંડા ૮૦૦-૯૦૦
કોબી ૧૨૦-૧૪૦
વટાણા ૪૦૦-૫૦૦
ટીંડસા ૫૦૦-૬૦૦
ગવાર ૮૦૦-૧૦૦૦
બાદશાહ બટાકા ૧૪૦-૨૦૦
સાંગા બટાકા ૧૨૦- ૧૮૦
તુવેર ૬૦૦-૭૦૦

પ્રભુજી

પ્રભુજી તુમને હમકો બનાયા હૈ
હમ હૈ પ્યારે તેરે સંતાન
સુરજ હો તુમ, ચંદ્ર હો તુમ
આકાશ હો તુમ તારા હો તુમ
પર્વત હો તુમ, નદીયાં હો તુમ
પ્રભુજી તુમને હમકો બનાયા હૈ
ધરતી હો તુમ, સમંદર હો તુમ
બ્રહ્માંડ હો તુમ, સંસાર હો તુમ
પ્રભુજી તુમને હમકો બનાયા હૈ
સંધ્યા હો તુમ, સુબહ હો તુમ
ફુલોં હો તુમ, સુગંધ હો તુમ
પ્રભુજી તુમને હમ કો બનાયા હૈ
હમ તેરે હૈ, સચ્ચે બચ્ચે,
વંદન કરતે હૈ હમ તુજે નમ કે
પ્રભુજી તુમને હમકો બનાયા હૈ

બી.જે. હડીયલ

અલગ હતી

ઠંડીની આ ગુલાબી મોસમમાં
કુદરતની પ્રકૃતી કંઈક અલગ હતી
કયાંક ચીંચી કરતી ચકલીઓનો અવાજ
તો કયાંક પાયલનો ઝણકાર હતો
કોઈ કહે છે રામ તો કોઈ કહે છે રહીમ
ભગવાનના એ દરબારમાં સૌ કોઈની પોકાર હતી

સલીમભાઈ કુંભાર (ભીલડી)

ગઝલ

સાંજ ઢળે ને શમણાં જાગે
આજ મળે ને કાલ ભાગે
ભુલવા છે ઘણા ભુલાતા નથી
તારા વિચારમાં દિ જણાતા નથી
વરસી ગઈ હેલી વરસાદમાં
વાટ જોઈ તારી ન આવી પેલી
મારા ઉપર અહેસાન અગણીત છે
હું ને તું ય બે કેમ ખોવાયાં ગણીતમાં ?

ડૉ.બી.પાટણવાડીયા (અમદાવાદ)

જફા યાદ આવી

એક દિ અચાનક જફા યાદ આવી,
નગણ્ય હતી છતાં વફા યાદ આવી
આંખ ફાડી ઉભા સામે દંડીને કાજી
યાદ આવ્યાં તે પળ મામાને માજી
કરડા કંઠે ડારે ને કહું હું નાજી
સુણી વાત અને સૌ દુશ્મનો રાજી !
સાથમાં સુખી થતો એઠી ખાતો ભાજી
ગીદડ થયો તું તો કાં ખુબ રાજી !
ફટરે કમજાત હું હસતો થૈ હાવી,
સાંભળી દુઃખ એક ઉંદરડી આવી
દાંત તડાવીને તાંતણ સૌ તોડી
માલીક માફ કરજો પડી મોડી !
જફાથી છોડાવતી એ વફા યાદ આવી
દિ એક અચાનક જફા યાદ આવી

મશરૂ પ્રજાપતી

બાનો જવાબ

ચોમાસાની ઋતુ આવે, ઝરમર ઝરતું પાણી
આખી દુનિયા દેખી બોલે આવો વર્ષારાણી
આવળ બાવળ કાંટા વચ્ચે ફુટે ફુલડાં લાખ
પંખીનાં ટોળાઓ દેખી બોલે રહેજોપાસ
દાદાનો ડંગોરો ચાલી ખેતરે ખોળે જાતો
આંટો દઈને ચારે બાજુ વળતાં ગીતો ગાતો !
બાળક પુછે બાને ઘરમાં કોની આ બલીહારી ?
કોણ ચઢાવે જળ ને ઉંચે, કોણ વહાવે દાડી ?
બાનો મીઠો જવાબ હળવો રાધા કૃષ્ણ જ બોલે
જીવમાં નવો જીવ પરોવી, એની વાતો ખોલે !

મંગળ રાવળ સ્નેહાતુર

ભ્રષ્ટાચાર

જયાં જાવ ત્યાં લાંચ આપે થોડા પૈસા તો
થાય ઓળખાણને કામ ઓફીસ જાવ
બજાર જાવ જયાં જાવ ત્યાં લાંચ મંદીર ગૌશાળા કે મંડળ
દવાખાના કે શાળા બધે જ ચાલે છે ભ્રષ્ટાચાર
બેંક હોય કે પંચાયત બધે લાંચ ચાલે બધે
પૈસાની બોલબાલા, ભાઈઓ શિક્ષણ વિજ્ઞાનયુગમાં
વધ્યો ભ્રષ્ટાચાર ઘણો ગરીબ મધ્યમ વર્ગનુંથાય છે
જાહેરમાં શોષણ ભાઈ વધ્યો બધે ભ્રષ્ટાચાર ભાઈ

સંકલન : બાબુભાઈ પી.ઠાકોર
(બીયોક)

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

નામ :હેતાર્થ માતા:વસંતીબેન પિતા :રાકેશભાઈ બદાણી
જ.તા.: ૧૦-૨-૨૦૧૭ વર્ષ :૧ મુ.ભાભર જી.બ.કાં.

'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

નામ :....................... પતિ/પિતા :.......................
માતા : ....જ.તા. ....ઉ.વ.
પરિચય: ....
સરનામુ : ....
મોકલનારની સહી : ....